પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૪-૨-૨૦૨૫, મંગળવાર

વર્ષઃ ૧૩, અંક : ૨૭૭

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia



**સુવિચાર**

સ્વીકારવું જ પડે એવું કડવું સત્ય અમાપ પ્રસિધ્ધિ અને અપાર સંપત્તિ હોવા છતાં રોગ, ઘડપણ અને મૃત્યુને જીતી શકાતા નથી...

**ન હોય...! ભાઈઓ તો ઠીક ૨૦ વર્ષમાં મહિલાઓમાં ‘મુખ-કેન્સર’નું પ્રમાણ ૧૪૮% વધ્યું**

(વાંચો છેલ્લા પાને)

# સમાન નાગરિક ધારાની અમલવારી માટે ગુજરાત સજ્જ



## યુનિફોર્મ સિવિલ કોડની અમલવારી માટે પૂર્વ ન્યાયાધીશની અધ્યક્ષતામાં સમિતિની રચના કરાશેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી કરશે સતાવાર જાહેરાત



**અબતક, રાજકોટ**

ઉત્તરાખંડ બાદ ભાજપ શાસિત ગુજરાત દેશનું બીજુ એવું રાજય બનશે જે સમાન નાગરિકત્વ ધારાની અમલવારી કરશે યુસીસીની અમલવારી માટે સરકારે તમામ તૈયારીઓ કરી લીધી છે. કાયદાની અમલવારી કરવા માટે પૂર્વ ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવશે આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

રાજયમાં યુસીસીની અમલવારી કયારથી અને કેવી રીતે કરવી તે અંગે વિસ્તૃત અભ્યાસ કરવા માટે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિ દ્વારા રાજયમાં અલગ અલગ વિસ્તારોમાં જઈ યુસીસી અંગે લોકોના પ્રતિભાવો મેળવવામાં આવશે. નિયત કરાયેલી સમય અવધીમાં સમિતિ દ્વારા રાજય સરકારમાં રિપોર્ટ સબમીટ કરવામાં આવશે. જેના આધારે રાજય સરકાર દ્વારા યુસીસીની અમલવારી અંગે નિર્ણય લેવામાં આવશે.

ગુજરાતમાં આગામી ૧૬મી ફેબ્રુઆરીના રોજ સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજાવાની છે. તે પૂર્વે રાજય સરકાર દ્વારા આજે બપોરે યુસીસીના કાયદા અંગે મહત્વની જાહેરાત કરવામાં આવશે.

ગુજરાતમાં આગામી ૧૬મી ફેબુઆરીના રોજ મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્વે આજે ગુજરાત સરકાર દ્વારા કોઈ મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે. બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી એક સંયુકત પત્રકાર પરિષદમાં ગૃહ વિભાગને લગતી કોઈ મહત્વની જાહેરાત કરવામાં આવશે.

આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજય મંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા સંયુકત પત્રકાર પરિષદ બોલવવામાં આવી છે.જેમાં ગૃહ વિભાગને લગતી કોઈ મોટી જાહેરાત કરવામાં આવે તેવી શકયતા છે. ઉત્તરાખંડમાં ગત ૧ ફેબ્રુઆરીથી યુસીસી કાયદાની અમલવારી કરી દેવામાં આવી છે. દરમિયાન ગુજરાતમાં પણ યુસીસીની

(અનુ. આઠમા પાને)

## પાલિકા - પંચાયતની ચૂંટણીના ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ

# ભાજપ જબરો ખેલ પાડવાના મુડમાં: કોંગ્રેસની ‘ઉમેદવાર’ બચાવો રણનીતિ

**જે ઉમેદવારોના ફોર્મ માન્ય થયા છે તેઓને કોંગ્રેસ અજ્ઞાત સ્થળે લઈ ગયું**

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી ૧૬મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી સ્થાનીક સ્વરાજયની ચુંટણીમાં આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે બપોર સુધીમાં ભાજપ જબ્બરો ખેલ પાડવાના મુડમાં છે. મોટા નેતાઓને ઓપરેશન ફોર્મ પરત ખેંચાવો માટે કામે લગાવી દેવામાં આવ્યા છે. સામા પક્ષે કોંગ્રેસ હાલ એલર્ટ થઈ ગયું છે. મોટા કડાકા-ભડાકાથી શકયતા નકારી શકાતી નથી.

## જૂનાગઢ મહાપાલિકાની બે વોર્ડની આઠ બેઠકો પર ભાજપના ઉમેદવાર બિનહરીફઃ બાંટવા પાલિકામાં ભાજપ મતદાન પહેલા ૧૦ બેઠકો જીતી ગયું, માંગરોળ પાલિકામાં ચાર અને ઉપલેટામાં બે બેઠકો પર કમળ ખિલ્યું

જુનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપના ચુંટણી પ્રભારી કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા અને જુનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્માએ ગઈકાલે રુબરુ ઓપરેશન પાર પાડયું હતું. વોર્ડ નં.૩ ના કોંગ્રેસના ચારેય ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર શરીફાબેન કુરેશી,સહેનાજબેન કુરેશી, અબ્બાસભાઈ કુરેશી અને હસમુખભાઈ મકવાણા જયારે વોર્ડ નં. ૧૪ માં કોંગ્રેસના ચારેય ઉમેદવારો હટી જતા ભાજપના જમકુબેન છાયા અધિશકિતબેન મજમુદાર, બાલુભાઈ રાડા અને કલ્પેશભાઈ અજવાણી બીન હરીફ ચુંટાયા હતા.

આ ઉપરાંત બાંટવા નગરપાલિકાના ૬ વોર્ડની કુલ ૨૪ બેઠકો માટે ૫૧ ઉમેદવારો મેદાનમાં છે. ગઈકાલે વોર્ડ નં.૨ માં ભાજપના ત્રણ ઉમેદવાર, વોર્ડ નં.૩ માં ભાજપના ચાર ઉમેદવાર અને વોર્ડ નં.૪ માં ભાજપના ત્રણ ઉમેદવાર બિન હરીફ જાહેર કરવામાં આવ્યા છે. કમળના પ્રતિક પરથી ચુંટણી લડી રહેલા ગીતાબેન રમણીકભાઈ મકવાણા, નિર્મળાબેન તુલસીપરી ગોસ્વામી, કનુભાઈ રામદેવભાઈ સોલંકી, કુસુમબેન કિરીટભાઈ રાઠોડ, રસીલાબેન ગોવિંદભાઈ પરમાર, હીરીબેન જીવાભાઈ કોડિયાતર, ધીરજલાલ

(અનુ. આઠમા પાને)

## ભાજપ ડરાવી-ધમકાવી કોંગ્રેસના ઉમેદવારોને ફોર્મ પાછા ખેંચાવતું હોવાનો આક્ષેપ

### કોંગ્રેસના ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલના આક્ષેપથી ખળભળાટ

રાજયમાં ૬૮ નગરપાલિકાઓ, ત્રણ તાલુકા પંચાયતો અને જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી સહિત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીના ઉમેદવારી પત્રોની ચકાસણી સમયે ભાજપાએ વિવિધ સ્થળો પર કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ડરાવવા, ધમકાવવા અને પોલીસતંત્ર-વહીવટંત્રના જોરે કોંગ્રેસના ઉમેદવારી પત્રો યેન-કેન પ્રકારે રદ કરવાના માનસિકતા હોવાનો આરોપ મુક્તા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલે જણાવ્યું હતું. ગુજરાતમાં મુક્ત અને પારદર્શક રીતે ચૂંટણી યોજવાની જવાબદારી રાજ્ય ચૂંટણી પંચની છે. ગુજરાતમાં

(અનુ. આઠમા પાને)

## ઉપલેટા પાલિકામાં પણ કોંગ્રેસના પંજાની બે આંગણીઓ કપાય

### ભાજપના ઉમેદવાર દિવ્યાબેન સુવા અને લાખીબેન નંદાણીયા બીનહરિફઃ હજી વધુ વિકેટ ખડવાની સંભાવના

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

આગામી ૧૬મીએ યોજનાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં શિયાળામાં પણ ગરમાવો લાવી દીધો છે. કોંગ્રેસે માંડ માંડ શોધેલા ઉમેદવારો ટપો ટપ ખડવા લાગતા ભાજપ ગેલમાં આવી ગયું છે. પાલિકાની બે બેઠકો બીન હરીફ થઈ છે. હજી વધુ કડાકા ભડાકા ભાજપ કરવાના મુડમાં છે.



ભારતીય જનતા પાર્ટી દ્વારા ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે એડી ચોટીનું જોર લગાવી વોર્ડ નં.૩ ના બક્ષીપંચ મહિલા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિયતિ મારડીયા ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના મહિલા ઉમેદવાર દિવ્યા સુવા બીનહરીફ વિજેતા થયા હતા. જયારે વોર્ડ નં.૬ ના કોંગ્રેસના મહિલા ઉમેદવાર પ્રવિણા નંદાણીયાએ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના

(અનુ. આઠમા પાને)

## શું રિઝર્વ બેન્ક રૂપિયાનું ધોવાણ અટકાવવા ડોલર બજારમાં ઠાલવશે?

# અમેરિકાના વેપાર યુધ્ધમાં રૂપીયો તળિયેઃ ૮૭.૨૮એ પહોંચ્યો, વધુ તૂટે તેવા અણસાર

### રિઝર્વ બેન્કએ જાહેર ક્ષેત્રની બેંકો મારફત હસ્તક્ષેપ ન કર્યો હોત, તો રૂપિયો વધુ ગગડયો હોતઃ માત્ર રૂપિયો નહિ બીજા અનેક ચલણમાં પણ ઘટાડો

**અબતક, મુંબઈ**

સોમવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મુખ્ય વેપારી ભાગીદારો પાસેથી આયાત પર ટેરિફની જાહેરાત કર્યા પછી રૂપિયો ૮૭.૨૮ ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો, જેનાથી વેપાર યુદ્ધની આશંકા વધી ગઈ. તે તેના પાછલા બંધ કરતા ૫૮ પૈસા ઘટીને રૂ. ૮૭.૧૯ પર બંધ થયો, જે બે અઠવાડિયામાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો હતો.

જો રિઝર્વ બેન્કએ જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા હસ્તક્ષેપ ન કર્યો હોત, તો રૂપિયો વધુ નબળો પડી શક્યો હોત. કેટલાક ડીલરો અનુમાન કરે છે કે રિઝર્વ બેન્ક રૂપિયાને અન્ય એશિયન ચલણો સાથે સુસંગત રહેવાની મંજૂરી આપી રહ્યું



છે. મેકિસકન પેસો ૨% થી વધુ ઘટતાં એશિયન ચલણો ગગડી ગયા, જે લગભગ ત્રણ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો. આ અઠવાડિયે ચલણ બજારના વલણો પર યુએસ ટેરિફનું પ્રભુત્વ રહેવાની અપેક્ષા છે. વિશ્લેષકો ડોલર મજબૂત થવાને કારણે રૂપિયા માટે નકારાત્મક પક્ષપાત જુએ છે, જે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટી વેચાણને કારણે વધુ ખરાબ થયું છે.

(અનુ. આઠમા પાને)

## અમેરિકા સાથેનું કેનેડાનું વેપાર યુદ્ધ જામ્યુંઃ એલન મસ્કની સ્ટારલિંક સાથેના ૧૦૦ મિલિયન ડોલરના કરાર રદ કરાશે

અમેરિકા અને કેનેડા વચ્ચેનો વેપાર યુદ્ધ એક નવા સ્તરે પહોંચતો હોય તેવું લાગે છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો વિરોધ કરતા, પીએમ ટ્રુડોએ અમેરિકન માલ પર ટેરિફની જાહેરાત કરી હતી. આ પછી, હવે કેનેડાના સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય ઓન્ટારિયોએ પણ અમેરિકાને ઝટકો આપ્યો છે. ઓન્ટારિયોએ યુએસ કંપનીઓને સરકારી ટેન્ડરોમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો છે અને ટ્રમ્પના સાથી એલોન મસ્કના સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રદાતા સ્ટારલિંક સાથેનો તેનો ૧૦૦ મિલિયન ડોલરનો સોદો પણ રદ કર્યો છે. ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે કહ્યું કે ઓન્ટારિયો એવી કોઈપણ શક્તિ સાથે વ્યવસાય

(અનુ. આઠમા પાને)

## બજેટ-૨૦૨૫ઃ કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઈલેક્ટ્રોનિક્સની બોલબાલા વધશે

### મધ્યમવર્ગને આવકવેરામાં મોટી રાહત મળતા હવે ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સિસ અને ટુ-વ્હીલર બનાવતી કંપનીઓને તેજીની આશા

**અબતક, નવી દિલ્હી**

બજેટમાં આવકવેરામાં રાહત મળ્યા બાદ હવે ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સિસ અને ટુ-વ્હીલર જેવા ઉત્પાદકો માંગમાં વધારો થવાની આશા સેવી રહ્યા છે. આ કંપનીઓ ઉત્પાદન વધારવા અથવા ક્ષમતા ઉપયોગ વધારવાની યોજના બનાવી રહી છે.

છેલ્લા ૩-૪ વર્ષથી મોટા પાયે ઉત્પાદનોની માંગ ઘટી રહી છે કારણ કે ગ્રાહકો ફુગાવાના દબાણનો સામનો કરી રહ્યા છે, જેના કારણે મોટાભાગની કંપનીઓને ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી રહી છે. કેટલાકે તો એન્ટ્રી-લેવલના માલનું ઉત્પાદન બંધ કરી દીધું, તેના બદલે પ્રીમિયમ ઉત્પાદનોનું ઉત્પાદન વધાર્યું, જેની રોગચાળા પછી માંગ વધુ વધી ગઈ. “કર લાભોમાંથી બચત થવાથી ગ્રાહકોના હાથમાં રોકડ વધશે, જે મોટી સંખ્યામાં ઉપકરણો, ૧૨,૦૦૦ રૂપિયા સુધીની કિંમતના સ્માર્ટફોન અને ૩૨,૦૦૦ થી વધુ કિંમતના ફોન ખરીદવામાં મદદ કરશે,“

ડિકસન ટેકનોલોજીસના

(અનુ. આઠમા પાને)

## અમેરિકન મિલિટરી વિમાન મારફત ગેરકાયદે રહેતા ભારતીયોની ઘરવાપસીઃ ૫૦૦૦ ભારતીયોને દેશ નિકાલ કરાશે

### અલ પાસો, ટેક્સાસ અને સાન ડિએગો, કેલિફોર્નિયાથી પણ સેનાના વિમાન ગેરકાયદે રહેતા ભારતીયોને લઈને ઉડાન ભરશે

**અબતક, નવી દિલ્હી**

ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, હવે અમેરિકાએ પણ ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોને દેશનિકાલ કરવાનું શરૂ કરી દીધું છે. અહેવાલો અનુસાર, ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને અમેરિકન સેનાનું એક સી-૧૭ વિમાન ભારત માટે રવાના થયું છે. અત્યાર સુધી, દક્ષિણ અમેરિકન દેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકા દ્વારા દેશનિકાલ કરવામાં આવતા હતા, પરંતુ હવે ભારતના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે પણ કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ, પેન્ટાગોને કહ્યું છે કે લશ્કરી વિમાનો ટૂંક સમયમાં અલ પાસો, ટેકસાસ અને સાન ડિએગો, કેલિફોર્નિયાથી ઉડાન ભરશે, જેમાં ૫,૦૦૦ થી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ આવશે. રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા પછી તરત જ,

(અનુ. આઠમા પાને)

## આજે વિશ્વ કેન્સર દિવસ

# ગુજરાતમા કેન્સરની સારવાર માટે અન્ય રાજયોમાંથી પણ આવે છે દર્દીઓ

## ગુજરાતમાં પીએમજેએવાય-માઁ યોજના વરદાનસ્વરૂપ, છેલ્લા છ વર્ષોમાં બે લાખથી વધુ કેન્સરના દર્દીઓને મળી નિઃશુલ્ક સારવાર

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગ માટે એક વરદાન સાબિત થઈ રહી છે. દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ ઉજવાતા કેન્સર દિવસના ઉપલક્ષ્યમાં આપણે એ જાણવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ કે કેવી રીતે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્સર જેવા ગંભીર રોગની સારવાર અને નિદાનમાં દર્દીઓ માટે એક સંજીવની બનીને ઉભરી છે. નોંધપાત્ર છે કે વિશ્વ કેન્સર દિવસ, લોકોમાં કેન્સર વિશે જાગરૂકતા, તેની સારવાર, અટકાયત અને નિદાનના મહત્વને ઉજાગર કરવા માટે સમર્પિત છે. સાથે જ, આ દિવસ વૈશ્વિક સ્તર પર કેન્સરથી પ્રભાવિત લોકોનો અવાજ ઉઠાવવા અને સસ્તી, સુલભ સ્વાસ્થ્ય સેવાઓની જરૂરિયાતને પણ દર્શાવે છે. આ વર્ષે આ દિવસને 'યુનાઈટેડ બાય યુનિક' થીમ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

વિશ્વ કેન્સર દિવસના પ્રસંગે ગુજરાતમાં કેન્સરના દર્દીઓને મળી રહેલી સારવાર અને નિદાન વિશે વાત કરીએ તો પીએમજેએવાય-માઁ અંતર્ગત છેલ્લા ૬ વર્ષોમાં ગુજરાતમાં ૨ લાખથી વધુ કેન્સરના દર્દીઓને નિઃશુલ્ક સારવારની સુવિધા મળી છે. આ દર્દીઓના ઈલાજ માટે રાજ્ય સરકારે છેલ્લા ૬ વર્ષમાં રૂ. ૨,૮૫૫ કરોડથી વધુની રકમની પૂર્વ મંજૂરી આપી છે.

ગુજરાત સરકાર અને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંયુક્ત રીતે સંચાલિત ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ રાજ્યમાં કેન્સરની સારવાર અને સંભાળમાં મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી છે. આધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ આ સંસ્થા કેન્સરના દર્દીઓની સારવાર માટે સમર્પિત છે. કેન્સરના દર્દીઓને સારવાર આપવા સંદર્ભે જીસીઆરઆઈના મહત્વને આંકડાથી સમજીએ તો વર્ષ ૨૦૨૪માં, જીસીઆરઆઈએ કેન્સરના ૨૫,૯૫૬ કેસોમાં સારવાર પૂરી પાડી છે. જેમાં ગુજરાતમાંથી ૧૭,૧૦૭ કેસ, અન્ય રાજ્યોના ૮,૮૪૩ (ખાસ કરીને મધ્યપ્રદેશથી ૪૩૩૧, રાજસ્થાનથી ૨૭૨૬ અને ઉત્તરપ્રદેશથી ૧૦૪૩, બાકીના અન્ય રાજ્યોના) અને ૬ કેન્સરના કેસ આંતરરાષ્ટ્રીય કેસ છે. આ આંકડા કેન્સરની વિશેષ સંભાળમાં જીસીઆરઆઈની વિશ્વસનીયતા દર્શાવે છે.

આટલું જ નહિ, કેન્સરના દર્દીઓની સારવાર સિવાય જીસીઆરઆઈ કેન્સર જાગરૂકતા અભિયાન પણ ચલાવે છે. વર્ષ ૨૦૨૪માં જીસીઆરઆઈએ ૭૮ કેન્સર સ્ક્રિનિંગ કેમ્પ આયોજિત કર્યા હતા, જેનો લાભ ૭૭૦૦ લોકોએ મેળવ્યો હતો. આવી જ રીતે, ૨૨ જાગરૂકતા લેક્ચર્સ પણ આયોજિત કર્યા, જેનો લાભ ૪૫૫૦ લોકોએ મેળવ્યો હતો. જીસીઆરઆઈએ ૪૧ રક્તદાન શિબિરોનું પણ આયોજન કર્યું હતું.

ગુજરાત સરકારે રાજ્યમાં કેન્સરના દર્દીઓની સારવાર અને નિદાન પ્રત્યે સંવેદનશીલ પ્રતિભાવ આપવાના ભાગરૂપે કેન્સરની સારવારના વિકેન્દ્રીકરણ માટે અગ્રણી અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવેલી એક પરિવર્તનકારી પહેલ હેઠળ, રાજ્યના તમામ જિલ્લાઓમાં ૩૫ ડે કેર કીમોથેરાપી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્રો જિલ્લા હોસ્પિટલોમાં જરૂરી કીમોથેરાપી સારવાર પૂરી પાડે છે.

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તેમજ સિદ્ધપુર, રાજકોટ અને ભાવનગર ખાતેના તેમના અન્ય ૩ સેટેલાઈટ કેન્દ્રોના સહયોગથી જિલ્લા હોસ્પિટલોમાં સ્થિત ડે કેર કીમોથેરાપી કેન્દ્રો જરૂરી સારવાર સેવાઓ, ટેલિ-કન્સલ્ટન્સી સેવાઓ અને જરૂરી દવાઓ પૂરી પાડે છે. આંકડાઓની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૪ સુધીમાં, આ તમામ ડે કેર કીમોથેરાપી કેન્દ્રો પર ૭૧,૦૦૦થી વધુ દર્દીઓએ ૨ લાખ ૩ હજારથી વધુ કીમોથેરાપી સેશન્સ લીધા છે. રાજ્ય સરકારની આ પહેલથી કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારજનોનો સમય અને ખર્ચ બંનેની બચત થઈ છે.

### કેન્સર સામેની લડાઈમાં ગુજરાત સરકારની મજબૂત પ્રતિબદ્ધતા

કેન્સરની સંભાળ, સારવાર અને નિદાન માટેના ગુજરાત સરકારના સશક્ત પ્રયાસો પ્રશંસનીય છે. રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું પ્રભાવી અમલીકરણ તેમજ ડે કેર કીમોથેરાપી કેન્દ્રોની સ્થાપનાથી તમામ જિલ્લાઓમાં કીમોથેરાપી સેશન્સની સુવિધા ઉપલબ્ધ કરાવી છે અને જીસીઆરઆઈ દ્વારા કેન્સરના દર્દીઓને વધુ સારી સારવાર અને નિદાનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. રાજ્ય સરકારના આ પ્રયાસોથી દર્દીઓને વિશ્વસ્તરીય સારવાર સુવિધા મળવાની સાથે વિશ્વ કેન્સર દિવસના ઉદ્દેશો પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ દેખાય છે.

---

### ગર્ભગૃહમાં આંબાના વૃક્ષનું રોપણ હવે,
# દ્વારકાધીશને ફાગણના ફૂલડોલ ઉત્સવ સુધી અબિલ-ગુલાલનો રંગ લગાવાશે


**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



વસંત પંચમી ઉત્સવ નિમિત્તે દ્વારકાધીશ જગતમંદિરમાં બપોરે દોઢ થી અઢી વાગ્યા સુધી ખૂલ્લું રખાયું હતું. વર્ષમાં એકમાત્ર વસંત પંચમી ઉત્સવ નિમિત્તે મધ્યાહન સમયે દ્વારકાધીશના દર્શન ભાવિકો માટે એક કલાક ખુલ્લાં રખાય છે. આ સાથે વસંત પંચમીના ઉત્સવના દિવસે ભગવાન દ્વારકાધીશજીને મંદિરના ગર્ભગૃહમાં પૂજારી પરિવાર દ્વારા આંબાના વૃક્ષ રોપવામાં આવ્યું હતું. વસંત પંચમીના દિવસે વસંત ઋતુનું આગમન થાય છે, જેથી દ્વારકાધીશજીને શૃંગાર આરતી તેમજ સંધ્યા આરતી સમયે ફુલદોલ ઉત્સવ સુધી ગાલના ભાગમાં પૂજારી દ્વારા અબીલ ગુલાલથી શ્રીજીને ખેલાવામાં આવશે. વસંત ઋતુથી લઈ ફાગણ હોળાષ્ટક સુધી ભગવાન દ્વારકાધીશને અબીલ ગુલાલથી પૂજારી પરિવાર દ્વારા ખેલાવતા હોય છે. વસંત પંચમી ઉત્સવ નિમિત્તે ભગવાન દ્વારકાધીશને ધાણી દાળિયા ખજૂરનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ સાથે બપોરે ૧:૩૦ કલાકે પૂજારી પરિવાર દ્વારા શ્રીજીને વિશેષ શૃંગાર સાથે આરતી કરવામાં આવી હતી. ઉત્સવ દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

---

### વસંત પંચમી નિમિતે
## દ્વારકાધીશને સફેદવસ્ત્રો સાથે હિરાજડીત આભૂષણનો દિવ્ય શણગાર



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

જગવિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે ગઈકાલે વસંત પંચમી ઉત્સવ પૂજારી પરિવાર અને ભાવિકો ધામધૂમપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. વસંત પંચમી ઉત્સવ નિમિત્તે કાળિયા ઠાકોરને વારાદાર પૂજારી દ્વારા શ્વેત વાઘા સાથે સોના-ચાંદી-હિરાજડિત વસ્ત્રાલંકારનો અલૌકિક શૃંગાર કરાયો હતો.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૨-૨૦૨૫ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (લોચા લાપસી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાલ કાલબેલિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (આર યુ ઓકે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (નમી ગયા એ ગમી ગયા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ


**તારીખ ૦૫-૦૨-૨૦૨૫ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

# દ્વારકાધીશ મંદિર નજીક પ્રતિબંધીત ડ્રોન કેમેરો ઉડ્યો
## મુંબઈના યુટ્યુબરને રંગે હાથે ઝડપી લેતી પોલીસ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિર નજીક આજરોજ વહેલી સવારે મંદિર આસપાસ પ્રતિબંધીત ડ્રોન કેમેરો ઉડતો દેખાતા જે અંગેની જાણ પોલીસને થતાં ફરજ પરના જવાનોએ દ્વારકાના છપ્પન સીડી નજીક આવેલ પૌરાણિક સ્થાનથી મુંબઈના યુટચુબર દ્વારા ઉડાવવામાં આવેલ ડ્રોન કેમેરા સહિતના મુદ્દામાલ સાથે રંગે હાથે ઝડપી લીધો હતો. દ્વારકા પોલીસે યુટ્યુબરને પોલીસ સ્ટેશને લઈ જઈ ધોરણસરની કામગીરી હાથ ધરી હતી.

સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર આ યુટ્યુબરે આશરે ચારથી પાંચ મિનિટ જેટલું ડ્રોન કેમેરાથી શુટીંગ કરવામાં આવેલ. જે અંગે દ્વારકા પોલીસ દ્વારા નિયમાનુસારની કામગીરી કરવામાં આવી છે.

---

# દ્વારકા: અર્બન હેલ્થ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ અપીલ કરાઈ

**અબતક
મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાના અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર્સની ટીમ દ્વારા ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન અંતર્ગત દ્વારકાના અમૃતબા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ તેમજ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતામાં ઈનામ વિતરણ કરી વ્યસનમુક્તિ સમાજ માટે અપીલ કરવામાં આવી હતી.

---

# અબતક પંચાગ

**તા.૫-૨-૨૦૨૫ બુધવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ |
| **તિથી** | મહા શુદ આઠમ દુર્ગાષ્ટમી |
| **નક્ષત્ર** | ભરણી |
| **યોગ** | શુકલ **કરણઃ** વિષ્ટિ |
| **સુર્યોદય** | ૭.૨૪ **સુર્યાસ્તઃ** ૬.૩૮ |
| **ચંદ્ર રાશી** | મેષ બુધવારે રાત્રે ૨.૧૮થી વૃષભ |
| **રાશિ અક્ષર** | અ.લ.ઈ/બ.વ.ઉ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૦૪ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૨૦૦ | ૧૭૦ | ૨૮૦ |
| ડુંગળી સુકી | ૬૭૦૦ | ૧૩૦ | ૪૦૦ |
| ટમેટા | ૧૬૮૦ | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૧૦૨ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૭૭૮ | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૮૫ | ૩૫૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦૮ | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૯૦૦ | ૪૦ | ૬૦ |
| ફલાવર | ૫૯૦ | ૧૦૦ | ૧૬૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૨૪૦ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૨૦૮ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોળા | ૧૮૦ | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૫૦૬ | ૧૬૦ | ૨૪૦ |
| કારેલા | ૨૫૪ | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૪૮ | ૩૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૨૨૮ | ૫૦૦ | ૬૦૦ |
| પરવર | ૩૦ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કાકડી | ૪૪૪ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૫૦ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૨૨ | ૫૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૨૯૫ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૭૫ | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૫૫ | ૧૬૦ | ૩૦૦ |
| મેથી | ૪૮૫ | ૧૦૦ | ૨૫૦ |
| વાલ | ૨૦૬ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૭૯ | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૩૦૨ | ૮૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૪૫૫ | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૩૭૦ | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૫૦ | ૫૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૧૩૮ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ લીલી | ૩૫૮ | ૨૦૦ | ૩૪૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૦૫૧ | ૧૩૧૧ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૬૦ | ૫૭૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૬૦૧ | ૬૩૯ |
| જુવાર સફેદ | ૧૧૦ | ૮૦૦ | ૧૦૫૦ |
| જુવાર લાલ | ૧૫ | ૯૫૦ | ૧૧૦૦ |
| જુવાર પીળી | ૩૫ | ૪૦૦ | ૫૪૫ |
| બાજરી | ૧૨ | ૪૩૦ | ૪૫૮ |
| તુવેર | ૩૦૦૦ | ૧૨૦૦ | ૧૪૯૮ |
| ચણા પીળા | ૫૭૫ | ૯૮૫ | ૧૧૫૫ |
| ચણા સફેદ | ૧૧૦ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૬૦ | ૧૦૦૦ | ૧૫૮૯ |
| મગ | ૨૨૫ | ૧૨૦૦ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૧૪૦ | ૮૦૦ | ૧૧૪૦ |
| ચોળી | ૬૦ | ૧૩૦૦ | ૨૫૨૬ |
| મઠ | ૨૦૦ | ૭૫૫ | ૧૧૯૯ |
| વટાણા | ૧૪ | ૩૪૭૫ | ૩૪૭૫ |
| કળથી | ૪૫ | ૮૫૦ | ૧૦૨૬ |
| મગફળી જાડી | ૦ | ૯૨૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૦ | ૯૫૦ | ૧૨૦૦ |
| અળશી | ૫ | ૧૦૧૮ | ૧૦૧૮ |
| તલી | ૪૮૦ | ૧૯૫૦ | ૨૧૦૨ |
| સુરજમુખી | ૩૦ | ૫૧૩ | ૫૧૩ |
| એરંડા | ૨૨૫ | ૧૧૦૦ | ૧૨૨૫ |
| અજમો | ૧૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| સુવા | ૫ | ૧૦૦૯ | ૧૦૨૫ |
| સોયાબીન | ૨૫૦ | ૭૭૦ | ૮૦૩ |
| સીંગફાડા | ૮૪૦ | ૧૦૨૫ | ૧૨૫૫ |
| કાળા તલ | ૮૫ | ૩૫૮૦ | ૫૮૦૦ |
| લસણ | ૪૫૦ | ૮૫૦ | ૧૬૧૦ |
| ધાણા | ૧૪૦ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| મરચા સુકા | ૪૦૦ | ૧૧૦૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૦૦ | ૧૨૦૦ | ૧૪૧૬ |
| વરીયાળી | ૮૦ | ૧૧૩૦ | ૧૫૩૦ |
| જીરૂ | ૫૪૦ | ૩૪૦૦ | ૪૦૦૦ |
| રાય | ૧૧૦ | ૧૧૦૦ | ૧૩૨૫ |
| મેથી | ૧૪૦ | ૮૮૦ | ૧૧૦૦ |
| રાયડો | ૮૦ | ૮૭૦ | ૧૧૧૧ |
| રજકાનું બી | ૩ | ૩૬૦૦ | ૪૧૪૦ |
| ગુવારનું બી | ૭૦ | ૯૯૬ | ૯૯૬ |

---

## સૂડોકુ -૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૧ | | | | | | |
| ૫ | | | | | | | | ૭ |
| | | | | | | ૮ | ૩ | |
| | | ૮ | | | | ૭ | ૨ | ૬ |
| ૭ | | | | ૨ | | | | |
| | | | | ૪ | ૧ | | | |
| ૨ | ૯ | | ૩ | | | | | |
| | | ૩ | | ૫ | | | | ૮ |
| | | | | | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.


### સૂડોકુ-૭૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૬ | ૧ | ૩ | ૨ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૬ | ૩ | ૪ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૧ | ૬ |

---

## આવતીકાલનું રાશિફળ

### તા.૫.૨.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, મહા સુદ આઠમ, ભરણી નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટિ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ)** : આવક જાવકનો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.

**મિથુન (ક,છ,ઘ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.

**કર્ક (ડ,હ)** : નોકરિયાતવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.

**સિંહ (મ,ટ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.

**કન્યા (પ,ઠ,ણ)** : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત)** : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.

**વૃશ્ચિક (ન,ય)** : તબિયતની કાળજી લેવી, જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.

**મકર (ખ,જ)** : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.

**કુંભ (ગ,સ,શ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .

**મીન (દ,ચ,ઝ,થ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

## મીન રાશિના જાતકો આવકમાં વૃદ્ધિ નોંધી શકે

મકરસંક્રાંતિથી સૂર્ય મહારાજ મકર રાશિમાં એક માસ માટે ચાલી રહ્યા છે. જ્યોતિષશાસ્ત્રમાં ગોચર ગ્રહોનું વિશેષ મહત્વ છે તેમાં પણ ગ્રહોના રાજા સૂર્ય મહારાજ જે સ્થાનમાં થી પસાર થાય છે તે સ્થાનને સક્રિય કરે છે માટે મેષ રાશિના મિત્રોને સૂર્ય દશમે આવતા આ માસમાં કાર્યક્ષેત્રે સારી કામગીરી કરાવે છે અને આ સમયમાં કેરીઅર આગળ વધારી શકાય છે તો વૃષભ રાશિને સૂર્ય નવમે આવે છે જે ભાગ્યોદયની તક અને ઉચ્ચ અભ્યાસ આપે છે જયારે મિથુનના જાતકોને આ માસ પરિવર્તન વાળો જણાય છે અને ક્યાંક પોતાની વાત ના માનવામાં આવતી હોય તેવો વસવસો પણ આપે છે તો કર્કના મિત્રોએ આ સમયમાં દામ્પત્યજીવનમાં અને ભાગીદારીમાં શાંતિથી આગળ વધવું પડે જયારે સિંહના મિત્રોએ રોગ ઋણ અને શત્રુ બાબતે કાળજી લેવી પડે તો કન્યા રાશિના મિત્રો લાઈમ લાઈટમાં આવતા જોવા મળે અને તેમના કાર્યની સરાહના થાય. તુલના મિત્રો ઘર પરિવાર અને વાહન સુખ માણી શકે છે. વૃશ્ચિક રાશિના મિત્રો તેમનું કૌશલ્ય બતાવી શકે અને ભાઈ ભાંડુ મિત્રો માટે કામ કરી શકે તો ધન રાશિના જાતકો આર્થિક આયોજન કરી શકે છે જયારે મકર રાશિના જાતકો તેમના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે છે જયારે કુંભ રાશિના મિત્રોને અચાનક ખર્ચ આવી જાય જયારે મીન રાશિના જાતકો આવકમાં વૃદ્ધિ નોંધી શકે અને જાહેરજીવનમાં આગળ વધતા જોવા મળે.

# ચલો મહાકુંભ ચલે

# રાજકોટથી પ્રયાગરાજ સુધી વોલ્વો બસ સેવાનો મંગલારંભ

## મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાએ બસને ઝંડી આપી: મુસાફરોને પુષ્પગુચ્છ અર્પણ કરીને યાત્રા આરામદાયક અને સફળ રહે તેવી શુભેચ્છા પાઠવી





**અબતક, રાજકોટ**

શ્રદ્ધાળુઓને ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાની સુવિધા આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા નવીન વોલ્વો બસ સેવા શરૂ કરવા આવી છે. આજે મેયર નયનાબેન પેઢડીયા તેમજ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા રાજકોટથી પ્રયાગરાજની ખાસ પેકેજ બસનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યા બાદ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

મેયર તથા ધારાસભ્યોએ મુસાફરોને પુષ્પગુચ્છ આપી અને મોઢું મીઠું કરાવીને યાત્રા આરામદાયક અને સફળ રહે, તેવી શુભેચ્છા પાઠવી હતી. આ તકે રાજકોટ એસ.ટી.ના વિભાગીય નિયામક જે. બી. કલોતરા અને વહીવટી અધિકારી ધવલભાઈ વાઘેલા સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. રાજકોટ-પ્રયાગરાજ-રાજકોટની મુસાફરી માટે કુલ ૬ બસ ફાળવવામાં આવી છે. રાજકોટથી દરરોજ એક બસ સવારે ૫ કલાકે ઉપડશે અને બીજે દિવસે સાંજે ૭ કલાકે પ્રયાગરાજ ખાતે પહોંચશે. એ પછીના દિવસે બપોરે ૧ કલાકે બસ પ્રયાગરાજથી નીકળશે અને બીજે દિવસે રાત્રે ૨ કલાકે બસ રાજકોટ પહોંચશે. પેકેજ બસના મુસાફરો માટે પ્રથમ અને ત્રીજી રાત્રે રહેવાની વ્યવસ્થા બારણ (મધ્યપ્રદેશ બોર્ડર) મુકામે કરવામાં આવી છે. યાત્રિકોએ પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. બસનું વ્યકિતદીઠ પેકેજ ભાડું રૂ. ૮,૮૦૦ છે. આ બસનું ઓનલાઈન બુકિંગ એસ.ટી. નિગમની વેબસાઈટ www.gsrtc.in પરથી કરી શકાશે.

### બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું : મહિપાલસિંહ ગોહિલ

અનેક ભક્તો ૧૪૪ વર્ષે યોજાતા મહાકુંભ મેળામાં જવા તત્પર છે. લાખો લોકોની ભીડના લીધે રહેવા-જમવાની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ત્યારે સરકારે મેળામાં આવવા-જવાની સગવડતા કરી આપી છે. રાજકોટથી પ્રથમ બસમાં મને માતા સાથે પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાનો મોકો મળ્યો છે. આ બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું. જેના બદલ અમે ગુજરાત સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

### સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે: શીતલબેન જોશી

મહાકુંભ મેળો શરુ થયો ત્યારથી તેનો લાભ લેવાની ખૂબ ઈચ્છા હતી. પરંતુ કઈ રીતે ત્યાં પહોંચવું, તેની ચિંતા હતી. તેવામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રયાગરાજ જવા સરસ મજાની બસ સેવા ફાળવતા હાશકારો થયો. જેથી હવે આ બસમાં પતિ શ્રી ચેતનભાઈ, દીકરી શ્રી જાનવીબેન અને સાસ કિરણબેન, એમ પરિજનો સાથે મહાકુંભ મેળામાં જઈ રહી છું, તે વાતનો આનંદ છે. ગુજરાત સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે, ખૂબ ખૂબ આભાર.

# દિવ્યાંગ ખેલાડીઓને સરપ્રાઈઝ આપતા મંત્રી હર્ષ સંઘવી: ઓચિંતા ગ્રાઉન્ડ પર પહોંચ્યા

## ખેલાડીઓને અપાતા નાસ્તા અને ભોજનની ગુણવત્તા ચકાસણી માટે રસોડાની પણ મુલાકાત લીધી



**અબતક, રાજકોટ**

દિવ્યાંગ ખેલાડીઓ માટે આયોજિત ખેલમહાકુંભના મેદાનમાં સુરતના રાંદેર ખાતે રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે દિવ્યાંગ ખેલાડીઓને આપવામાં આવતી સુવિધાઓ, ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને રસોડાની પણ મુલાકાત લીધી હતી. તેમણે દિવ્યાંગો સાથે આત્મીય સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા. રમત-ગમત મંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ એક એવો ખેલ મહોત્સવ છે, જેણે ગુજરાતના છેવાડાના ખેલાડીઓને તક આપીને એમની ખેલ પ્રતિભાને ઉજાગર કરવાની સાથે મર્યાદિત ક્ષમતાઓ ધરાવતા દિવ્યાંગ ખેલાડીઓને સ્પોર્ટ્સમાં આગળ વધવાની પણ સુવર્ણ તક આપી છે.

દિવ્યાંગ ખેલાડીઓને કુદરતે વિશેષ શક્તિઓ આપી છે, ત્યારે એમનું ખેલ કૌશલ્ય નિખરે અને તેમના પુરૂષાર્થ થકી તેઓ પરિવાર અને રાજ્યનું ગૌરવ વધારે તે માટે રાજ્ય સરકાર દિવ્યાંગ ખેલાડીઓને વિશેષ તાલીમ આપી રહી છે. એમ તેમણે ઉમેર્યું હતું.

# ઉપલેટાના પાટણવાવ રોડ પરના નવા બનેલા પુલ પર તંત્રની બેદરકારીના 'ઝાડવા'



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાથી પાટણવાવ જવા માટે હાડફોડી ગામ પાસે થોડાક વર્ષો પહેલા નવો બંધાયેલ પુલ ઉપર ઝાડ ઉગી જવાથી નબળો પડી રહ્યો હોય તેવું દેખાઈ રહ્યું છે. ઘણા સમયથી તંત્ર દ્વારા કોઈ સાફ સફાઈ નહી કરવાથી હાલ પુલની અંદર અને બહારની સાઈડમાં મોટા વૃક્ષો ઉગી નીકળતા તંત્રની બેદરકારીને કારણે પુલ નબળો પડી રહ્યો છે. ઉગી નીકળેલા ઝાડો નવા પુલની દિવાલમાં વચ્ચે ઉગી નીકળતા દિવાલોમાં તિરાડો પડવાની અને ઝાડના મુળીયા અંદર જતા રહે તો પુલ આવનારા દિવસોમાં જર્જરીત થવાની સંભાવના દેખાઈ રહી છે. તંત્રએ પુલ પરના ઝાડ દુર કરવા જોઈએ તેવી માંગ ઉઠી છે.

# અમરેલી ૪ નગરપાલિકા અને ૩ પંચાયતની પેટા ચૂંટણીમાં ૧૫ ફોર્મ અમાન્ય ઠર્યા

## ચલાલા પાલિકાના તમામ ૪૮ ફોર્મ માન્ય રહેતા ૨૬૬ ઉમેદવારો, આજે ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ, કેટલા ઉમેદવાર રહેશે મેદાનમાં

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામા ચાર નગરપાલિકાની સામાન્ય ચુંટણી અને ત્રણ પાલિકા અને ત્રણ પંચાયતની પેટા ચુંટણી માટે આજે ફોર્મ ચકાસણીના દિવસે ૧૫ ઉમેદવારના ફોર્મ અમાન્ય ઠર્યા હતા. જેને પગલે હવે ૨૬૬ ઉમેદવાર મેદાનમા બાકી છે.ત્યારે ચલાલા નગરપાલિકાના દરેક વોર્ડમા ૮-૮ ઉમેદવારોએ ફોર્મ ભરાયા હતા. અને ભાજપે ૨૪ ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી છે. જયારે કોંગ્રેસે ૨૦ અને આમ આદમી પાર્ટીએ ૪ ફોર્મ ભર્યા છે. આ સિવાય અન્ય એકપણ ફોર્મ ભરાયુ નથી. આજે આ તમામ ફોર્મ માન્ય રહેતા ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધો જંગ થશે. બીજી તરફ રાજુલા નગરપાલિકા માટે ૭, જાફરાબાદ નગરપાલિકામા ૧ તથા લાઠી નગરપાલિકામા ૧ ફોર્મ અમાન્ય ઠર્યુ હતુ.જયારે બાકીના ફોર્મ પેટા ચુંટણીમા અમાન્ય ઠર્યા હતા.આમ હવે ફોર્મ ચકાસણીના અંતે લાઠી નગરપાલિકામા ૬૬, જાફરાબાદ પાલિકામા ૫૬, રાજુલા પાલિકામા ૮૨ અને ચલાલા પાલિકામા ૪૮ ઉમેદવાર મેદાનમા બચ્યા છે.

જયારે નગરપાલિકાની પેટા ચુંટણીમા ૧૦ અને તાલુકા પંચાયતની પેટા ચુંટણીમા ૨ મળી કુલ ૨૬૬ ઉમેદવાર મેદાનમા છે. આજે ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ છે ત્યારે ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો જંગ લડશે તે ચિત્ર આજે સ્પષ્ટ થઈ જશે.

# પ્રયાગરાજ મહાકુંભમા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સેવા કેન્દ્રમા શ્રીશ્રી રવિશંકર મહારાજે પ્રવિણ તોગડીયા સાથે કર્યો પરામર્શ

## પ્રયાગરાજ મહાકુંભમાં હિન્દુ પરિષદના સેવા સમિયાણામાં હજારો ભાવીકોને અપાય છે અન વિશ્રામ સેવા



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

પ્રયાગરાજ મહાકુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા અન્નક્ષેત્ર સહિત સેવા કેન્દ્ર ધમધમાવાય રહ્યું છે. શ્રીશ્રી રવિશંકર મહારાજે સેવા કેન્દ્રની મુલાકાત લઈ પ્રવિણભાઈ તોગડીયા સાથે સેવા કેન્દ્રની કામગીરી અંગે પરામર્શ કરી સેવા કેન્દ્રની સરાહના કરી હતી.

પ્રયાગ મા ચાલી રહેલા મહાકુંભમા હાલ આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ભક્તોની વ્યવસ્થા માટે સેક્ટરો ઉભા કરવામાં આવ્યા છે જ્યા ભોજન, નહાવા રહેવાની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે અત્યાર સુધી મા લાખો લોકો આ સેક્ટર મા ભક્તો ભોજન પ્રસાદ લઈ ચૂક્યા છે લાખો લોકોને ધાબળા વિતરણ પણ કરવામાં આવ્યું છે ત્યારે આજે સંત શ્રી શ્રી રવિશંકર મહારાજ મહાકુંભ ખાતે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના સેક્ટર ઉપર પધાર્યા હતા અને સંસ્થાના સ્થાપક પ્રવીણ તોગડિયા ની મુલાકાત કરી તેઓની આ સેવાને બિરદાવી હતી સાથે સાથે દેવકીનંદન મહારાજ પણ પધારી આશીર્વાદ આપી સંસ્થાની આ સેવા ને સરાહી હતી. પ્રવીણભાઈ તોગડિયા સાથે પુ શ્રી દેવકીનંદન મહારાજે સનાતન બોર્ડ બનાવવામાંટે વિસત્રુત ચર્ચા કરી હતી જેમાં દેશના મંદિર રોના રૂપિયા મંદિર ના વિકાસ માટે વાપરવામાં આવે તો આપણી હિન્દુ સંસ્કૃતિની જાણવણી થઈ શકે મંદિર ઉપર સરકારના નિયંત્રણ અંગે વધુ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી ત્યાર બાદ પુજય શ્રી શ્રી રવિશંકર મહારાજ ની મુલાકાત દરમિયાન ડો પ્રવીણ તોગડીયા સાથે શિવલિંગ ના દર્શન પણ કર્યા હતા. તેમની સાથે રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, રાષ્ટ્રીય મંત્રી પ્રદિપ જી ગોર, રાષ્ટ્રીય બજરંગદળના અધ્યક્ષ મનોજ સિંહ, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, આગરાથી લકી વર્મા વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરબધામમાં દિવ્ય ચેતનાના રૂડાં અવસર થકી ઉજવાયો સોમવસંત યજ્ઞોત્સવ

## મહંત કરશનદાસબાપુ તેમજ શંભુતીદાસ માતાની વિધીવત તિલકવિધી: ચાદર વિધી કરાય: ઠેર ઠેરથી સંતો-મહંતોએ ઉત્સવને વધાવવા આપી હાજરી



**અબતક, રાજકોટ**

રેવતક્ષેત્ર સત શરભંગ આશ્રમ પરબધામ માં શ્રી દેવીદાસબાપુ તથા માં અમરમા તેમજ સમસ્ત દિવ્યચેતનાઓના રૂડા આશિર્વાદ થી મહંત કરશનદાસબાપુ ગુરૂશ્રી સેવાદાસબાપુ તેમજ સંતોના સાનિધ્યમાં ભવ્યાતિ ભવ્ય દિવ્ય સોમવસંત યજ્ઞોત્સવ એવમ તિલકવિધિ (શુકલ યજુર્વેદ સંહિતા સ્વાહાકાર) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય દિવ્ય શ્રી સોમવસંત યજ્ઞોત્સવમાં બ્રહ્માંડવર્તિ દેવતત્વને મંત્રો દ્વારા "સોમરસ" સહિત અનેક પ્રકારના હુતદ્રવ્યોથી સંતૃપ્ત કરવામાં આવશે. સંતૃપ્ત થયેલા દેવતાઓ જગતના તમામ જીવો ઉપર પોતાની ઉર્જા દ્વારા આશિર્વાદ વરસાવાયા હતા.

જીવમાત્રનું પરમ કલ્યાણ થાય વિશ્વમાં શાંતિ સુખ સમૃધ્ધિ શક્તિ અને ભક્તિ વધે સનાતન ધર્મના તમામ પાયાઓનું સિંચન થાય સંસ્કૃત, સંસ્કૃતિ અને યજ્ઞ પરંપરાનું રક્ષણ થાય એવા શુભ આશય થી મહંત કરશનદાસબાપુ એ આ રૂડુ આયોજન કરેલ છે. દર્શન માત્રથી અશ્વમેધયજ્ઞ તથા રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય એવા દિવ્ય સોમવસંત યજ્ઞોત્સવ એવમ તિલકવિધિ કરવામાં આવી છે.

સત્ત સરભંગ આશ્રમ પરબધામ તા. ભેસાણ જી. જૂનાગઢ માં યોજવામાં આવેલ શ્રી દિવ્ય સોમવસંત યજ્ઞોત્સવ એવમ તિલક વિધિ અન્વયે યોજવામાં આવેલ યજ્ઞ પરત્વે ધર્મ તિલકવિધિનું આયોજન થયેલ. તેમાં આ સંસ્થાના લઘુમહંત તરીકે સનાતનદાસ બાપુ ગુરુ કરસનદાસ બાપુની તિલકવીધી/ચાદરવીધી યોજવામાં આવેલ આ ઉપરાંત અર્થ પરિવ્રજક તરીકે પુનર્વાદાસ બાપુ ગુરુ કરસનદાસ બાપુ તેમજ ધનાધ્યક્ષ તરીકે શંભુતીદાસ માતાજી ગુરુ કરસનદાસ બાપુની ની વિધીવત તિલકવીધી/ચાદરવીધી કરવામાં આવી.

આ પ્રસંગે પરબધામ માં દેવીદાસબાપુ તથા માં અમરમા તેમજ સમસ્ત દિવ્યચેતનાઓના રૂડા આશિર્વાદ થી મહંત કરશનદાસબાપુ ગુરૂ સેવાદાસબાપુ તેમજ દ્વારકાપીઠ શંકરાચાર્યના પ્રતિનિધિ તરીકે નારાયણનંદ સરસ્વતીજી પૂ. મહંત મહેશગીરીજી ગુરુશ્રી અમૃતગીરીજી - રાણપુર, મહંતશ્રી વિજયબાપુ ગુરુશ્રી જીવરાજ બાપુ - સતાધાર, જનકસિંહ સાહેબ ગુરુશ્રી હરીસીંગ સાહેબ - છલાળા મહાદેવગીરી બાપુ - અમૃતગીરી બાપુ - વાઘણીયા બલદેવદાસ બાપુ - ઠાંસા, આઈશ્રી દેવલમાં - બલિયાવડ, આઈશ્રી મનુમા-ચીરોડા આઘશ્રી કંચનમા - મઠડા મહાદેવ ભારતીબાપુ - જૂનાગઢ હિમાન્સુસિંહજી સ્ટેટ ઓફ ગોંડલ, માંધાતાસિંહજી સ્ટેટ ઓફ રાજકોટ વગેરે ની વિસેસ ઉપસ્થિતિમાં આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# જીસીએએસ પોર્ટલ થકી યુજી - પીજીમાં ૪.૫૫ લાખથી વધુ એડમિશન અપાયા

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજ્યના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મંત્રી ઋષિકેશ પટેલની તાકીદ





**અબતક, રાજકોટ**

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે જીસીએએસની રીવ્યુ બેઠક યોજી હતી. જેમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતાગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઝ થકી કોલેજમાં એડમિશન માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

આ પોર્ટલમાં કેટલીક ત્રુટિઓમાં સુધારો કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વધુ સુગમ અને સરળ બનાવવા અને રાજ્યના એકપણ વિદ્યાર્થીને એડમિશન પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મંત્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી. જેના પગલે વિભાગ દ્વારા ગત વર્ષ પડેલી કેટલીક અગવડ તેમજ નવીન સુધારા સાથેનું પોર્ટલ કાર્યાન્વિત કરાયું છે. વધુમાં આ નવીન સુધારાઓને પબ્લીક ડોમેનમાં પણ મૂકવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગના સુધારાઓને વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી આવકારવામાં આવ્યા હતા. પબ્લીક તરફથી મળેલ જરૂરી સૂચનોને પણ આ નવીન પોર્ટલમાં સમાવેશ કરવામાં આવ્યા છે.આ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશપ્રક્રિયા માટે સાયબર કેફે કે અન્ય સ્થળે ફોર્મ ભરવા જવું પડે નહીં તે માટે દરેક યુનિવર્સિટિઝ અને કોલેજ ખાતે ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર કાર્યરત કરવામાં આવશે.

વધુમાં જીસીએએસ દ્વારા યુનિવર્સિટીઝને ૧૫ દિવસનો સમય આપીને પોત-પોતાની જરૂરિયાત મુજબ એડમિશન રાઉન્ડ ચલાવવા માટેની પરવાનગી આપવી અથવા જીસીએએસ દ્વારા શિડ્યુલ આપવાની વિચારણા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા રજીસ્ટ્રેશનના વેરિફિકેશન માટે દરેક કોલેજ અને યુનિવર્સિટીઝમાં અધ્યાપકો કે કર્મચારીઓને માનદ્વેય આપીને સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ બેઠકમાં પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે વેલિડેશન્સ, પ્રવેશયાદી, ઓફલાઈન રાઉન્ડ, લાઈવ વેંકેન્સી અને લાઈવ કટઓફ અને પેનેલ્ટી સહિતની બાબતોની પણ વિગતવાર સમીક્ષા કરીને જરૂરી સૂચનો મંત્રી દ્વારા સૂચવવામાં આવ્યા હતા. સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે જીસીએએસસેલ દ્વારા ટેકનિકલ એજન્સી અને યુનિવર્સિટીઝ વચ્ચે સંકલનને વધુ સુગમ્ય બનાવવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યની ૨૫૦૦ થી વધુ કોલેજના ડેટાને અદ્યતન અને ડેટા વેરિફિકેશન કરવાની કામગીરી હાલ ચાલું છે જે ટૂંક સમયમાં જ પૂર્ણ થશે.

અત્રે મહત્વની બાબાત એ પણ છે કે, ગત વર્ષે લાગુ કરાયેલ જીસીએએસ પોર્ટલ મારફતે એડમિશન પ્રક્રિયાના પગલે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં આ પોર્ટલ મારફતે યુજી અને પીજીના કુલ મળીને ૪.૫૫ લાખ થી વધુ એડમિશન થયા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલ આ બેઠકમાં રાજ્યની ૧૧ જેટલી યુનિવર્સિટીઝમાંથી ઉપસ્થિત વાઈસ ચાન્સેલર્સ દ્વારા પણ પોતાના પ્રતિભાવ, સૂચનો અને તેમને પડેલી અગવડો વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાંથી જરૂરી સૂચનોની અમલવારી કરીને સમગ્ર વ્યવસ્થાને વધુ સરળ બનાવવા માટે મંત્રી શ્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી.

તંત્રી લેખ

# ગિફ્ટ સિટી વિશ્વ આખાનું ઘરેણું બની ચમકશે

ગિફ્ટ સિટી હવે માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વ આખાનું ઘરેણું બની ચમકશે. ગિફ્ટ સિટીમાં સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ્સનો પ્રારંભ થતાં હવે

ઈન્ડિયા આઈએનએક્સ પર સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપશન્સ કોન્ટ્રાક્ટ્સ ઓપરેશન્સથી વિદેશી નિવેશકો ભારતીય બજારમાં સરળતાથી રોકાણ કરી શકશે.ગુજરાત હવે ભારતના ગ્રોથ એન્જિનથી સતત ઉપર ઉઠી રહ્યું છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે દૂરોગામી વિઝનથી ગિફ્ટ સિટી શરૂ કરાવ્યું હતું તે હવે વિશ્વભરના ફિનટેકનું આકર્ષણ કેન્દ્ર છે.

મુખ્યમંત્રીએ ગિફ્ટ સિટીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જના સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપશન્સ કોન્ટ્રાક્ટ્સ ઓપરેશન્સનો બેલ રિંગીંગ સેરિમનીથી પ્રારંભ કરાવતાં સાથે જ ગુજરાતના વિકાસનો નવો સૂર્યોદય જાણે થયો હોય તેવું લાગતું હતું.આ કોઈ નાની સુની ઘટના નથી.એક મહત્વપૂર્ણ આયામ કહી શકાય. આ નવા લોન્ચિંગથી વૈશ્વિક રોકાણકારોને ભારતીય બજારમાં રોકાણ માટે વધુ સરળતા રહેશે. ઈન્ડિયા આઈએનએક્સ પર યુ.એસ. ડોલર આધારિત સેન્સેક્સ ફ્યુચર એન્ડ ઓપશન્સ કોન્ટ્રાક્ટસ એક મહત્વપૂર્ણ પગલું ગણાવી શકાય. ભારતીય નાણાંકીય બજારોને વૈશ્વિક રોકાણ વ્યવસ્થા સાથે વધુ નજીકથી જોડાવાની તક પણ પૂરી પાડનારું એક મહત્વ પૂર્ણ કદમ છે.

ગિફ્ટ સિટીમાં નવા આયામો સતત ઉમેરાઈ રહ્યા છે.ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર અને બુલીયન એક્સચેન્જ સફળતાપૂર્વક અપરેશનલ છે. આ ઉપરાંત બેન્કિંગ, ઈન્સ્યોરન્સ, એસેટ મેનેજમેન્ટ અને કેપિટલ માર્કેટ સર્વિસીઝનું પણ સંચાલન થાય છે. ભારત વિશ્વની ત્રીજી મોટી અર્થ વ્યવસ્થા બનવાની દિશામાં ગતિ કરી રહ્યું છે.આ નવો પ્રારંભ વિકાસને વધુ બળ આપશે.તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ગિફ્ટ સિટીની ગ્લોબલ ઓળખ વધુ સુદ્રઢ બનશે.

# ધોરાજી 'અબતક'ના પત્રકાર રમણીકભાઈ ટોપીયાનો જન્મદિવસ



ધોરાજી શહેર ભાજપ ઉપપ્રમુખ તેમજ 'અબતક'ના પત્રકાર રમણીકભાઈ ટોપીયાનો આજે જન્મદિવસ છે. પત્રકારક્ષેત્રે ઉમદા ભૂમિકા ભજવી રહ્યા છે. તેમજ તેમના જન્મ દિન નિમિતે સામાજીક - સંસ્થાઓના આગેવાનો, પત્રકાર મિત્રો તથા મિત્રમંડળ તરફથી શુભકામના વરસી રહી છે.


# વિસાવદરમાં કાલે આઈશ્રી ખોડીયાર માતાજીની જન્મજયંતિ ધામધૂમથી ઉજવાશે

## ધ્વજારોહણ-છપ્પન ભોગ, કેક કટીંગ, મહાઆરતી માટે તૈયારીઓને અપાયો અંતિમ ઓપ

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદરમાં આવતીકાલે ૫ ફેબ્રુ.એ ખોડીયાર માતાજી જયંતિનું ભાવભેર આયોજન કરવામાં આવ્યું છે. કાબરા દરવાજા પાસે પોલીસ ચોકી પાસે લેઉવા પટેલ સમાજની વાડી ખાતે યોજાનારા ધર્મોત્સવમાં અનેકવિધ કાર્યનો સાથે માતાજીની જન્મજયંતિ ઉજવાશે.

તા.૫મી ફેબ્રુઆરીના રોજ સવારમાં ધ્વજારોહણ, કેક કાપવી, છપ્પન ભોગ, મહા આરતી વિગેરે ગંજીવાડા ખાતે આવેલ માતાજીના મંદિરે સવારે ૬-૩૦ થી ૮-૩૦ કલાકે યોજાશે. જ્યારે દીપ પ્રાગટ્ય અને માતાજીના જન્મદિવસની ઉજવણી પટેલ સમાજ વિસાવદર ખાતે સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ કલાકે યોજાશે. જેમાં સંતોનું તથા દાતાઓનું સન્માન ૧૦ થી ૧૨ વચ્ચે યોજાશે અને બપોરના ૧૨-૦૦ કલાકે ભોજન પ્રસાદ પટેલ સાથે વિવિધ સ્કૂલના બાળકોને બટુક ભોજન આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રભુ સમર્પિત લેઉવા પટેલ સમાજની દીકરીઓનું સન્માન દીપ પ્રાગટ્ય તથા ભવ્ય સત્કાર સમારંભ કરસનદાસ બાપુ પરબધામ તથા મીરા બાપુ કનક ભવન સાપર તથા છોટા બાપુ કનક ભવન સાપર તથા કમળાઆઈ



ગોરવયાળી મોગલ ધામ તથા કાનબાપુ પંચ કેસરી હનુમાન તથા રાજ્યોગીની બ્રહ્માકુમારી રેખાબેન ઉપલેટા સંગીતાબેન વિસાવદર તથા રીનાબેન ભુજ તથા મંજુબેન ભુજ તથા કિરણબેન અમદાવાદ તથા મીતાબેન અમદાવાદ સહિતના સાધુ-સંતો ઉપસ્થિત રહેશે તથા મુખ્ય અતિથિ તરીકે પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા તથા કેયુરભાઈ ડોબરીયા આરટીઓ ઈન્સ્પેક્ટર જામખંભાળિયા તથા નિખિલભાઈ ડોબરીયા પીએસઆઈ રાજકોટ તથા રમણભાઈ પટેલ રણકાર ગ્રુપ અમદાવાદ અને રમેશભાઈ ભીમાણી પટેલ ટુરિસ્ટ કેશોદ હાસ્ય કલાકાર તરીકે અભિષેક રીબડીયા તથા હિરેન પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમમાં સૌપ્રથમ સંતોનું ફુલ વર્ષા તથા તિલક અને ખેસ પહેરાવીને જાનુબેન રીબડીયા તથા મીરલબેન રીબડીયા તરફથી સ્વાગત કરવામાં આવશે. સંતો મહંતોના હાથે દીપ પ્રાગટ્ય મહંતોનું જુદા જુદા વ્યક્તિઓ દ્વારા સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે માતાજીનો પ્રાગટ્ય દિવસ હોય લાપસીની કેક બનાવી આ કેક કાપવામાં આવશે. માતાજીની આરતી આઈ શ્રી ખોડીયાર માતાજીના સાતેય બહેનો રૂપે કુંવારીકાઓ માતાજીના વેશ ધારણ કરી સાક્ષાત માતાજી સ્વરૂપે દર્શન આપતી હોય તે રીતે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ખોડીયાર માતાજીના પિતા મામલ દેવ માતા દેવલ આઈ તથા ભાઈ મેરક અને ખોડીયાર માતાજીના સાતેય બહેનો આવળબાઈ જોગડબાઈ, તોગડબાઈ, હોલબાઈ, બીજલબાઈ, સોસાઈબાઈ, જાનબાઈ અને સૌથી નાના આઈ શ્રી ખોડલમાં એમ સાતે બહેનો જુદી જુદી કુવારીકાઓ બની ઉપસ્થિત રહેશે.

બપોરના ૧૨-૦૦ વાગે માતાજીને થાળ ધરવામાં આવશે.

તેમ ભાગીરથી માતાજીની અખબાર યાદીમાં જણાવાયું છે.

# ભાવનગર યુનિવર્સિટી ખાતે ગુરૂવારે ભરતી મેળો

**અબતક, સિહોર**

ભાવનગર યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા આગામી તા.૦૬ ફી ફેબ્રુઆરી,૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, બીજો માળ, આઈ.કયુ.એ.સી. બિલ્ડીંગ, લાઈબ્રેરી સામે, ભાવનગર યુનિવર્સિટી કેમ્પસ ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં અંદાજિત ૨ એકમમાં સેલ્સ ઓફિસર, સેલ્સ એક્ઝિક્યુટિવ, ટેલી કોલર, બોડી શોપ એડવાઈઝર, બોડી શોપ ડેન્ટેલ અને મિકેનિકની જગ્યા ભરવાની છે. જેમાં ૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા મિકેનિક, ડિપ્લોમા ઓટોમોબાઈલ અને બી.ઈની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાચ્છુઓએ યુનિવર્સિટી કેમ્પસ, ભાવનગર ખાતે રૂબરૂ મુલાકાત તેમજ ઈન્ટરવ્યુ માટે રિઝ્યુમની નકલો સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

## રોટરી ક્લબ રાઉન્ડ ટાઉન દ્વારા

# સિહોર: વિદ્યામંજરી જ્ઞાનપીઠ ખાતે યોજાયો 'રાયલા' કાર્યક્રમ

## ધો-૧૧ના વિદ્યાર્થીઓને લીડરશીપના અંગે સમજણ આપી કારર્કિદી માર્ગદર્શન માટે યોગ્ય માહિતી આપી

**અબતક, સિહોર**

સિહોર શહેરની સુપ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ ખાતે રોટરી કલબ ભાવનગર રાઉન્ડ ટાઉન દ્વારા ધોરણઃ-૧૧( આર્ટસ,કોમર્સ) વિદ્યાર્થીઓ માટે આરવાયટીએલએ(રાયલા) નામનો એક મહત્વનો કાર્યક્રમ યોજાયો. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં લીડરશીપના ગુણનો વિકાસ કરવાનો છે. રોટરી કલબ ભાવનગર રાઉન્ડ ટાઉન છેલ્લા ૪૦ વર્ષથી સુંદર મજાના કાર્યક્રમનું આયોજન કરી રહી છે. આ કાર્યક્રમમાં રોટરી કલબ ભાવનગર રાઉન્ડ ટાઉનના કલબ પ્રેસીડેન્ટ સોનલબેન ઠક્કર, સેક્રેટરી હિરલબેન ઓઝા, સ્પીકર રાજુભાઈ વાળા, સ્પીકર પંકજભાઈ ઓઝા, સ્પીકર



હરેશભાઈ ભટ્ટ તેમજ અન્ય મેમ્બરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાની પ્રણાલી મુજબ ઉપસ્થિત તમામ મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. શાળાનાં સંચાલક અને ટ્રસ્ટી પી.કે મોરડિયએ ઉપસ્થિત મહેમાનોને શ્રીમદ ભગવત ગીતા આપી સન્માનીત કર્યું હતું. ઉપરાંત આવી રહેલી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારર્કીદિ માર્ગદર્શન માટેની યોગ્ય સમજણ અને માહિતી વક્તાઓ દ્વારા આપવામાં આવી હતી. મોટીવેટ થયેલા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

# વિસાવદર: જમીન જપ્તીની તજવીજ સાથે જ વિજબીલના ૩૪ હજાર જમા થઈ ગયા

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદરમાં વિજબીલની બાકી રકમની વસુલાતની કામગીરી આકરી કરવામાં આવી છે. અંબાળાના ગ્રાહકની ઉઘરાણી માટે જમીન જપ્તીની કાર્યવાહીની તજવીજ સાથે જ રૂ.૩૪,૦૦૦ની રકમ જમા કરવામાં આવી હતી.

વિસાવદર પીજીવીસીએલ સબ ડિવિઝન નંબર એક ના અધિકારી અમિતભાઈ નાથાભાઈ રાબડીયા દ્વારા વિસાવદર કોર્ટમાં વીજ કંપનીના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી મારફતે એક દરખાસ્ત દાખલ કરેલ હતી તે દરખાસ્તના કામમાં પ્રતિવાદી રાણીબેન મુળાભાઈ ભાઈ સોંદરવા રહેવાસી અંબાળા વાળા સામે વીજ કંપનીની રકમ ભરપાઈ કરવાની નોટિસ નીકળતા તેઓએ કોર્ટમાં હાજર થઈ તેઓ એકલા રહેતા હોય તેમના પુત્રો તેમની જમીન વાવતા હોય અને તેઓની પાસે કોઈ રકમ ન હોય તેવી રજૂઆત કરેલ હતી અને તેમની બે દીકરીઓ નામદાર કોર્ટમાં આવી તેમની પાસે વીજ કંપનીની રકમ ભરવાના પૈસા નથી તેવું જણાવેલ અને ત્યારબાદ વીજ કંપની તરફથી તેઓની મિલકત જપ્તી કરવા જગમ જપ્તી વોરંટ કાઢવા વિસાવદર કોર્ટમાં અરજી રજૂ થતા અને વિસાવદર કોર્ટે અરજી મંજૂર કરી વિસાવદરના ન્યાયમૂર્તિ એસ.એસ. ત્રિવેદી દ્વારા પ્રતિવાદી સામે જંગમ જપ્તી વોરન્ટ ઈસ્યુ કરેલ હતું અને તે વોરન્ટના કામમાં પ્રતિવાદી પાસે કોઈ મિલકત ન હોય તેવું જણાવતા હોય જેથી પી.જી.વી.સી.એલ કંપની તરફથી તેઓના નામનું રેવન્યુ રેકર્ડ મેળવી રજૂ કરવા અને મિલકત જપ્ત કરવા અને તે મિલકત ઉપરથી રકમ વસૂલ કરવા કાર્યવાહી કરવા જણાવતા તેમના પુત્ર એ નામદાર કોર્ટમાં હાજર થઈ આ ૫૦,૦૦૦/- ની રકમ પેટે રૂપિયા ૩૪,૦૦૦/- જેવી રકમ ભરી આપેલ છે અને બાકી રહેતી રકમ એક મહિનામાં ભરી દેવાની ખાતરી આપી ચેક આપેલ હતો. આ કામમાં વીજ કંપની તરફથી વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલા હતા.


# ઉપલેટા પંથકના પ્રગતિશીલ ખેડુતે ખેતરમાં જીરૂના વાવેતર વચ્ચે અજમાનું વાવેતર કરી મેળવી બેવડી સફળતા

## ભાયાવદરના સતવારા બંધુએ નવો પ્રયોગ કરી અન્ય ખેડુતોને નવો રાહ ચીંધ્યો

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં જીરૂનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં દર વર્ષ થાય છે તેમાં જીરાની સાથે સાથે પાળા ઉપર અજમાનું વાવેતર કરી વધારાની ઉપેજ લઈ શકાય તેવું ભાયાવદર ના સથવાળા બંધુએ કરી ખેડુતોને નવો રાહ ચીંધ્યો છે.

ભાયાવદર પંથકમાં અનેક સેવા ભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા ડાયાબાપા સથવારા પરિવારના ત્રીજી પેઢીએ પ્રગશિલ ખેડુતના દિકરા હરેશભાઈ સથવારાઅને મિતેષભાઈ સથવારા દ્વારા ૫૦ વિઘાના જીરૂ ના વાવેતરમાં વધારાની જગ્યા એટલે કયારાના



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ

પારા પર અજમાનું વાવેતર કરતા તેમાં જોરદાર સફળતા મળેલ છે. બંને સથવારા બંધુઓને જીરાની આવક કરી સાથે સાથે વધારાની અજમાની આવક થશે તેનો કોઈ ખર્ચ થયેલ નથી આમ સથવાર બંધુઓએ ખેડુતોને સંદેશો આપેલ છે જયારે જયારે જીરૂવાવો ત્યારે તેના પારા ઉપરના વધારાની જગ્યામાં અજમાનું વાવેતર કરવામાં આવે તો તે પણ ખુબ સારી રીતે અને વગર ખર્ચે તૈયાર થાય છે. ખેડુતોને જીરાના પાકની સાથે અજમાનોપાક પણ લઈ શકે છે. હાલ ભાયાવદરના સરણી રોડ ઉપર આવેલ સથવારા પરિવારની વાડીમાં આજે આ પાક ઉભો છે.

# કંડલા પોર્ટમાં ઈલેકટ્રીકલી ઓપરેટેડ લોડર્સ સેવા થકી કાર્બન ઉત્સર્જન ઘટાડવા પ્રયાસ

## બંદર વપરાશકારોને વધુ સુવિધા આપવાના પ્રયત્નો આદરાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા ટ્રાફિક વધારાની સાથે સાથે બંદર વપરાશકારોને પણ સુવિધા મળે તે માટેના પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાનમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ઈલેક્ટ્રીક વ્હીલ લોડર શરૂ કરાવી પોર્ટના કાર્બન ઉત્સર્જનને દર વર્ષે ૫૬૦ ટન ઘટાડવા માટે તૈયારી કરી ગ્રીન કાર્ગો હેન્ડલિંગ અને ઉર્જા કાર્યક્ષમ બંદર કામગીરીના યુગની શરૂઆત તરફ કદમ માંડયા છે. ડીપીએ કંડલા એક નોંધપાત્ર આગળ વધી રહ્યું છે. જે આબોહવા-મૈત્રીપૂર્ણ વિકાસને પ્રોત્સાહન આપશે અને લાંબા ગાળે ક્લીન ટેક મેન્યુફેકચરિંગ માટેના



રસ્તાઓ પણ બનાવશે. ડીપીએ કંડલા તેના ખાનગી ભાગીદાર સાથે ઈલેક્ટ્રિકલી ઓપરેટેડ લોડર્સને સેવામાં સામેલ કરવા માટે તૈયાર છે.ડીપીએ કંડલા ખાતે ૪ એસડીએલજી ઈલેક્ટ્રિક વ્હીલ લોડરની જમાવટથી પોર્ટની કામગીરીમાં ગ્રીનકાર્ગો હેન્ડલિંગ અને ઊર્જા કાર્યક્ષમતાને પ્રોત્સાહન મળશે. ઈલેક્ટ્રિક લોડર્સ અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સેવામાં દબાવવામાં આવશે, જે ક્લીનર, ગ્રીનર મેરિટાઈમ ફ્યુચર પ્રત્યેની પ્રતિબદ્ધતામાં ડીપીએએ વધુ એક સીમાચિહ્નરૂપ ગણાવ્યું છે.

## સ્વ.હિરાબેન સતીકુંવર ટ્રસ્ટની રજૂઆત ફળી

# સોમનાથથી હનુમાન મંદિર રસ્તે બાવળની કાંટ દૂર થઈ પણ રસ્તાની મરામતની તાતી જરૂરીયાત



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ પંથકના વિકાસ માટે સતત ચિંતિત સ્વ.હીરાબેન સતીકુંવર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી રજૂઆતના પગલે હનુમાન મંદિરના રસ્તે બાવળની કાંટ દૂર થઈ છે પણ હજુ રસ્તો બિસ્માર હોય તેની મરામતની લોકોમાંથી માંગ ઉઠી છે.

વેરાવળ-પાટણ સંયુક્ત નગર પાલીકા તંત્રને સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ દ્વારા રજૂઆત કરાઈ જે બાબતે કશ્યપભાઈ કિશોરભાઈ સામાણી ચીફ ઓફિસર પ્રમુખના સહયોગથી જેસીબી મશીન દ્વારા ઝાડ દુર થઈ ગયેલ પણ આ મંદિરના અડધા કિલોમીટરનો માર્ગ રસ્તાઓ અતી બિસ્માર થઈ જતા ખાડા પડી ગયેલ આ રસ્તાઓ પર નવા ડામર રોડ અથવા પેવર બ્લોક માટે તત્પર અગ્રેસર રહી વેરાવળ-પાટણ સનાતન હિન્દ સમાજના પ્રમુખ જીતુભાઈ મોહનભાઈ કુહાડા સહીત ખારવા સમાજના અધ્યક્ષ કિશોરભાઈ કુહાડા સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ અધ્યક્ષ સોની ગીતાબેન ચલ્લા રજૂઆત કરી હતી. અવર-જવર કરતા દર્શનાર્થીઓ સીનીયર સિટીઝન ને મુશ્કેલીઓ પરેશાની ઓ દુર થાય એ હેતુસર વેરાવળ-પાટણ સંયુક્ત નગર પાલીકા તંત્ર સહીત જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને રજૂઆત કરાઈ છે.

## ખોડિયાર મિત્ર મંડળ દ્વારા

# કોટડાસાંગાણીમાં કાલે ત્રાબા કુડીવાળા ખોડિયાર મંદિરે જયંતિ ઉત્સવ



**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણીમાં ખોડિયાર માતાજીની જયંતિ નિમિે મહાસુદ આઠમ બુધવારના રોજ બટુક ભોજન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૪/૦૨/૨૦૨૫ રાત્રે ૮:૩૦ કલાકે હિરામ ધુન મંડળનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૦૫/૦૨/૨૦૨૫ બપોરે ૧૧:૩૦ કલાકે બટુક ભોજન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવાર રાત્રે ૮:૩૦ કલાકે ખોડિયાર માંનું આખ્યન પાત્ર તેમજ ચોસઠ જોગણી માતાજીના મહારાસનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડિયાર મંદિર મિત્ર મંડળ દ્વારા ભક્તજનોને ધર્મપ્રેમીને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ફરેડી અને કોદીયા ગામે

# ઉના: દીપડાના હુમલાથી જીવ ગુમાવનારના પરિવારોને ૧૦-૧૦ લાખના સહાય ચેક અર્પણ

**અબતક,ઊના**

ઊનાના ગીર ગઢડા તાલુકાના ફરેડા ગામ ની સીમ મા ગત તા,૧૫/૧/૨૫ ના ડેલી બંધ મકાન ની દીવાલ કૂદી ને દીપડા એ ફળિયા ની ઓસરી મા સૂતેલ દિવાળી બેન માવજી ભાઈ જોગીયા વૃદ્ધ મહિલા ઉપર હુમલો કરી મોત નિપજાવી નાસી ગયો હતો. તેમજ ગત તા,૧૯/૧/૨૫ ના કોદીયા ગામની સીમમાં વાડીના મકાનની ઓસરી મા ખાટલા ઉપર સૂતેલ વાઘા ભાઈ સર્દુલ ભાઈ વાઘેલા ને દીપડા એ હુમલો કરી મોત નિપજાવી નાસી ગયો હતો. ત્યાર બાદ વન વિભાગ દવારા તુરંત કાર્ય વાહી પૂર્ણ કરી ગીર પૂર્વ વન વિભાગ ધારી કાગળો મોકલતા કચેરી દ્વારા સરકારના



નવા પરિપત્રના નિયમ મુજબ રૂપિયા ૧૦ લાખ સહાયનો ચેક બનાવી મોકલતા ગીર પૂર્વ વન વિભાગ ની જશાધાર રેન્જ ના આર.એફ.ઓ. ભરવાડ તેમજ રાઉન્ડ ફોરેસ્ટ કર્મચારી મૃતક ના ઘરે ફરેડા જઈ તેમના વારસ દાર કમલેશ ભાઈ માવજી ભાઈ જોગીયાં ને અર્પણ કરેલ તેમજ કોદીયા દ્રોણ ગામની સીમ માં વાઘાભાઈ સાર્દૂલ ભાઈ વાઘેલા ના પરિવાર ના વારસ દાર શાંતુ બેન વાઘા ભાઈ વાઘેલા ને રૂપિયા ૧૦લાખ નો ચેક સહાય નો આપેલ હતો.

# પાટડીની નવરંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક વિરૂધ્ધ કરેલ આક્ષેપો પાયા વિહોણા

## ગ્રામજનોએ ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર સહિત તા. શિક્ષણાધિકારીને કરી રજુઆતઃ શિક્ષક દ્વારા વિદ્યાર્થી સાથે મનસ્વી વર્તન અંગે અમુક ગ્રામજનોની રજુઆત કરી હતી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના નવરંગપુરા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક વિરૂધ્ધ ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ તમામ આક્ષેપો અને રજુઆતો પાયા વિહોણી હોવાથી આ મામલે ન્યાયીક તપાસ કરવાની માંગ સાથે એસએમસીના અધ્યક્ષ સહિત ગ્રામજનોએ ડેપ્યુટી કલેકટર તેમજ મામલતદાર સહિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ તાજેતરમાં થોડા દિવસો પહેલા પાટડી તાલુકાના નવરંગપુરા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક એલ.ડી. પટેલ શાળામાં વિદ્યાર્થીઓ સાથે મનસ્વી વર્તન કરી ત્રાસ આપતા હોવાનો અને પ્રાથમિક શાળાના આચાર્ય તરીકેનો ચાર્જ જવાબદારીમાં હોવા છતાં ચાર્જ ન સ્વીકારતા હોવાના આક્ષેપ સાથે અમુક ગ્રામજનોએ પાટડી પ્રાંત અધિકારીને લેખીત રજુઆત કરી હતી.

જેના ભાગરૂપે નવરંગપુરા પ્રાથમિક શાળાના એસએમસીના અધ્યક્ષ સહિતનાઓએ આ મામલે ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી અને શિક્ષક સામે કરવામાં આવેલ આક્ષેપો બાબતે વિદ્યાર્થીઓ સાથે ચર્ચાવિચારણા કરતા શિક્ષક એલ.ડી.પટેલ દ્વારા વિદ્યાર્થીઓ સાથે કોઈપણ જાતનું ગેરવર્તન કે મનસ્વી વર્તન ન કરતા હોવાનું જણાઈ આવ્યું હતુ અને કરવામાં આવેલ તમામ આક્ષેપોતદ્દન ખોટા હોવાનું માલુમ પડયું હતું આથી આ મુદ્દે ન્યાયીક તપાસ કરવાની માંગ સાથે એસએમસીના અધ્યક્ષ અને ગ્રામજનોએ પાટડી ડેપ્યુટી કલેકટર, મામલતદાર તેમજ તાલુકા શિક્ષણાધિકારીને લેખીત રજુઆત કરી હતી.

# ધ્રાંગધ્રાઃ સોલડી ગામે બે જૂથો વચ્ચે તિક્ષણ હથિયાર વડે હુમલો

## પ્રોકસોની ફરિયાદ બાબતે એક જ જ્ઞાતિ વચ્ચે બઘડાટીઃ બંને પક્ષે મળી ૧૯ સામે ફરિયાદ

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા ના સોલડી ગામે અગાઉ થયેલી પોસ્કોની ની ફરિયાદ બાબતને લઈને એક જ જ્ઞાતીના બે જૂથો વચ્ચે રાત્રિના સમયે બોલાચાલી બાદ તિક્ષણ હથિયારો સાથે એકબીજા ઉપર હુમલો કરતા ૧૦ થી વધુ લોકોને ઈજા થતાં ધ્રાંગધ્રા સરકારી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા ધ્રાંગધ્રા તાલુકો પોલીસમાં બંને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી આમ બનાવને લઈને ધ્રાંગધ્રા સરકારી દવાખાનામાં મોટી સંખ્યામાં લોકોના ટોળા ઊંચી પડ્યા હતા ત્યારે ધ્રાંગધ્રા સીટી અને તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ જઈ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામે ગત મોડી રાત્રે દલિત સમાજના બે જૂથો વચ્ચે અગાઉ થયેલી પોસ્કોની ફરિયાદ બાબતને લઈને બોલાચાલી થયેલી આમ બોલોચાલી બાદ બંને જૂથના સભ્યો ધાતક હથિયારો સાથે સામસામે આવી ગયા અને એકબીજા ઉપર તૂટી પડ્યા હતા. આમ દસેક જેટલા લોકોને ઈજા થતાં ધ્રાંગધ્રા સરકારી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા ત્યારે વધુ સારવાર માટે સુરેન્દ્રનગર દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા ત્યારે બનાવના સમાચાર મળતા ધ્રાંગધ્રા સીટી અને તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી ત્યારે આ અંગે બંને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી છે જેમાં ફરિયાદી રાહુલભાઈ વાલજીભાઈ પરમાર દ્વારા આરોપી રવિભાઈ મોહનભાઈ રેવર, જીગ્નેશભાઈ આર રેવર, પુજાભાઈ તળશીભાઈ. રાહુલભાઈ મોહનભાઈ, તળશીભાઈ ધનાભાઈ. ભરતભાઈ તળશીભાઈ. વિપુલભાઈ બાબુભાઈ, સંજયભાઈ નરસિંહભાઈ, મોહનભાઈ બીજલભાઈ, અને આવનીશભાઈ ભરતભાઈ સામે હુમલો કરી માર મારી અને ધમકી આપવાની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામા પક્ષે ભરતભાઈ રેવર દ્વારા આરોપી કાનજીભાઈ મોહનભાઈ પરમાર, ભીખાભાઈ મોહનભાઈ, વિશાલભાઈ કાનજીભાઈ, ચિરાગભાઈ ભીમાભાઈ, કરસનભાઈ દાનાભાઈ, માલાભાઈ મોતીભાઈ, રાહુલભાઈ વાલજીભાઈ રસિકભાઈ વાલાભાઈ, મુકેશભાઈ કરસનભાઈ સામે માર મારી ગંભીર ઈજા પહોંચાડી અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. તાલુકા પોલીસે બંને પક્ષોની ધાતક હથીયાર સાથે હુમલો કરી માર માર્યાની સહિતની ફરિયાદ લઈને વધુ તપાસ તાલુકા પીઆઈ ડી ડી ચાવડા કરી રહ્યા છે બનાવને લઈને સોલડી મા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# કરોડોના ટ્રક ચીટીંગ કૌભાંડનાં કુખ્યાત રજાક સોપારીએ જેલમાં લખણ ઝળકાવ્યા

## બે સાગ્રીત કેદી સાથે જેલમાં માર માર્યાની પોલીસ ફરિયાદ

**અબતક, જામનગર**

જામનગરમાં ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી ફાઈનાન્સ મેળવી ને ટ્રકો ની ખરીદી કર્યા પછી તેને બારોબાર વેચી નાખી કરોડોના ચીટિંગના પ્રકરણમાં જેલવાસ ભોગવી રહેલા રજાક 'સોપારી' એ જેલની અંદર પણ પોતાના લખણ ઝળકાવ્યા હતા, અને તેની સાથે જ જેલવાસ ભોગવી રહેલા એક શખ્સને સ્કોર્પિયો કાર ના વેચાણના સંદર્ભે પોતાના બે સાગરીત કેદી ની મદદ થી માર માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ટ્રકના ચીટીંગ કૌભાંડમાં જેલવાસ ભોગવી રહેલા અને મૂળ પોરબંદરના વતની ગાંગાભાઈ ઠેબાભાઈ કોડીયાતર (ઉંમર વર્ષ ૩૪)એ તાજેતરમાં જેલમાંથી જામીન પર છૂટ્યા પછી સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં પહોંચી જઈ જેલની અંદર પોતાને અગાઉ ૯ ડિસેમ્બરના દિવસે માર મારવા અંગે અને ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે જેલવાસ ભોગવી રહેલા રજાક ઉર્ફે સોપારી દાઉદભાઈ ચાવડા, તેમજ તેની સાથે રહેલા અન્ય બે કેદીઓ રામભાઈ ભીમજીભાઈ નંદાણીયા અને રજાક સાયચા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી ગાંગાભાઈ કે જે અગાઉ ટ્રક ચિટિંગના ગુનામાં જેલમાં હતો, જે દરમિયાન તેણે પોતાની સ્કોર્પિયો રજાક સોપારીના કુટુંબીને આપી હતી, તે સ્કોર્પિયો કાર ના હપ્તા ભરાયા ન હતા, જેથી તે કાર પોતાની પાસે રાખી લીધી હતી.

દરમિયાન રઝાક સોપારીને જાણકારી મળતાં તેણે પોતાના અન્ય બે સાથી કેદીઓ રામભાઈ નંદાણીયા અને રઝાક સાયચા સાથે મળીને પોતાને જેલના પીસીઓમાં બોલાવ્યો હતો, અને ગંદી ગાળો આપી ઝાપટો મારી હતી, અને હાથ મરડીને સ્કોર્પિયો ને ભૂલી જવા માટે દબાણ કર્યું હતું, અને પતાવી દેવાની ધમકી આપી હતી. જે બનાવ અંગે પોતે તાજેતરમાં જામીન પર છૂટ્યા પછી આ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને સિટી એ. ડિવિઝન પોલીસે ત્રણેય કેદીઓ સામે ગુનો નોંધી ત્રણેય આરોપીઓનો જેલમાંથી કબજો મેળવવા માટેની અદાલતી કાર્યવાહી હાથ ધરી છે.

# સીધ્ધપુર-સોમનાથ રૂટની એસટી બસ ફરી શરૂ કરવા માંગ

## પાટડી તરફના રૂટમાં ફેરફાર કરી વાયા વિરમગામ થઈને બસ શરૂ કરતા અનેક મુસાફરોને હાલાકી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાંથી અનેક એસટી બસો પસાર થાય છે જેમાં મોટી સંખ્યામાં મુસાફરો સહિત નોકરીયાતો અને વિદ્યાર્થીઓ મુસાફરી કરે છે ત્યારે એસટી વિભાગ દ્વારા કોઈ કારણોસર અમુક બસના રૂટ બંધ કરવામાં આવ્યા છે જેના કારણે અનેક મુસાફરોને હાલાકી પડી રહી છે ત્યારે સીદ્ધપુર-સોમનાથ રૂટની બસ જેવાયા પાટડી, દસાડા થી ચાલતી હતી તે બસ બંધ કરવામાં આવતા ફરી શરૂ કરવામાં આવે તેવી માંગ જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સિપુર ડેપોની સિધ્ધપુર-સોમનાથ રૂટની એસટી બસ જે છેલ્લા એક વર્ષથી શરૂ કરવામાં આવી હતી તે બસ તાજેતરમાં એસટી વિભાગ દ્વારા કોઈ કારણોસર બંધ કરીને વાયા મહેસાણા, બહુચરાજી, વિરમગામ થઈને શરૂ કરવામાં આવી છે. આ બસ સિધ્ધપુરથી બપોરે ૩-૦૦ કલાકે ઉપડીને ૪-૦૦ વાગ્યે મહેસાણાથી બહુચરાજી થઈને સોમનાથ ચાલી રહી છે જ્યારે આ સમયે મહેસાણા-દ્વારકા બસ બહુચરાજી, વિરમગામ, સુરેન્દ્રનગર થઈ રાજકોટ સુધી આજ સમયે ચાલી રહી છે. આથી આ બસમાં મહેસાણાથી સુરેન્દ્રનગર, રાજકોટ સુધીનું ટ્રાફિક કપાઈ જાય છે જ્યારે સીદધપુર-દ્વારકા બસ પણ બહુચરાજી,વિરમગામ થઈને ચાલી છે તેમજ મહેસાણા-દ્વારકા બસ પણ વિરમગામ થઈને ચાલે છે. આથી આ બસ સિધ્ધપુરથી બપોરે ૩-૦૦ વાગ્યે ઉપડીને મહેસાણાથી બહુચરાજી થઈને સાંજે ૭-૦૦ વાગ્યે પાટડી આવે તો આ બસને સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ અને સોમનાથ તરફ જવાનું ટ્રાફિક મળી શકે છે. તેમજ રીટર્નમાં પણ સૌમનાથ થી રાત્રે ૯-૦૦વાગ્યે ઉપડીને રાજકોટ ૧-૦૦ વાગ્યે તેમજ સુરેન્દ્રનગર સવારે ૩-૩૦ વાગ્યે અને પાટડી ૪-૩૦ વાગ્યે આવી મહેસાણા થઈને સિધ્ધપુર સવારે ૯-૦૦ વાગ્યે પહોંચી શકેછે. આથી સિધ્ધપુર-સોમનાથ રૂટની વાયા પાટડી-દસાડા બસ મુસાફરોના હિતને ધ્યાને લઈ રાબેતા મુજબ ફરી શરૂ કરવામાં આવે તેવી જાગૃત નાગરિકો સહિત મુસાફરો અને ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

# જેતપુરના જુના પાંચપીપળા રોડ પર આધેડ મહિલાના ગળામાંથી ચેનની ચિલઝડપ

## મોટરસાયકલ પર આવેલા બે હેલમેટધારી સમડીઓ રૂ. ૪૫ હજારનો સોનાનો ચેન ઝુંટવી જતાં પોલીસ તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

જેતપુર શહેરમાં ચીલઝડપનો બનાવ સામે આવ્યો છે. લગ્નમાંથી પરત ફરી રહેલા આધેડ દંપતી સાથે જુના પાંચ પીપળા રોડ પર આ બનાવ બન્યો હતો. મોટરસાયકલ પર આવેલા હેલમેટધારી બે શખ્સોં આધેડ મહિલાના ગળામાંથી રૂ. ૪૫ હજારના સોનાની ચેઈનની ચીલઝડપ કરી નાસી જતાં જેતપુર સીટી પોલીસે બંને સમડીઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

ચીલ ઝડપની ઘટનામાં જેતપુરના પટેલનગર વિસ્તારમાં રહેતી આધેડ મહિલા ભાવનાબેન ગીરીશભાઈ પાદરીયા (ઉ.વ.૫૩)એ જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજના સાડા છ વાગ્યાની આસપાસ હું તથા મારા પતિ ગીરીશભાઈ કૌટુંબિક નણંદની દિકરીના લગ્નમાં જેતપુર, નકલંક રોડ, વિવાહ પાર્ટીમાં એકસેસ મોટર સાઈકલ લઈને ગયેલ હતા. મે મારા ગળામાં આશરે દોઢ તોલાનો સોનાનો ચેઈન પહેરેલ હતો. લગ્ન પુર્ણ કરી હું તથા મારા પતિ અમારા ઘર તરફ અમારા એકસેસ મોટર સાઈકલ ઉપર જતા હતા તે દરમિયાન રાત્રીના સવા નવ વાગ્યે જુના પાંચપીપળા રોડ ઉપર આવેલ રવિ પાન નામની દુકાન પાસે પહોચતા અમારી પાછળ એક ડબલ સવારીમાં મોટર સાઈકલ આવેલ હતું. જે મોટર સાઈકલ ઉપર રહેલ બન્ને જણાએ હેલ્મેટ પહેરેલ હતા. મોટરસાયકલ ચાલકે વાહન અમારી બાજુમાં લાવતા એક શખ્સે મારા ગળામાંથી સોનાનો ચેઈન જેની કિંમત રૂ.૪૫,૦૦૦ આંચકો મારી ઝુંટવી લીધો હતો.

બાદ બંને મોટરસાયકલ પુરપાટ ઝડપે હંકારી નાસી ગયાં હતા. અમે આ શખ્સોંનો પીછો કરવાની કોશિશ કરી હતી પણ બંને હાથ આવેલ ન હતા. જે બાદ પરણિતાએ ચીલ ઝડપ અંગે ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ ડી એન ગાજીપરાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# દશાડાઃ કચોલીયા ગામે ફાયરીંગ ગેડીયા ગામના શખ્સે કર્યાનું ખુલ્યું

## જમીન વેંચાણ પેટે ૨૧ લાખ ઝેઝરીના યુવક ન આપતા ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યું

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

અમદાવાદ હાઈવે પર આવેલ હોટલથી દસાડા તાલુકાના કચોલીયા ગામના બોર્ડ પાસે હાઈવે પર જમીનની લેતી-દેતી મામલે એક શખ્સ પર ફાયરીંગનો બનાવ બન્યો હતો જે મામલે ભોગ બનનાર શખ્સે બજાણા પોલીસ મથકે ફાયરીંગ કરનાર વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ફરિયાદી સાજીદખાન હાજીખાન ઝંડાણી રહે.ઝેઝરીવાળાએ ગેડીયા ગામે રહેતા સાહિલખાન હબીબખાન મલેકને આપેલ જમીનના વેચાણ પેટે રૂા.૨૧ લાખ લેવાના થતા હતા જે રકમ સાહિલખાન આપવા માંગતો ન હોય ફરિયાદી ઝેઝરી થી કાર લઈને અગોલ ગામ તરફ જઈ રહ્યાં હતાં તે દરમ્યાન કચોલીયા ગામના પાટીયા પાસે સાહિલખાન હબીબખાન મલેક અને આરીફખાન રહીમખાન મલેક બન્નેએ કારમાં આવી ફરિયાદીને કારને ઉભી રખાવી હતી જેમાં સાહિલખાને રીવોલ્વર ફરિયાદી સામે તાકી હતી અને ત્યારબાદ ફરિયાદીની કારના આગળના ટાયર પાસે બે રાઉન્ડ ફાયરીંગ કર્યા હતા અનેત્યારબાદ એક રાઉન્ડ ફાયરીંગ હવામાં કર્યું હતું અને હવે પછી રૂપિયા માટે ફોન કરશે તો ફરિયાદી પર પણ ફાયરીંગ કરવાની ધમકી આપી નાસી છુટયા હતા. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ બજાણા પોલીસ મથકે સાહિલખાન હબીબખાન મલેક રહે. ગેડીયાવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ગુંદાસરા ગામે ચેકડેમમાં મૂર્તિ વિસર્જન વેળાએ ડુબી જતા બે યુવકના મોત

## વસંત પંચમીએ કરેલા સ્થાપન બાદ સરસ્વતી માતાની મૂર્તિનું વિસર્જન વેળાએ સર્જાય દુર્ઘટનાઃ પરપ્રાંતિય પરિવારમાં શોક

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ તાલુકાનાં ગુંદાસરા ગામે સરસ્વતી માતાની મુર્તિનાં વિસર્જન વેળા ચેકડેમ માં બે પરપ્રાંતિય શ્રમિકો ડુબી જતા તેનાં મોત નિપજ્યાં હતાં.અને ખુશીનો માહોલ માતમ માં પલટાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકાનાં ગુંદાસસરામાં પરપ્રાંતિય શ્રમિકો દ્વારા વસંતપંચમીનાં રોજ સુપ્રીમ કાસ્ટ નામની ફેકટરીમાં સરસ્વતી માતાની મુર્તિનું સ્થાપન કરાયા બાદ વિસર્જન કરવાનું હોય બાર થી પંદર લોકો ગાજતે વાજતે મુર્તિ લઈ ગામ નજીક નાં ચેકડેમ માં મુર્તિ પધરાવવા પંહોચ્યા હતા.બધા ડેમનાં પાણીમાં ઉતરી મુર્તિ વિસર્જન કરી રહ્યા હતા.તે દરમિયાન અમનકુમાર ગૌતમ રાય ઉ.૨૩ રહે.સીમરીયા જી.જાગલપુર બિહાર તથા કુમાર ગૌરવ સુભાષ માલાહર ઉ.૨૦ રહે. દરીયાપુર જી.જાગલપુર ઉંડા પાણીમાં આગળ જતા ડુબવા લાગ્યા હતા. બન્નેનો બચાવ થાય તે પહેલા ઉંડા પાણીમાં ગરક થઈ જતા બન્નેનાં મોત નિપજ્યા હતા.

બનાવની જાણ થતા ફેકટરીનાં માલીક અને ગામલોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ગોંડલ ફાયર બ્રિગેડ તથા પોલીસને જાણ કરી હતી. બાદમાં ગુંદાસરા પહોંચેલી ફાયર ટીમે ચેકડેમમાંથી બન્ને યુવાનોનાં મૃતદેહ બહાર કાઢી શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

મૃતક યુવાનો પૈકી અમન કુમાર અપરણીત હતો. જ્યારે કુમાર ગૌરવ પરણિત હતો. સંતાનમાં છ માસનો દિકરો હોવાનું જાણવા મળેલ છે. બન્ને યુવાનો મુળ બિહારનાં હતા અને છ માસથી સુપ્રીમ કાસ્ટ ફેકટરીમાં કામ કરતા હતા.

બનાવ અંગે તાલુકા પીએસઆઈ સોલંકીએ તપાસ હાથ ધરી છે.

# થાનઃ પરણિતાને જેતપુરના સાસરીયાનો સિતમ

## પતિ, સાસુ-સસરા અને જેઠ સામે મારપીટ તેમજ શારીરિક અને માનસીક ત્રાસની ફરિયાદ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન ખાતે પીયર પક્ષમાં રહેતી પરણિતાએ પતિ તેમજ સાસુ-સસરા અને જેઠ સામે શારીરિક અને માનસીક ત્રાસ અંગે થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી માળતી માહિતી મુજબ હાલ થાન ખાતે પીયરમાં રહેતી અને જેતપુર ખાતે લગ્ન થયેલ ફરિયાદી પરણિતા જબીરકોર દયાસીંગ પટવાના લગ્ન ગત મે ૨૦૨૪માં જેતપુર મુકામે રહેતા ગોવિંદસીંગ બિરૂસીંગ ટાક સાથે થયા હતા લગ્ન બાદ થોડો સમય ફરિયાદીને પતિ તેમજ સાસુ-સસરા અને જેઠ-જેઠાણી સારી રીતે રાખતા હતા. પરંતુ લગ્નના ત્રણ મહિના બાદ સાસુ-સસરા તેમજ જેઠ પતિને ચડાવતા હોવાથી પતિ નાની-નાની વાતોમાં ફરિયાદીને ઢીકા-પાટુનો માર મારતો હતો અને પતિને યુવતિ સાથે પ્રેમ સંબંધ સંબધ હોવાની પણ જાણ ફરિયાદીને થતાં આ અંગે સાસુ-સસરા તેમજ પતિનેજણાવતા પતિએ પ્રેમસબંધ ધરાવતી યુવતિ સાથે લગ્ન કરી લેશે તેમ જણાવ્યું હતુ અનેફરિયાદીને મનફાવે તેમ ગાળો આપી ફરિયાદીને પીયરપક્ષમાં મોકલી દીધી હતી આથી ભોગ બનનાર ફરિયાદીએ (૧) ગોવિંદસીંગ બિરૂસીંગ ટાક (પતિ) (૨) બિરૂસીંગ માયાસીંગ ટાક (સસરા) (૩) ઈમરતકૌર બિરૂસીંગ ટાક (સાસુ) અને (૪) બલુસીંગ બિરૂસીંગ ટાક (જેઠ) તમામ રહે.જેતપુરવાળા સામે અવાર-નવાર મારપીટ, મહેણા-ટોણાં તેમજ શારીરિક અને માનસીક ત્રાસ અંગે થાન પોલીસ મથકે ગુન્હો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# જેતપુરઃ બીન વારસી બાઈક મુળ માલિકને સોંપતી પોલીસ

**અબતક, કરણ બારોટ, જેતપુર**



જેતપુર સીટી પોલીસની ટીમ જેતપુર-ધોરાજી રોડ પર પેટ્રોલીંગમાં હતી દરમિયાન રોડ પર એક બીન વારસી બાઈક મળી આવ્યું હતુ પોલીસે સોર્સનો ઉપયોગ કરી તપાસ કરતા બાઈક માલીક રાજકોટમાં કોઠારીયા નજીક દર્શન પાર્કમાં રહેતા સિધ્ધાંતભાઈ દામજીભાઈ રાણપરીયાનું હોવાનું માલુમ થતા બાઈક માલીક સિધ્ધાંતભાઈને બોલાવી તેનું બાઈક પરત કરી જેતપુર પોલીસે સરાહનીય કામગીરી કરી છે. આ કામગીરી જેતપુર પી.એસ.આઈ. એ.ડી. પરમાર, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા અને અમીતભાઈ સિધ્ધપરા સહિતના સ્ટાફે કરી હતી.

# ગોંડલઃ સેન્સર ચાલુ થઈ જતા ગેટ અને દીવાલ વચ્ચે માથુ ફસાઈ જતા મજુરનું મોત

**અબતક જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

મોત ક્યાં અને કઈ રીતે આવી ચડે છે. તે કોઈને ખબર હોતી નથી. ગોંડલનાં સેમળા ગામે કારખાનાનો મેઈન ગેટ રિપેર કરતી વેળા ઓટોમેટિક ગેટ અચાનક ચાલુ થતા રીપેર કરી રહેલા પરપ્રાંતિય શ્રમિકનું માથુ ગેટ અને દિવાલ વચ્ચે આવી જઈ છુંદાઈ જતા તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતુ. બનાવની પ્રાપ્ત વિગત મુજબ મુળ યુપીનાં સુલતાનપુર જીલ્લાનાં મહમદપુરાનો અને હાલ એક માસથી સેમળા માધવ ટેક્ષટીન નામનાં કારખાનામાં રહી મજુરીકામ કરતો શેષરામ માતાપ્રસાદ યાદવ ઉ.૩૧ સવારે કારખાનાનો ઓટોમેટિક ગેટ બગડી જતા રીપેર કરી મોટરનો ગેર બદલતો હતો. ત્યારે અચાનક મોટર ચાલુ થતા ગેટ બંધ થતા શ્રમિકનું માથુ ગેટ અને દિવાલ વચ્ચે ફસાઈ ચગદાઈ જતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.મૃતક શેષનામ અપરણીત હતો અને એકલો રહેતો હતો. બનાવની જાણ થતા તાલુકા પોલીસનાં કુંદનભાઈ મકવાણા સેમળા દોડી જઈ મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.

# તલોદની કોર્ટે ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના તલોદમાં રહેતા રહીશ મિનેશ બળદેવભાઈ દેસાઈ પાસેથી તલોદ તાલુકાના દોલતાબાદ ના શખ્સે રૂપિયા ૧.૫૦ લાખ હાથ ઉછીના લીધા હતા જે પેટે આપેલ ચેક પરત થતાં તલોદના રહીશે તલોદની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જેનો ચુકાદો તાજેતરમાં આવતાં ન્યાયાધિશે આ કેસમાં દોલતાબાદ ખાતે રહેતા કનુસિંહ વિષ્ણુસિંહ સોલંકીને એક વર્ષની કેદની સજા તથા વળતર પેટે રૂપિયા એક લાખ ચૂકવવા હુકમ કર્યો હતો

આ અંગેની વિગત એવી છેકે તલોદ ખાતે રહેતા મિનેશ બળદેવભાઈ દેસાઈ પાસેથી દોલતાબાદ ખાતે રહેતા કનુસિંહ વિષ્ણુસિંહ સોલંકી જેઓએ રૂપિયા ૧.૫૦ લાખ લીધા હતા જોકે તે પેટે કનુસિંહ વિષ્ણુસિંહ સોલંકીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તલોદ શાખાનો ચેક મિનેશ દેસાઈને આપ્યો હતો પરંતુ આ ચેક અપૂરતા બેલેન્સને કારણે રિટર્ન થતાં મિનેશ દેસાઈએ કનુસિંહ સોલંકી વિરૂધ્ધ તલોદની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી જેમાં તલોદ કોર્ટના ન્યાયાધીશ વિનય શુકલા સમક્ષ થયેલી સુનાવણીમાં એડવોકેટ રાજેશ.એચ. પંડ્યાએ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા તથા ફરિયાદીના વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કનુસિંહ સોલંકી ને તકસીરવાન ઠરાવી એક વર્ષની સજા તથા રૂપિયા એક લાખ વળતર પેટે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

# દ્વારકાઃ હુમલામાં ઘવાયેલા નંદીનું મોત

## અજાણ્યા શખ્સોએ તિક્ષ્ણ હથિયારથી મારમાર્યોઃ ગૌભક્તોમાં વ્યાપક રોષ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકાઃ** યાત્રાધામ દ્વારકાથી આશરે પાંચ કિ.મી. દૂર હેવથ્રોન હોટલ પાસે કોઈ અજાણ્યા શખ્સો દ્વારા નંદી પર ભાલા જેવા તીક્ષ્ણ હથીયારથી હુમલો કરાતા લોહી લુહાણ હાલતમાં નંદીને દ્વારકાની સુરભી માધવ ગૌશાળામાં સારવારાર્થે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમ્યાન નંદીનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે દ્વારકા પંથકના ગૌભક્તોમાં વ્યાપક રોષ ફેલાતાં દ્વારકા પોલીસ સ્ટેશનમાં ગૌરક્ષકો દ્વારા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી આરોપીને પકડી કડક સજાની માંગ ઉચ્ચારાઈ છે. આ સાથે ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઓફીસમાં પણ બનાવ અંગે જાણ કરાઈ છે.

# ગાંધીધામઃ વેર હાઉસમાં રૂા.૩.૧૬ લાખનો હાથફેરો કરનાર તસ્કર ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**





ગાંધીધામ બી ડિવિઝન સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ગાંધીધામ બી ડીવીઝન પો.સ્ટેના ઘરફોડ ચોરીના ગુના કામે કંડલા સ્પેશીયલ ઈકોનોમિક ઝોનમાં આવેલ ફલેમિંગો લોજીસ્ટીકના વેરહાઉસમાં થી રૂ.૩,૧૬,૬૫૦/- ની થયેલ સોપારીની બોરીઓની ચોરી કરવાના ગુના કામે પાંચ માસ થી નાસતા ફરતા આરોપીને કિડાણા ખાતે થી પકડી પાડી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.વી. ગોજીયા,પો.સબ ઈન્સ. એલ.એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# વાંકાનેર:બ્રહ્મસમાજ સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

## રીઢો તસ્કર ઝડપાયો: સહઆરોપીની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેરની બ્રહ્મસમાજ સોસાયટીમાં રહેણાંક મકાનને નિશાન બનાવનાર તસ્કરને વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યો છે, આ સાથે વાંકાનેર સોટી પોલીસે ગણતરીના દિવસોમાં ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીની અટક કરી છે, પકડાયેલ આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રિકવર કર્યો છે. જ્યારે ચોરીના સહઆરોપીનું નામ ખુલતા તેની શોધખોળ શરૂ કરી છે.વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.એ.જાડેજાના માર્ગદર્શન અને સૂચના મુજબ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાયેલ બ્રહ્મસમાજ સોસાયટીના રહેણાંક મકાનમાં ચોરીના બનાવ બાબતે વાંકાનેર સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં



હોય અને ખાનગીરાહે તેમજ ટેકનીકલી માધ્યમથી હકીકત મળેલ કે, વાંકાનેર બ્રહ્મસમાજ સોસાયટીમા ચોરી કરનાર ઈસમ વાંકાનેરના અમરસર ફાટક પાસે હોવાની મળેલ બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે તપાસ હાથ ધરતા આરોપી શાહરૂખ ઉર્ફે બાઠીયો સલીમભાઈ શેખ ઉવ.૨૫ રહે.ચન્દ્રોડા ગામ તા.બેચરાજી જી.મહેસાણાવાળાને દબોચી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી પાસેથી મોબાઈલ નંગ-૦૨ તથા રોકડા રૂપીયા ૧૦,૨૦૦/- મળી આવેલ હતા જે વાંકાનેર ખાતેની ચોરીમા ભાગબટાઈના મળી આવેલ હોવાની કબુલાત આપેલ હતી, જ્યારે આ ચોરીમાં સહ આરોપી તરીકે વસીમ ઉર્ફે લધો સલીમભાઈ પઠાણના નામની કબુલાત આપતા તેને ફરાર દર્શાવી વાંકાનેર સીટી પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વધુમાં ઘરફોડ ચોરીમાં પકડાયેલ આરોપી સામે આ સિવાય ગંગાજળિયા અને ભાવનગર પોલીસ મથકમાં અન્ય બે ચોરીના ગુના નોંધાયેલ હોય, જ્યારે પકડવા પર બાકી સહ આરોપી સામે નીલમબાગ અને ગોંડલ પોલીસ મથક સહિત અન્ય પાંચ ગુના નોંધાયેલા છે.

### મોરબીના વવાણીયા ગામે શિકાર કરવા ગયેલા યુવકના મોતનો મામલો

# બોલાચાલી થતાં મિત્રોએ જ વસીમ પીલુડિયાની ગોળી ધરબી હત્યા કરી દીધાનો ધડાકો

## હત્યાને અકસ્માતમાં ખપાવી દેવાના કાવતરાનો પર્દાફાશ : બે શખ્સોં વિરુદ્ધ માળીયા પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના માળીયા(મી.) તાલુકાના વવાણીયા ગામે ગત ૨ ફેબ્રુઆરીની સાંજે યુવકને શરીરે બંદૂકની ગોળી લાગતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા અંગેના બનાવમાં નવો વળાંક આવ્યો છે. શિકાર માટે નીકળેલા ત્રણ મિત્રો વચ્ચે બોલાચાલી થતાં યુવકની ગોળી ધરબી હત્યા નીપજાવી દેવામાં આવી હતી અને પોલીસને ગુમરાહ કરવા આકસ્મિક ગોળી છુટતા વસીમ પીલુડિયાનું મોત થઈ ગયાંની સ્ટોરી ઘડી કાઢવામાં આવી હતી. મામલામાં મૃતક યુવકના પિતાની ફરિયાદને આધારે શિકાર કરવા સાથે ગયેલ બંને હત્યારા સામે ગુનો નોંધી માળીયા(મી) પોલીસે બંને આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબીના મહેન્દ્રપરા શેરી નં.૧૦ માં રહેતા ગુલામહુશેન અબ્દુલભાઈ પીલુડીયા ઉવ.૬૨ એ પુત્રના દીકરાના હત્યારા આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અસલમભાઈ ગફુરભાઈ મોવર રહે.વાવડી રોડ મોરબી તથા જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા રહે.માળીયા(મી) વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૩ હેઠળ હત્યાનો ગુનો નોંધી આરોપીઓની અટક કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરોક્ત હત્યાના બનાવ અંગે મૃતક વસીમભાઈ ગુલામહુશેન પીલુડીયાની હત્યા અંગે તેમના પિતા દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જાહેર કર્યું કે ગત તા.૦૨ ફેબ્રુઆરીના રોજ ફરીયાદીના દિકરા વસીમભાઈ તથા આરોપીઓ અસલમભાઈ ગફુરભાઈ મોવર તથા જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા એમ ત્રણેય વવાણીયા ગામની સીમમા શીકાર કરવા ગયેલ હોય ત્યારે આરોપી અસલમે ઝાડીમાં છુપાવેલ દેશી બનાવટની બંધુક કાઢી લોડ કરેલ અને તેઓ શીકારની રાહમાં હતા તે વખતે શીકાર આવી જતા તેનો શીકાર કરવા બાબતે ફરીયાદીના દિકરા વસીમ અને આરોપી અસલમભાઈ ગફુરભાઈ મોવર તથા જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા સાથે બોલાચાલી ઝઘડો થયેલ હોય જેનુ મનદુખ રાખી આરોપી જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડાએ દેશી બંધુકમાંથી ફાયરિંગ કરી ફરીયાદીના દિકરાને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી બન્ને આરોપીઓએ ગુનામાં એકબીજાની મદદગારી કરી હતી. હાલ પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી નગપાલિકાના હોદેદારોએ ઠરાવ વિના જ કાર્યો કરી નાખ્યાનો આક્ષેપ

## કલમ ૪૫ (ડી) હેઠળ મંજૂર કરાયેલા નાણાં રીકવર કરવા મ્યુ. કમિશ્નરને જિલ્લા કોંગ્રેસ પ્રમુખની લેખીત રજૂઆત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી નગરપાલિકામાં ભૂતકાળના ભાજપ શાસકો દ્વારા કલમ ૪૫(ડી) હેઠળ વિકાસ કામો કરાવાયા હોવાના આક્ષેપો સામે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ મોરબી મહાપાલિકા મ્યુનિસિપલ કમિશ્નરને લેખિત રજુઆત કરી છે. રજુઆતમાં આ કામોની નાણાંકીય રિકવરીની માંગ કરી છે અને જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો કોર્ટ સુધી લડત અપાશે તેવી ચીમકી ઉચ્ચારી છે. મોરબી મહાપાલિકા મ્યુનિસિપલ કમિશ્નરને મોરબી નગરપાલીકાના ભાજપના શાસકો દ્વારા ખોટી રીતે કલમ ૪૫(ડી) હેઠળ કરવામાં આવેલ કામોની નાણાંકીય રિકવરી કરવા અંગે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા દ્વારા લેખિત રજુઆત કરી છે., જે રજુઆતમાં જણાવ્યા અનુસાર ભૂતકાળમાં નગરપાલીકામાં ભાજપનું શાસન હતું ત્યારે બાવને બાવન સભ્યો ભાજપના હતા. તેમ છતાં પણ જે કામ જનરલ બોર્ડની બેઠકમાં ઠરાવ કર્યા બાદ કરાવવાના હોય તેવા રોડ-રસ્તા, પેવર બ્લોક, ઓફીસ અને ઘરના રિનોવેશનના કામ આપાતકાલીન ગણીને આ કામ કલમ ૪૫(ડી) હેઠળ લઈને કરવામાં આવ્યા છે. જે ખરેખર આ કલમ હેઠળ કરાવી ન શકાય અને તેની માહિતી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માંગવામાં આવી ત્યારે નગરપાલીકા કચેરી તરફથી જે માહિતી મળેલ છે તેમાં દર્શાવેલ કામોમાંથી મોટાભાગના કામ કલમ ૪૫(ડી) હેઠળ કરાવી શકાય નહી તેમ છતાં પણ આવા કામ જે તે સમયની ભાજપની બોડીના સતાધીશો અને અધિકારી દ્વારા કરાવવામાં આવ્યા છે.નગરપાલીકા દ્વારા કલમ ૪૫(ડી) હેઠળ ન આવરી શકાય તેવા કામને માત્ર કરાવવામાં આવ્યા છે. પરંતુ તેના બીલ પણ તાબડતોડ પાલીકાના સ્વભંડોળમાંથી ચુંકવી આપવામાં આવ્યા છે. જેથી નિતિનિયમોનો ઉલાળીયો કરીને કલમ ૪૫(ડી) હેડળ જે કામ ભાજપની બોડી દ્વારા કરાવવામાં આવ્યા છે તેની સંપૂર્ણ રીતે નાણાંકીય રિકવરી કરવા માટે થઈને કોઈને કોઈ નકકર કામગીરી નહી કરવામાં આવે તો આગામી સમયમાં આ મુદ્દે સ્થાનિક કોર્ટથી લઈને હાઈકોર્ટ સુધી જવા માટેની તૈયારીઓ કરવામાં આવશે. સામાન્ય રીતે મોરબી નગરપાલીકા વિસ્તારમાં કોઈ પણ જગ્યાએ વિકાસના કામ કરવાના હોય તો તેના માટે નગરપાલીકાના જનરલ બોર્ડની અંદર ઠરાવ થાય અને તે ઠરાવની અમલીકરણના ભાગરૂપે જે તે વિસ્તારની અંદર રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ, પેવર બ્લોક, વરસાદી પાણીનો નિકાલ, ભુગર્ભ ગટર વગેરે જેવા કામ કરાવવાના થતા હોય છે. પરંતુ આવા કામ જનરલ બોર્ડનો ઠરાવ નહી પરંતુ કલમ ૪૫ (ડી) હેઠળ કરવામાં આવ્યા છે. જે પ્રજાના પૈસાનો ગેરવહીવટ કહેવાય તેમ છે. આટલું જ નહી પરંતુ મોરબી નગરપાલીકાના જે તે સમયના ચીફ ઓફીસરના બંગલાનું રિનોવેશન તથા તેની ઓફીસના રિનોવેશના લાખો રૂપિયાના બીલ કલમ ૪૫(ડી) હેઠળ મંજુર કરવામાં આવ્યા છે.

જેથી ઉપરોકત રજુઆતને ધ્યાને લઈ મોરબી નગરપાલીકાના ભાજપના શાસકો દ્વારા ખોટી રીતે કલમ ૪૫(ડી) હેઠળ કરવામાં આવેલ કામોની નાણાંકીય રિકવરી કરવા યોગ્ય તપાસ હાથ ધરી, ઘટીત કાર્યવાહી કરવા વિનંતી સાથે લેખિત રજુઆત કરવામાં આવી છે.

# મોરબીના ટીંબડી અને પીપળી ગામે જાહેરનામાનો ભંગ કરનાર બે ઈસમો સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમ દ્વારા વધુ બે ઈસમો સામે જાહેરનામા અંગેના ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ટીંબડી ગામ નજીક ક્રિષ્ના કોમ્પ્લેક્ષમાં શ્રી રામદેવ મોબાઈલ નામની દુકાન પરપ્રાંતિય વ્યકિતને ભાડે આપનાર દુકાન માલીકે નિયત સમય મર્યાદામાં ભાડા કરાર નહી કરાવી ભાડુઆતની સ્થાનીક પોલીસ સ્ટેશનમાં જાણ નહીં કરી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હોય જેથી આરોપી વિક્રમભાઈ ધીરૂભાઈ ચાવડા રહે.છાત્રાલય રોડ આંબાવાડી પાર્કવાળા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા દરોડામાં મોરબી તાલુકાના પીપળી ગામે આવેલ ટોકન આર્ટ નામના કારખાનામાં આરોપી રવીભાઈ પ્રાણજીવનભાઈ કાસુન્દ્રા ઉવ-૨૮ રહે-મોરબી રવાપર રોડ ૬૦૧-પેસીફીક હાઈટસ પ્રમુખ રેસીડેન્સીવાળાએ પોતાના કારખાનામા કુલ-૦૪ પરપ્રાંતિય મજુરોને મજુરી કામે રાખી મજુરોના ડોક્યુમેન્ટ સહીતની જાહેર નામાની વિગતોની માહીતી મોરબી એસસ્યુર્ડ એપ્લીકેશનમાં સબમીટ કે ડોક્યુમેન્ટ પોતાની પાસે નહીં રાખી તેમજ પોલીસ સ્ટેશન ખાતે જાણ નહીં કરતા ઉપરોક્ત આરોપી સામે બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી:પરિણીતાને ઘરકામ બાબતે સાસરીયાઓનો ત્રાસ

## નાની-નાની વાતમાં મેણા ટોણા મારતા પતિ, દિયર અને સાસુ વિરૂધ્ધ ફરિયાદ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના વાંકાનેરની દીકરી કે જે સુ.નગર જીલ્લાના દુધરેજ ગામે સાસરે હોય તેને પતિ સહિતના સાસરીયાઓ માનસિક અને શારીરિક દુઃખ ત્રાસ આપતા હોવા અંગે ભોગ બનનાર દ્વારા મોરબી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.પ્રાપ્ત માહિતી મુજબ,વાંકાનેર પંચાસર રોડ ખાતે ખોડિયાર સોસાયટીમાં માવતર ધરાવતી અને દુધરેજ ગામ તા.વઢવાણ સાસરું ધરાવતા કંચનબેન સંજયભાઈ વાઘેલા ઉવ.૩૦ એ મોરબી મહિલા પોલીસ મથકમાં પતિ સંજયભાઈ પરસોત્તમભાઈ વાઘેલા, દિયર ચેતનભાઈ પરસોત્તમભાઈ વાઘેલા તથા સાસુ કાંતાબેન પરસોત્તમભાઈ વાઘેલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે કંચનબેનના લગ્ન વર્ષ ૨૦૧૮માં સંજયભાઈ સાથે થયા હતા ત્યારે પાંચ વર્ષના ઘર સંસાર દરમીયાન તેના પતિ તથા સાસુ અને દિયર અવાર નવાર નાની નાની બાબતોમાં તેમજ ઘરકામ બાબતે હેરાન પરેશાન કરી દુઃખ ત્રાસ આપતા તેમજ શંકા વહેમ કરી મેણાટોણા મારી અવાર નવાર મારકુટ કરી એકબીજાને ચડામણી કરી શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરતા હોય જે મુજબ ફરિયાદ નોંધાવી હતી, હાલ મોરબી મહિલા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# કોટડાસાંગાણીમાં ટ્રાફીકની સમસ્યાના કાયમી ઉકેલ માટે મંજૂર બાયપાસ રોડનું કામ શરૂ કરાવવા માંગ



**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણીના સાંકડા રસ્તા

શહેરના વિવિધ વિસ્તારોમાં દરરોજની ટ્રાફીક સમસ્યાના કાયમી ઉકેલ માટે મંજૂર બાયપાસ રોડનું કામ જલ્દીથી શરૂ કરાવવા માંગ ઉઠી છે.

કોટડાસાંગાણીની વધતી વસ્તી અને શહેરમાં વાહનોની સતત અવરજવર વચ્ચે સાંકડા રસ્તાઓમાં દરરોજ ટ્રાફીકની સમસ્યા રહે છે. તાલુકા મથકે આસપાસના ગામોની અવર જવર બજાર અને શાળા, દવાખાનાની એમ્બ્યુલન્સોના પરીવહનમાં મુશ્કેલી નીવારવા માટે નવા બાયપાસનું કામ જલ્દીથી શરૂ કરવા માંગ કરી છે.

# વાંકાનેર:પિતાએ ઠપકો આપતા પુત્રએ એસિડ પી કર્યો આપઘાત

## કામ ધંધો ન કરી, ખોટા રવાડે ચડી ચુકેલ ૧૯ વર્ષીય યુવકે જીંદગીનો અંત આણ્યો

**અબતક,ઋષી મહેતા, મોરબી**

વાંકાનેરના રોયલ પાર્ક શેરી નં.૩ માં રહેતા ક્રિશ દીપકભાઈ જાદવ ઉવ.૧૯ એ ગત તા.૨૬/૦૧ના રોજ અમરસર બસ સ્ટેન્ડ પાસે એસિડ પી લીધું હોય જે બાદ તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કર્યો હોય જ્યાં સારવાર કારગત ન નિવડતા ક્રિશભાઈનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હોય, ત્યારે પોલીસ તપાસમાં મૃતકના પિતા પાસેથી મળેલ વિગતો મુજબ ક્રિશ કોઈ કામ ધંધો ન કરતો હોય તેમજ ખોટા રવાડે ચડી ગયો હોય, સમયસર ઘરે ન આવતો હોય ત્યારે પિતા દીપકભાઈ દ્વારા આપેલ ઠપકા અંગે મૃતક ક્રિશને લાગી આવતા અંતિમ પગલું ભરી લીધું હોય. હાલ વાંકાનેર સીટી પોલીસે અ. મોતની નોંધ કરી વધુ તપાસ ચલાવી છે.

# માળીયા(મી):બોલેરોના ચોરખાનામાં છુપાવેલો વિદેશી દારૂના જંગી જથ્થા સાથે બે ઈસમોની અટક

## સ્થાનિક પોલીસે દરોડો પાડી ૨૩૨ નંગ દારૂ અને વાહન મળી રૂ. ૫.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસ ટીમ સુરજબારી ચેકપોસ્ટ ખાતે સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી અનુસંધાને વાહન ચેકીંગમાં હોય તે દરમ્યાન બોલેરો કારના ચોરખાનામાં છુપાવેલ વિદેશી દારૂની ૨૩૨ નંગ બોટલ સાથે બે પકડાયા, હાલ પોલીસે બોલેરો સહિત ૫.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી અનુસંધાને મોરબી જીલ્લામાં પ્રોહીબીશન-જુગારની પ્રવૃતિ સદંતર નાબુદ કરવા જીલ્લામાં આવેલ એન્ટ્રી તથા એકઝીટ પોઈન્ટ ઉપર ચેકપોસ્ટ ઉભી કરી સઘન વાહન ચેકીંગ કરવા સુચના કરેલ હોય

જે અનુસંધાને માળીયા(મી) પોલીસ મથક પીઆઇ આર સી ગોહિલ સહિત સર્વેલન્સ ટીમ માળીયા(મી) સુરજબારી ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ કરતા હોય તે દરમ્યાન એક શંકાસ્પદ બોલેરો કાર નીકળતા તેને ઉભી રખાવી ચેક કરતા શંકા જતા કારને સાઈડમાં રખાવી જીણવટ ભરી રીતે તપાસ કરતા મહિન્દ્રા બોલેરો પીકઅપ કાર નં. જીજે-૩૬-ટી-૧૯૯૨ વાળીના ઠાઠામાં બંને સાઈડ તથા નીચેના ભાગે ચોરખાનુ બનાવી તેમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેથી પોલીસે આરોપી દશરથભાઈ હરકનભાઈ ખાંભલા ઉવ.૨૬ રહે. રામપુરા છોટા તા.ધાનેરા જી.બનાસકાંઠા તેમજ આરોપી બાબુભાઈ જવાનાજી ભાડચા ઉવ.૪૦, રહે. જાલડા, તા.રાનીવાડા, જી.ઝાલોર, રાજસ્થાન હાજર મળી આવતા બંનેની અટક કરી હતી, ત્યારે પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૩૨ બોટલ કિ.રૂ.૨,૫૧,૦૪૨/- તથા બોલેરો ગાડી સહિત ૫,૫૧,૦૪૨/-નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના રણમલપુર ગામે જંતુનાશક દવા ગટગટાવી લેતા યુવકનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

જાણવા મળતી વિગતો અનુસાર હળવદના રણમલપુર ગામે ખોડાભાઈ પટેલની વાડીમાં રહેતા મૂળ પંચમહાલ જીલ્લાના મોટા સદલીયા ગામના વતની મહેશભાઈ બાબુભાઈ આદિવાસી ઉવ.૨૨ ગત તા.૦૨/૦૨ના રોજ ઉપરોક્ત વાડીએ હોય તે દરમિયાન કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે ખડ મારવાની દવા પી લેતા પ્રથમ ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ બાદ સુરેન્દ્રનગર ગાંધી હોસ્પીટલ બાદ રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે સારવારમા લઈ ગયેલ હોય જયા સારવાર દરમ્યાન તા-૦૩/૦૨ના મહેશભાઈનું ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યુ હતું. ત્યારે મૃત્યુના બનાવ બાદ હળવદ પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર અને કાલાવડની બે પરણીતાને સાસરીયાઓનો ત્રાસ

## સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ફરિયાદ નોંધાવાઈ

**અબતક, જામનગર**

જામનગરમાં રહેતી એક પરણીતાને રાજકોટમાં રહેતા તેણીના સાસરિયાઓએ ત્રાસ ગુજારી હાંકી કાઢ્યા ની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં નોંધાવાઈ છે, જ્યારે કાલાવડમાં રહેતી એક પરણીતાને તેણીના પતિએ ત્રાસ આપ્યા ની ફરિયાદ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

જામનગરમાં લાલવાડી આવાસ માં રહેતી અને રાજકોટ પરણાવેલી મીનાબેન હરેશભાઈ મારડિયા નામની ૨૧ વર્ષની પરણીત યુવતી એ પોતાને મારકુટ કરી ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢવા અંગે પોતાના પતિ હરેશ મગનભાઈ મારડિયા, સાસુ જયશ્રીબેન મગનભાઈ મારડિયા, સસરા મગનભાઈ ધનજીભાઈ મારડિયા, દીયર રવિભાઈ મગનભાઈ મારડિયા, અને દેરાણી મયુરીબેન રવિભાઈ મારડિયા સામે ફરિયાદ નોંધાવતાં મહિલા પોલીસે તમામ આરોપીઓ સામે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ગુનો નોધી તપાસનો દોર રાજકોટ સુધી લંબાવ્યો છે.

કાલાવડમાં નાની વાવડી રોડ પર રહેતી નીતાબેન નરશીદાસ શ્રીમાળી નામની ૩૬ વર્ષની પરણીત યુવતીએ પોતાને મારકુટ કરી ત્રાસ ગુજારી પતાવી દેવાની ધમકી આપવા અંગે પોતાના પતિ જામજોધપુર તાલુકાના સડોદર ગામમાં રહેતા નરશીદાસ વલ્લભદાસ શ્રીમાળી સામે કાલાવડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે મામલે કાલાવડ ટાઉન પોલીસ તપાસ ચલાવે છે.

# માળીયા(મી)નજીક ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરતા બે શખ્સ પકડાયા, સુત્રધાર ફરાર

## પોલીસે દરોડો પાડી ટેન્કર, એલડીઓ ભરેલા ચાર બેરલ મળી રૂા.૪૩.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસ દ્વારા ડીઝલ ચોરી કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં માળીયા(મી) પોલીસને બાતમી મળેલ કે તાલુકાના ચાચાવદરડા ગામની સીમમાં ટેન્કરોના ડ્રાઈવરો સાથે સાંઠગાંઠ કરી ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરવામાં આવતી હોય જેથી પોલીસ દ્વારા રેઈડ કરીને બે પરપ્રાંતિય ઈસમોની ૪૩.૭૫ લાખના મુદ્દામાલ સાથે અટક કરવામાં આવી છે, ત્યારે ડીઝલ ચોરી રેકેટનો મુખ્ય આરોપી રેઈડ દરમિયાન સ્થળ ઉપર હાજર નહીં મળી આવેલ જેથી તેને ફરાર દર્શાવી પોલીસે કુલ ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.



માળીયા(મી) પોલીસ મથકના પીઆઇ આર.સી.ગોહિલને ખાનગીરાહે હકીકત મળેલ કે, મોટીબરાર ગામનો દશરથભાઈ જશાભાઈ હુંબલ દેવભુમિ દ્વારકાથી કચ્છ તરફ જતા ટેન્કરોમાં પેટ્રોલ/ડીઝલ/ઓઈલ ભરીને આવતા ટેન્કરના ડ્રાઈવર સાથે મેળાપીપણુ કરી અનઅધિકૃત રીતે ટેન્કરમાંથી ઓઈલ/ડીઝલ/પેટ્રોલની ચોરી કરતો હોય અને હાલમાં તેની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલુ હોવાની હકીકત આધારે માળીયા(મી) પોલીસે સઘન પેટ્રોલિંગ કરી ચાચાવદરડા ગામની સીમમાં આવેલ બંધ ફાર્મહાઉસ પાસે ખરાબામાં ટેન્કર રજી.નં. આરજે-૧૪-જીજી-૩૭૯૦ વાળામાંથી લાઈટ ડીઝલ ઓઈલની ચોરી કરતા બે ઈસમોને કુલ રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, ત્યારે માળીયા(મી) પોલીસે સ્થળ ઉપરથી એલ.ડી.ઓ. ભરેલ ટેન્કર કિ.રૂ.૪૩,૦૯,૦૦૦/-, એલ.ડી.ઓ. ભરેલ બેરલ નંગ-૦૪ તથા કેરબા નંગ-૦૬ કિ.રૂ.૫૨,૨૫૦/-, મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૦,૦૦૦/- તથા ચોરી કરવામાં ઉપયોગમાં લીધેલ અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂ. ૪૩,૭૪,૬૫૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નવદીપભાઈ પુરણભાઈ દુકીયા ઉવ.૨૪, રહે.ખાવડી, તા.જી.જામનગર મુળ રહે. રાજસ્થાન, આરોપી તારાચંદ હરલાલસિંગ દુકીયા ઉવ.૨૭, રહે. મંડુલી હોટલ,ખાવડી, તા.જી.જામનગર મુળ રહે. રાજસ્થાન વાળાને ઝડપી લેવામાં આવ્યા છે. ઉપરોકત દરોડા દરમિયાન આ ગોરખધંધાનો મુખ્ય આરોપી દશરથભાઈ જશાભાઈ હુંબલ રહે. મોટી બરાર તા.માળીયા(મી)વાળો સ્થળ ઉપર હાજર મળી આવેલ ન હોય જેથી પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી ફરાર મુખ્ય આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# લાલપુર અને જામજોધપુરમાં વાહનચોર ટોળકી સક્રિય

## બે બાઈક અને ટ્રેક્ટરની ટ્રોલીની ચોરીની ફરિયાદ

**અબતક, જામનગર**

જામનગર શહેર, લાલપુર અને જામજોધપુરમાં વાહન ચોર ટોળકી ફરીથી સક્રિય બની છે, અને બે મોટરસાયકલ તેમજ એક ટ્રેક્ટરની ટ્રોલી ની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

જામનગરમાં હર્ષદ મિલની ચાલી પાછળ રહેતા વિજયભાઈ રમેશભાઈ સોમેશ્વરા નામના યુવાને જોલી બંગલા પાસે એક ટ્રાવેલ્સ ની ઓફિસ નજીક પાર્ક કરેલું પોતાનો મોટરસાયકલ કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

લાલપુર તાલુકાના નાની રાફુદડ ગામમાં રહેતા અને એપ્રેન્ટિસ તરીકે અભ્યાસ કરતા અયુબભાઈ ગુલમામદભાઈ વાંઢા નામના ૨૦ વર્ષના વિદ્યાર્થી યુવાને લાલપુરના એસ.ટી. બસ સ્ટેન્ડ ની બાજુમાં પાર્ક કરેલું પોતાનું બાઈક કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ લાલપુર પોલીસ મથકમાં નોંધાવી છે.

જામજોધપુર તાલુકાના કોટડા બાવીસી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા રમેશભાઈ ચંદુભાઈ કણસાગરા નામના ખેડૂતે પોતાના ઘર પાસે ખુલ્લા પ્લોટ માં રાખેલા ટ્રેક્ટરની ટ્રોલી ની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ જામજોધપુર પોલીસ મથકમાં નોંધાવી છે.

જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

# રાજકોટ બસ પોર્ટમાં વગર વરસાદે મુસાફરોને છત્રી લઈ જવી પડે તેવી કરૂણ સ્થિતિ

## બસ પોર્ટમાં મેઈન્ટેનન્સના અભાવે ચાર વર્ષમાં કફોડી સ્થિતિ: વ્યવસ્થા ભાંગીને ભૂકકો:ચુવાંક થતાં નીચે ડોલ મૂકવી પડી

**અબતક રાજકોટ**

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પટેલ નાગજીભાઈ વિરાણી, પૂર્વ ફૌજી નટુભા ઝાલા, જીજ્ઞેશભાઈ પાટડીયા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, સરલાબેન પાટડીયા, કૈલાશબેન વાઘેલાના જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૦ માં બનાવાયેલા ઢેબર રોડ પરનું એસ.ટી બસ પોર્ટ એ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને એમવીઓમની શાયોના બીઆઈપીએલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પીપીપી યોજના હેઠળ અધ્યતન એરપોર્ટ એ માત્ર કોમર્શિયલ પ્રોજેક્ટ બનીને રહી ગયો. ૧૭૫ કરોડના ખર્ચે બનેલ આ બસ સ્ટેશન થાળી ભાંગીને વાટકો કર્યું. રીબીન કાપવા અને નવી વોલ્વો બસોના ઉદઘાટન સમયે દેખાતા મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો એસ.ટી બસ સ્ટેશનમાં પછી ફરકતા જ નથી. જે પગલે એસટીમાં ચાલતા બેફામ ભ્રષ્ટાચારો અને મુસાફરોને પડતી હાલાકી બેકાબૂ બની છે. તે સમયે ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ દ્વારા કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા એસ.ટીના તંત્રને ઢાંઢોળી રહી છે.

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં કે જ્યાં રોજ ૧૫૦૦ થી વધુ બસોની અવર જવર રહે છે અને હજારો મુસાફરો જ્યારે રાજકોટ એસ.ટી બસ પોર્ટ પર આવતા હોય ત્યારે ફક્ત ચારેક વર્ષમાં આ એસ.ટી બસ પોર્ટ મેઈન્ટેનન્સના અભાવે કફોડી હાલત થઈ ગઈ છે અને વ્યવસ્થા પણ ભાંગીને ભૂકકો થઈ છે. એસ.ટી બસ પોર્ટ એ ચોર, લુંટારા, પોકેટમાર, ગઠીયાઓ, અસામાજિક તત્વો અને આવારા ગુંડા તત્વોનું આશ્રય સ્થાન બન્યું છે. એસ.ટી બસ પોર્ટ ની પોલીસ ચોકી એ શોભાના ગાંઠિયા જેવી બની ગઈ છે. પોલીસોની ગુટલી અસામાજિકો માટે મોકળું મેદાન બની છે. એસ.ટી બસ પોર્ટ



માં વગર વરસાદે મુસાફરોને છત્રી લઈને આવવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે બે થી ત્રણ જગ્યાએ મુસાફરોની બેઠક વ્યવસ્થા પર છતમાંથી પાણી ટપકતું જોવા મળે છે. ચોમાસા દરમિયાન વરસાદ માં ઓન ધ રોડ ખખડધજ અને ભંગાર ચાલતી એસ.ટી બસોમાં છત્રી લઈને બેસવું પડે જ્યારે વગર વરસાદે એસ.ટી બસ પોર્ટ માં છત્રી લઈ આવવી પડે તેવી સ્થિતિ છે. પ્લેટફોર્મ નંબર ૫ પર બેથી ત્રણ જગ્યાએ બસ પોર્ટ ની છતમાંથી પાણી ટપકતું હોવાને પગલે નીચે પાણીની ત્રણેક ડોલો મૂકવી પડી છે આ પરિસ્થિતિ છેલ્લા ત્રણેક દિવસથી હોવાને પગલે અધિકારીઓને ફરિયાદ કરવા છતાં ફરિયાદનું નિરાકરણ ન થતાં ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલાએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરો નોંધવાની ફરિયાદ પોથીમાં લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. ૧૭૫ કરોડના ખર્ચે બનેલું આ બસ સ્ટેશન હાલ ભંગાર અને ખખડધજ બની ગયું છે.એસ.ટી બસ પોર્ટમાંની છતમાંથી પ્લેટફોર્મ નંબર ૫ અને ૧૫ માંથી એસ.ટી માં ચાલતા ભ્રષ્ટાચારના પોપડા છતમાંથી ઉખડીને બહાર આવી ગયા છે. છતમાં બખોરા પડી ગયા છે.

એસ.ટી ના અધિકારીઓ, કોન્ટ્રાક્ટરોની અને પોલીસ તંત્રની બેદરકારી અને લાપરવાહીના પગલે મુસાફરોએ જાન પણ ગુમાવ્યા છે તે પોલીસ સ્ટેશનના રેકોર્ડ પર મૌજુદ છે. એસ. ટી બસ પોર્ટ માં સીસી ફૂટેજ કેમેરા હોવા છતાં રોજબરોજ મુસાફરોના સામાન કે પાકીટ ચોરવાની ઘટના સામાન્ય બની ગઈ છે. એસ.ટી બસ પોર્ટ માં યૂરીનલમાં બાથરૂમ જવાનો લાખો નો ભ્રષ્ટાચાર પોલીસ ચોકીની બાજુમાં અને એસ.ટીના અધિકારીઓના નાક નીચે ચાલી રહ્યો છે મુસાફરો લૂંટાઈ રહ્યા છે. નિંભર તંત્ર વાહકો તમાશો જોઈ રહ્યા છે.

# ધ્રાંગધ્રાના ઈશદ્રા ગામે વળતરના મુદ્દે કામ અટકાવનાર ખેડૂતોની અટકાયત

## પાવરગ્રીડ કંપની દ્વારા એસઆરપીના બંદોબસ્ત સાથે કામ શરૂ કરતા ખેડુતનો વિરોધ




**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના ઈસદ્રા ગામે ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી પાવરગ્રીડ વીજ લાઈન નું યોગ્ય વળતર મુદ્દે ખેડૂતોએ વિરોધ કર્યો છે. ખેડૂતોની પરમિશન વિના જ ખેતરોમાં કામ શરૂ કરી દેવાતાં ખેડૂતોએ હંગામો કર્યો હતો. ખેડૂતો દ્વારા રોષ વ્યક્ત કરતાં મામલો ઉગ્ર બન્યો હતો અને ખેડૂતો અને પાવર ગ્રીડના અધિકારીઓ વચ્ચે તું તું મે મે થતા ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી..

ધ્રાંગધ્રા તાલુકાના ઈસદ્રા ગામે પાવર ગ્રીડ કંપની દ્વારા ખેડુતોના ખેતરમાં જે.સી.બી સહિતના સાધનો લઈ ખાડા કરવા માટે ઘુસી ગયા હતા જેની જાણ ખેડૂતોને થતાં જ ગામના ખેડૂતો ખેતરે જઈ કંપનીનો વિરોધ કર્યો હતો અને કંપનીના સાધનોને ખેતરમાંથી બહાર કરી દેતા ધાંગધ્રા નાયબ કલેકટર ની હાજરીમાં ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી જેમાં ખેડૂતોના ઊભા પાક પર જે.સી.બી ફેરવી ખેડૂતોને નુકશાની થવાના લીધે ખેડૂતો કંપની સામે લાલઘૂમ થયા હતા ખેડૂતો દ્વારા જણાવાયું હતું કે તેઓને કંપનીના કામ સાથે કોઈ વાંધો નથી પરંતુ પૂરતી વળતર આપવું જોઈએ કારણ કે મોરબી જિલ્લામાં ખેડૂતોને જે પ્રકારે વળતર મળ્યું છે તેના સામે સુરેન્દ્રનગર જિલ્લામાં વળતર ઓછું આપવામાં આવે છે જેથી પૂરતું વળતર મળશે તો ખેડૂતો કંપનીને કામ કરવાની પરવાનગી આપશે જ્યારે ખેડૂતો દ્વારા પૂરતા વળતરની માંગણી લઈને ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરાને જાણ કરી કેટલાક ખેડૂતો દ્વારા તાત્કાલિક સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત ખાતે રજૂઆત કરવા પણ દોડી ગયા હતા જતા તેમ છતાં ઈસદ્રા ગામે કંપનીના અધિકારીઓ અને એસઆરપી ના જવાનોને સાથે રાખીને કામ શરૂ કરતા ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવતા ખેડૂતોની અટકાયત કરવામાં આવી હતી.

# અમરેલી: એસ.એચ.ગજેરા કેમ્પસના ટેક ફેસ્ટ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા ડીડીઓ પી.બી.પંડ્યા

## બાળ વૈજ્ઞાનિકોએ સૌરમંડળ, એર પોલ્યુશન, ટેબ ગાર્ડન સહિતની તદ્દન નવી ટેક્નોલોજી સાથે નવા કોનસેપ્ટ રજુ કર્યા

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા ખાતે જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા ટેકફેસ્ટ ૩.૦ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ જેવા વિષયો પર આધારીત મોડલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સૌરમંડળ, એર પોલ્યુશન કંટ્રોલ, દૃષ્ટિ ઈન્ડિકેટર યંત્ર, ટેબ ગાર્ડન, કોડિંગ સિસ્ટમ અને સેન્સર ટેક્નોલોજી જેવી તદન નવા કોન્સેપ્ટ થી આવનવી સંકળનાઓ રજૂ કરી. ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને પોતાની સુષુપ્ત ક્ષમતાઓ પ્રદર્શિત કરી હતી. ટેક ફેસ્ટ ૩.૦ કાર્યક્રમનું



ઉદઘાટન જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા દ્વારા કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન તરીકે નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોશી અને ડિસ્ટ્રિક્ટ પ્રાઈમરી એજ્યુકેશન ઓફિસર જી.એમ. સોલંકી હાજર રહ્યા હતા. તેમણે બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે આજના યુગમાં ટેકનોલોજી અને વિજ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરીને પર્યાવરણને સંભાળતા એક શ્રેષ્ઠ જીવનશૈલી અપનાવી શકાય. આ પ્રદર્શન નિહાળવા ૪,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મંત્રી ચતુરભાઈ ખુંટ તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ માર્ગદર્શક શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

# પડધરીમાં ધરતી ચેરી.ટ્રસ્ટ દ્વારા સાંજના અન્નક્ષેત્રની સેવા શરૂ



**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

ધરતી ટ્રસ્ટ દ્વારા દસ વર્ષ પહેલાં બપોરના અન્નક્ષેત્ર સેવા ચાલુ કરવામાં આવી હતી. જેમાં પડધરી અને ધ્રોલમાં ભોજન પહોંચડવામાં આવે છે આ સેવાનો લાભ શરૂઆતમાં આઠથી દસ લાભાર્થીઓ લેતા હતા . ટ્રસ્ટ દ્વારા હવે સાંજની અન્નક્ષેત્રની સેવા પડધરી ખાતે શરૂ કરવામાં આવી છે. તો દસ વર્ષની આ સફરમાં આજે ધરતી ટ્રસ્ટની સેવા બંને સમય થઈને ૧૦૦ થી વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચતી થઈ ગઈ છે.

પ્રગટેશ્વર મહાદેવના મહંત હેમંતગીરી બાપુ અને બિલેશ્વર મહાદેવના મહંત વિશાલગીરી બાપુ દ્વારા અન્નપૂર્ણા રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મનુભાઈ ડોડીયા, રાજુભાઈ જોશી, હિરેનભાઈ ઉપાધ્યાય, ગૌરવભાઈ લખતરિયા, મગનભાઈ ચાવડા, દેવરાજભાઈ, રમણીકભાઈ રાઠોડ, વિજયભાઈ લુણાગરિયા, રામાભાઈ સાંજવા ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પડધરી અને ધ્રોલ ખાતે છેલ્લા દસ વર્ષથી હરતું ફરતું અને ક્ષેત્ર મેડિકલ સાધનોની સહાય આરઓ વોટર, એટીએમ, બટુક ભોજન, કપડા વિતરણ, પક્ષીના માળા અને પાણીના કુંડાનું વિતરણ સહિતના સેવા કાર્ય ચાલી રહ્યા છે.

# માણાવદરના બાપા સીતારામ મંદિરે ગુરૂવારે ભવ્ય ભંડારો

## સતાધારના મહંત શામજીબાપુની પૂણ્યતીથી નિમિતે સેવાભાવી મગનભગત દ્વારા ભંડારા રૂપ પ્રસાદીનું આયોજન

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

ભારતભરમાં અતિ ખ્યાતિ પામેલ સૌરાષ્ટ્રની સેવાકીય અને ધાર્મિક જગ્યા એટલે ગીરના વિસાવદર પંથકમાં આંબાજળ નદીને કાંઠે વસેલ સતાધારના વિશાળ જગ્યા જેને અનાથ અને દીન દુઃખીયાના પેટ ઠારતી જગ્યા કહેવાય છે અહી દીન, દુઃખી, અનાથ તથા રોગીઓની સેવા કરવામાં આવે છે. અને બારેમાસ સદાવ્રત ચાલી રહ્યું છે.

અમરેલી જિલ્લાના રામટીંબલા ગામન ગધ્ધઈ મુસ્લિમ અલૈયાની પત્ની સુરૈયા ઉર્ફે લાખુબાઈના દીકરા 'ગીગા'એ આ જગ્યા સ્થાપી છે. તેથી તે 'આપા ગીગા'ની જગ્યાથી પણ ઓળખાય છે.

આપાગીગા પછી આ જગ્યામાં ગાદીએ આવેલા સંતોમાં એક શામજીબાપુ પણ હતા શામજીભગતની સેવાકીય ભકિતએ સતાધારને મોટી ઓળખ અપાવી છે.

શામજીબાપુના દેહવિલય પછી પ્રતિવર્ષ ભંડારાના આયોજનો થાય છે. જે અંતર્ગત માણાવદરમાં એન.જી.રોડ ઉપર આવેલ બાપાસીતારામના મંદિરે મહા સુદ ૯ તા. ૬.૨ને ગુરૂવારે ભંડારા સ્વરૂપ પ્રસાદીનું આયોજન આ મંદિરના ભગત મગનભાઈ ચૌહાણ દ્વારા શામજી ભગતની પૂણ્યતિથિ ઉજવણીનું આયોજન થયું છે.બાપા સીતારામનું આ મંદિર દર પૂનમે પણ નિયમિત બટુક ભોજનના આયોજનો કરે જ છે મગન ભગત સેવાને વરેલા છે.

પૂણ્યતિથિ-ભંડારા-પ્રસાદીની ઉજવણીમાં સસ્તુ પૂણ્ય કમાઈ લેવા દાતાઓએ હાથ છૂટા કરી દીધા છે. તેમાં મુખ્ય કલાણાના જમનભાઈ પરમાર તથા કોઠારિયા ગામના રવજીભાઈ કાચા અને કેતનભાઈ તથા નાંદરખા ગામના મણીયાભાઈ, તથા જવલખી ગામના કેતનભાઈ વગેરેનો મુખ્ય ફાળો છે. આવા દાતાઓ થકી જ મંદિરો જગઓ ટકી રહી છે. ભગત મગનભાઈ ચૌહાણે આ ભંડારારૂપ પ્રસાદી કાર્યક્રમમાં સૌને નોતર્યા છે.

### નગરપાલિકા તંત્ર ધ્યાન દેશે?

# ઉપલેટામાં પીવાના પાણીમાં ગટરના દુષિત પાણી ભળતા અટકાવવા માંગ



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરના વિકાસને ધ્યાનમાં લઈ ઉમેદવારો મતદાન સમક્ષ બે હાથ જોડીને વિકાસને મત આપશો તેવી વાતો કરી રહ્યા છે ત્યારે છેલ્લા ઘણા સમય થયા વોર્ડ નં.૬ માં ઢાંકમા ગારા અને પટેલ પાનની સામે શેરીને ત્રણમાં ગટરનું પાણી પીવાના પાણીમાં ભરી રહ્યું છે. આ અંગે જાગૃત નાગરીક કે.કે. કાલરીયાએ રજુઆત કરેલ પણ કોઈ ઉકેલ નથી આવતો નવી બંધાઈ રહેલી કુંડીઓમાં ભ્રષ્ટાચારી થઈ રહ્યો છે. ઢાંકણા અને કુંડી તુટી ગયેલ જોવા મળે છે. આ અંગે ધ્યાન આપે તેવી માંગ ઉઠી છે.

# પાટણ શહેર ભાજપ પ્રમુખ પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ

**અબતક, રાજકોટ**

પાટણ જીલ્લા ભાજપ પ્રમુખ ડો. દશરથજી ઠાકોર દ્વારા પ્રદેશ ભાજપ મોવડી મંડળની સુચના અનુસાર ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ રાજેશભાઈ અમૃતલાલ પટેલને ચાણસ્યા શહેર ભાજપ પ્રમુખ તથા પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

## દુકાનદાર પતિ મારામારીના ગુનામાં જેલમાં હતો ત્યારે

# રાજકોટ: પરિચિત રીક્ષાચાલકે ઘરે ધસી જઈ પુત્રી સાથે અડપલાં કર્યા બાદ પરિણિતા પર દુષ્કર્મ આચર્યું

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર રહેતી પરિણીતા પર પરિચિત રીક્ષાચાલકે દુષ્કર્મ આચર્યાનો બનાવ સામે આવ્યો છે. પરિણીતાના પતિ મારામારીના ગુનામાં જેલમાં હોય દરમિયાન પતિની દુકાને આવતા રીક્ષાચાલકે પરિણીતા સાથે પરિચય કેળવી ઘરે ધસી જઈ ત્રણ વર્ષની માસુમ બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા બાદ પરિણીતાને સમાધાન અર્થે હોટેલ ખાતે બોલાવી દુષ્કર્મ આચરી રૂ. ૩૦ હજારની રોકડ અને મોબાઈલ પણ પડાવી લીધો હતો. આ બનાવ મામલે ગાંધીગ્રામ પોલીસમાં પોકસો એકટ તેમજ દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

સમગ્ર મામલામાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતો કરણ બાદલભાઈ દબગીર ઉ.વ.૨૫ નામનો રીક્ષા ચાલક તેના જ વિસ્તારમાં આવેલી કરીયાણાની દુકાને માલ સામાન આપવા જતો હતો. જે દુકાનદાર મારામારીના ગુનામાં જેલ હવાલે થતાં તેમની પત્ની દુકાન સાંભળતી હતી. દરમિયાન પરિણીતાને રીક્ષા ચાલક સાથે મૈત્રી સંબંધ બંધાયો હતો.

પતિ મારામારીના ગુનામાં જેલમાં જતાં પરિણીતાએ શખસને વાત કરી હતી જેથી શખસે તેનો લાભ ઉઠાવી તેણી સાથે ફોનથી તેમજ દુકાને રૂબરૂ જઈ વાતો કરતો હતો.બાદમાં મારી નાખવાનો ભય ઉભો કરીને તેણીની ત્રણ વર્ષ બે માસ ઉંમરવાળી દીકરી પર નજર બગાડી શારીરીક અડપલા કર્યા હતા અને તેણીને બદનામ કરવાની ધમકી આપી સમાધાન કરવાના બહાને અવાર નવાર હોટેલમાં લઈ જઈ તેણીની મરજી વિરૂધ્ધ શખસે દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ ૩૦ હજાર રોકડ તથા મોબાઈલ ફોન પડાવી લીધો હોવાથી તેણીએ ફરિયાદ નોંધાવતા પીઆઈ સેજલ મેઘાણીએ પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી રીક્ષા ચાલક શખસની શોધખોળ હાથ ધરી છે.

# કુતિયાણા ખાતે પત્ની સાથે બોલાચાલી થતાં પતિનો આપઘાત

## વાડી ખાતે ઝેરી દવા ગટગટાવી લેતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લાના કુતિયાણા ખાતે પત્ની સાથે બોલાચાલી થતાં પતિએ આપઘાત કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. વાડી વિસ્તારમાં પત્ની સાથે બોલાચાલી થતાં ખેતરમાં જીવાતને મારવા છાંટવામાં આવતી ઝેરી દવા ગટગટાવી લેતા યુવાનનું રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર કુતિયાણા ખાતે રહેતા જશુભાઈ ભીખાભાઈ વાઘેલા(ઉ.વ.૩૦) લખુભાઈ ભુરાભાઈની ૪૦ વીઘાની વાડી ભાગીયે વાવતા હતા. ગત ૨૯ જાન્યુઆરીના રોજ વાડી ખાતે પત્ની સાથે કોઈક બાબતે બોલાચાલી થતાં માંઠુ લાગી આવ્યું હતું. જે બાદ જશુભાઈએ ધાણામાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પતિએ પગલું ભરતા તાત્કાલિક પત્ની સહિતનાએ પ્રથમ ઉપલેટા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જૂનાગઢ ખાતે તબિયતમાં સુધારો થઈ જતાં જશુભાઈએ હોસ્પિટલમાંથી રજા લઈ લીધી હતી પણ તે જ રાત્રે ફરીવાર તબિયત બગડતા સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન યુવકનું મોત નીપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. જશુભાઈના મોતથી પાંચ પુત્રીઓ અને એક પુત્ર એમ કુલ છ સંતાનોએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી.

# રાજકોટ: મકાનમાંથી રૂ. ૩.૧૨ લાખના સોનાના દાગીના ઉઠાવી જનાર બંટી-બબલીની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગરમાં આવેલ રહેણાંક મકાનમાંથી રૂ. ૩.૧૨ લાખના સોનાના દાગીનાની ઉઠાવી જનાર બંટી-બબલીની ધરપકડ કરી લેવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગત પેલી ફેબ્રુઆરીના રોજ હર્ષાબેન પરેશાના સંતોષીનગરમાં આવેલ મકાનમાંથી ઘરનું તાળું ચાવી વડે ખોલી કબાટની તિજોરીમા રાખેલ સોનાના દાગીના જેમા આશરે સાડા ચાર તોલાનો ચેઈન કીમત રૂ. ૧,૨૧,૦૦૦, સોનાની લકી આશરે ત્રણ તોલાની કીમત રૂ. ૮૪,૦૦૦, સોનાનો ચેઈન પેન્ડલ સહીત જે અડધા તોલાનો જેની કીમત રૂ. ૧૪,૦૦૦, સોનાની બુટીના ત્રણ નંગ નં આશરે સાડા સાત ગ્રામ (પોણા તોલો) જેની કિંમત રૂ. ૮૦૦૦, સોનાની વીટી ત્રણ નંગ આશરે અઢી તોલા જેની કિંમત રૂપીયા ૭૦,૦૦૦ મળી એમ તમામ સોનાના દાગીનાની કુલ રૂ. ૩,૧૨,૦૦૦ની મતાની ચોરીની ફરિયાદ પ્ર.નગર પોલીસમાં નોંધાઈ હતી.

જે મામલે પ્ર.નગર પોલીસણા પીઆઈ વસાવા અને ડોબરીયાના નેતૃત્વમાં પીએસઆઈ બેલીમની ટીમે તપાસ શરૂ કરતા એએસઆઈ ડી.વી.ખાંભલા, કોન્સ્ટેબલ રીયાઝભાઈ ભીપૌત્રા, વનરાજભાઈ બોરીયા, તોફીકભાઈ મંધરાએ સીસીટીવી ફુટેજ તથા ટેકનિકલ સોર્સથી ફુટેજ આધારે એક શંકાસ્પદ પુરૂષ તથા મહીલાને મોટરસાયકલ ઉપર બેસી શંકાસ્પદ હાલતમાં બનાવ સ્થળે જતા-આવતા જોવામા આવતા ફુટેજ આધારે મહીલાને શોધી પોલીસની હાજરીમા પુછપરછ કરતા દંપતીએ ક ઘરફોડ ચોરીને અંજામ આપ્યાની કબૂલાત આપી હતી.

જે બાદ પ્ર.નગર પોલીસે ચોરીમાં ગયેલ સોનાના દાગીના સહીત રૂ. ૩.૩૨ લાખના મુદ્દામાલ સાથે મિલનભાઈ ધીરિંદ્રભાઈ જોટંગીયા (ઉ.વ. ૨૫) અને શીતલબેન મિલનભાઈ ધીરંદ્રભાઈ જોટંગીયા (ઉ.વ. ૨૫) બંને રહે. લાલબહાદુર શાસ્ત્રી આવાસના કવાર્ટરના ત્રીજા માળે, બ્લોક નં. ૩૪, રાજકોટ અને મુળ રહે ભોજરાજપરા મામાદેવ મંદિર પાછળ મફતીયુ કુંભારવાડો, ગોંડલની ધરપકડ કરી લીધી હતી.

# જામનગર ક્રાઈમ ડાયરી

## ધ્રાંગડા ગામે વૃદ્ધ દંપતી અને તેના પુત્ર પર લીઝના મામલે ૪ શખ્સોનો હુમલો

### તમારી લીઝમાં અમારી પાંચ ગાડી ચલાવવી પડશે તેમ કહી માર મારી કરી હડધુત કર્યાની પોલીસ ફરિયાદઃ લીઝમા રેતી કાઢવાનો વિડીયો ઉતારી રહેલા યુવાને હુમલા અંગે સામા પક્ષે પણ વળતી ફરિયાદ નોંધાવી

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના ધ્રાંગડા ગામમાં રહેતા અને રેતીની લીઝ ધરાવતા એક બુઝુર્ગે પોતાના ઉપર તેમજ પોતાના પત્ની અને પુત્ર ઉપર હુમલો કરી દઈ ઈજા પહોંચાડવા અંગે ધ્રાંગડા ગામના ૪ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. તમારી લીઝની જમીનમાં અમારી પાંચ ગાડી ચલાવવા દેવી પડશે, અને જો તે ગાડી ચલાવવા નહીં આપો તો અમોને પૈસા આપવા પડશે, તેમ કહી ધાકધમકી આપ્યાની અને દલિત જ્ઞાતિ ના હોવાથી સમાજમાં હલકા પાડવામાટે હડધૂત કરવા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે. જયારે સામા પક્ષે પણ વળતી ફરિયાદ નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના ધ્રાંગડા ગામમાં રહેતા કરસનભાઈ દેવશીભાઈ મકવાણા નામના ૮૨ વર્ષના બુઝુર્ગ કે જેઓએ પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર નરેશ અને પોતાના પત્ની રૂડીબેન પર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે એઝાઝ સુમાર સફિયા, ઈકબાલ સુમાર સફિયા, યાકુબ સુમાર સફિયા અને રાજેશ નાનજી દેવીપુજક સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીની લીઝની જમીનમાં ઉપરોક્ત આરોપીઓ ઘૂસી ગયા હતા, અને ખાંભા વગેરે કાઢી નાખ્યા હતા.

જે અંગે તેઓને રોકવા જતાં ચારેય આરોપીઓએ તમારી લીઝની જમીનમાં અમારી પાંચ ગાડી ચલાવવા દેવી પડશે, અને જો ગાડી ચલાવવા નહીં આપો તો અમને પૈસા આપવા પડશે. જેની ના પાડતાં ચારેય આરોપીઓ ઉસકેરાયા હતા અને આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

આ ઉપરાંત સામા પક્ષે યાકુબ સુમારભાઈ જખરાએ પોતાના ઉપર તેમજ પોતાના ભાઈ ઉપર હુમલો કરવા અંગે રમેશભાઈ કરસનભાઈ મકવાણા તેમજ નરસિંભાઈ કરસનભાઈ મકવાણા અને અતુલ રમેશભાઈ મકવાણા સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

## ફલ્લામાં પીજીવીસીએલના કર્મચારીનું બાથરૂમમાં પટકાઈ પડતાં મોત

**અબતક, જામનગર**

જામનગર નજીક ફલ્લા ગામમાં રહેતા પોલિયો ગ્રસ્ત એવા ધ્રોળ પીજીવીસીએલ ના કર્મચારી પોતાના ઘેર અકસ્માતે બાથરૂમમાં પટકાઈ પડ્યા હતા, અને હેમરાજ થઈ જતાં તેઓનું મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના ફલ્લા ગામમાં રહેતા અને ધ્રોળ પીજીવીસીએલ ની કચેરીમાં ફરજ બજાવતા રાજેશભાઈ ડાયાભાઈ મારવાણીયા નામના ૫૨ વર્ષના કર્મચારી કે જેઓ જમણા પગે પોલિયોગ્રસ્ત હતા, અને તેઓ પોતાના ઘેર બાથરૂમ માં જતાં અકસ્માતે નીચે પટકાઈ પડ્યા હતા, અને તેઓને માથા અને કપાળના ભાગે ઈજા થઈ હોવાથી હેમરેજ થયું હતું, અને સારવાર માટે ધ્રોલની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજયું છે.

## ટાઉનહોલ વિસ્તારમાં ટ્રાવેલ એજન્ટ પર પૈસાની ઉઘરાણીના પ્રશ્ને હુમલોઃ ત્રણ સામે ફરિયાદ

**અબતક,જામનગર**

જામનગરમાં સ્વામિનારાયણ નગર વિસ્તારમાં રહેતા અને ટાઉનહોલ વિસ્તારમાં પ્રયોશા ટ્રાવેલ્સ નામની ટ્રાવેલ્સ એજન્સી ચલાવતા ધવલભાઈ પ્રભુલાલભાઈ મકવાણાએ પોતાના ઉપર તેમજ પોતાના મોટાભાઈ ઉપર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે મિલનભાઈ મારડીયા તેમજ જય મારડિયા અને વિકી મારડિયા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અને આરોપી મિલનભાઈ ને જામનગર થી અમદાવાદની રેલવેની ૧૦ ટિકિટના પૈસાની લેતી દેતીના મામલે તકરાર થઈ હતી. જેઓએ ટેલીફોન કરીને પૈસાની માંગણી કરતાં ત્રણેય આરોપીઓ ફોન કાપીને ઓફિસે ધસી આવ્યા હતા, અને આ હુમલો કરી દીધા નું પોલીસમાં જાહેર થયું છે. જ્યારે સામા પક્ષે મિલનભાઈ મારડિયાએ પોતાના ઉપર હુમલો કરવા અંગે ધવલભાઈ મકવાણા સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જે મામલે સીટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. એમ.વી. મોઢવાડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સમર્પણ સર્કલ પાસે ફલેટમાંથી ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો પકડાયો

**અબતક, જામનગર**

જામનગરમાં સમર્પણ સર્કલ નજીક તુલસીનેશ એપાર્ટમેન્ટમાં રહેતો અને મૂળ પડધરી નો વતની વિશાલ રતિલાલ જાવીયા નામનો શખ્સ કે જેણે દમણથી ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો આયાત કરીને પોતાના ફ્લેટમાં ઉતાર્યો છે,તેવી ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટુકડીએ ગઈકાલે મોડી રાત્રે દરોડો પાડ્યો હતો.

જે દરોડા દરમિયાન ઉપરોક્ત ફ્લેટમાંથી ૧૩૦ નંગ નાની મોટી ઈંગ્લિશ દારૂની બાટલી તેમ જ આઠ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. આથી પોલીસે રૂપિયા ૫૪૮૨૦ ની કિંમત નો ઈંગલિશ દારૂ અને બિયરનો જથ્થો કબજે કરી લીધો હતો, અને ફ્લેટ ધારક વિશાલ જાવીયાની અટકાયત કરી લીધી હતી.

તેની પૂછપરછ દરમિયાન ઉપરોક્ત દારુ નો જથ્થો દમણમાં રહેતા વસીમ નામના શખ્સે સપ્લાય કર્યો હોવાથી તેને ફરારી જાહેર કરી તપાસનો દોર દમણ સુધી લંબાવ્યો છે.

## સિદ્ધાર્થનગરમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો પકડાયો

**અબતક, જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે સિદ્ધાર્થ નગરમાં એક બંધ રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો, અને મકાનમાંથી રૂપિયા દોઢ લાખની કિંમતનો ૨૨૮ નંગ ઈંગ્લીશ દારૂની બાટલીનો જથ્થો કબ્જે કર્યો છે, જ્યારે દારૂના ધંધાર્થીને ફરારી જાહેર કરી તેની શોધ ખોળ હાથ ધરી છે.

આ દરોડાની વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે હરિયા કોલેજ રોડ ઉપર સિદ્ધાર્થ નગર વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્ર રસિકભાઈ ગોહિલ નામના એક શખ્સ દ્વારા પોતાના ઘરમાં બહારથી ઈંગ્લિશ દારૂની બાટલીનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહ્યા છે. જે બાતમીના આધારે ગઈકાલે રાત્રે એલસીબી ની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ઉપરોક્ત મકાન બંધ હોવાથી એલસીબી ની ટુકડીએ તે બંધ મકાન ને ખોલાવીને અંદર ચકાસણી કરતાં મકાનમાંથી ૨૨૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.

આથી પોલીસે રૂપિયા ૧ લાખ ૪૭ હજાર ની કિંમત નો ઈંગલિશ દારૂ ની બાટલી નો જથ્થો કબજે કરી લીધો છે, જ્યારે મકાન માલિક ધર્મેન્દ્ર ગોહિલ નાસી છૂટ્યો હોવાથી તેને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

## મોખાણા ગામમાં વડલાની ડાળી માથે પડતા શ્રમિકનું મોત

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના મોખાણા ગામમાં મજૂરી કામ કરી રહેલા એક શ્રમિક આધેડ પર વડલાની ડાળી પડવાથી માથાના ભાગે ગંભીર ઈજા થયા પછી તેઓનું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ કાલાવડ તાલુકા ના મૂળીલા ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા રમેશભાઈ માધાભાઈ સાડમીયા નામના ૫૫ વર્ષના દેવીપુજક આધેડ કે જેઓ મોખાણા ગામમાં મજૂરી કામ કરી રહ્યા હતા, જે દરમિયાન એકાએક તેઓ ઉપર વડલાની ડાળી પડતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી, અને તેઓને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પત્ની જયશ્રીબેન રમેશભાઈએ પોલીસને જાણ કરતાં પંચકોષી બી. ડિવિઝનનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે તેમજ સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ગુજરાત યુસીસી...

અમલવારી કરવાની જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી શકે છે. આ ઉપરાંત એક શકયતા એવી પણ દેખાય રહી છે તાજેતરમાં કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમિતભાઈ શાહે ગુજરાતને ત્રણ નવા ફોજદારી કાયદાની સંપૂર્ણ અમલવારી ૩૦મી એપ્રીલ સુધીમાં કરી દેવાની તાકીદ કરવામાં આવી છે. આ અંગે પણ પત્રકાર પરિષદમાં કોઈ જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના દેખાય રહી છે.

ગુજરાતમાં યુસીસીની અમલવારી કરવાની તમામ તૈયારીઓ કરી લીધી છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહરાજયમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા આ અંગે પત્રકાર પરિષદમાં સતાવાર જાહેરાત કરવામાં આવશે કયારથી યુસીસીની અમલવારી કરવામાં આવશે તેની તારીખની જાહેરાત કરવામાં આવી શકે છે. આગામી ૧૯મીથી વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે. ત્યારે યુસીસીનું બીલ પસાર કરવામાં આવશે.

### ચૂંટણી...

ખીમજીભાઈ કણસાગરા, દિમીબેન રણજીતભાઈ વાઢેર, ગીતાબેન ભરતભાઈ ગુરબાણી અને સુનિલભાઈ પીતાંબરદાસ જેઠવાણી બીન હરીફ ચુંટાય આવ્યા છે.

માંગરોળ પાલિકાના વોર્ડ નં. ૫ ના ભાજપના ઉમેદવાર ક્રિષ્નાબેન કૌશિકભાઈ થાપણીયા, મિતીસાબેન મોહનભાઈ હોદાર, ધનસુખભાઈ માધાભાઈ હોદાર અને રમેશભાઈ હરુભાઈ ખારવા બિન હરીફ ચુંટાયા છે.

આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હોય ભાજપ જબ્બરો ખેલ પાડવાના મુડમાં છે. શકય હશે ત્યાં સુધી હરીફોના ફોર્મ પરત ખેંચાવી લેશે અથવા ચુંટણી લડવાનારા ઉમેદવારોને સંપૂર્ણ પણે નિષ્કીય કરી દેવામાં આવશે અથવા ભાજપના ઉમેદવારોને ટેકો જાહેર કરી દે તેવી સત્તાવાર જાહેરાત કરી દેવાશે. સામા પક્ષી કોંગ્રેસ એલર્ટ મોડમાં આવી ગયું છે. ઉમેદવારો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આજે સાંજ સુધીમાં ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

જે ઉમેદવારોના ફોર્મ ચકાસણીમાં માન્ય રાખવામાં આવ્યા છે. તેઓ કોઈ દબાણવશ ઉમેદવારી પાછી ન ખેંચી લ્યે તે બાબતે ધ્યાનમાં રાખી કોંગ્રેસે પોતાના ઉમેદવારોન અજ્ઞાન સ્થળે રાખ્યા હોવાનુ જાણવા મળી રહ્યું છે.

### આક્ષેપ...

કોડીનાર નગરપાલિકામાં ગેરકાયદેસર મંડળી રચીને ત્યાંનો પૂર્વ સાંસદે સમગ્ર વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. માણસામાં ભાજપાના સ્થાનિક ધારાસભ્ય અને હિત ધરાવતા તત્વો સતત કોંગ્રેસ પક્ષના ઉમેદવારો પર દબાણ કરીને ફોર્મ પરત ખેંચવા હથકંડા અપનાવી રહ્યા હતા જે ઘણી જ ગંભીર બાબત છે. હળવદ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો મજબૂતીથી ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે. ઉમેદવારી પત્રો ભરી દીધા બાદ રવિવાર રાત્રિથી કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ધાકધમકી આપવામાં આવતા તમામ ઉમેદવારોએ સ્થાનિક કોંગ્રેસ સંગઠનના પદાધિકારીઓ સાથે પોલીસ સ્ટેશનમાં પહોંચીને રક્ષણ માંગ્યું હતું યોગ્ય જવાબ ન મળતા પ્રાંત અધિકારી સમક્ષ સમગ્ર બાબત રજુ કરવામાં આવી છે.

બિલિમોરા નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારોના ટેકેદારો સાથે યાદી જાહેર કરીને ચૂંટણી અધિકારીએ ભાજપને મદદ થાય, અને કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને નુકસાન થાય તે રીતે ગેરબંધારણીય વર્તુણક કરી છે. મહિસાગરના જિલ્લાના જોધપુર તાલુકા પંચાયત બેઠકના ભાજપાના ઉમેદવારનું જાતિ પ્રમાણપત્ર અંગે કોંગ્રેસ પક્ષે વિસ્તૃત રજુઆત કર્યા છતાં ચૂંટણી અધિકારીએ એકતરફ નિર્ણય કરીને ફોર્મ મંજૂર કર્યું છે. સમગ્ર બાબતે કોંગ્રેસ પક્ષ જે ચૂંટણી અધિકારી સમક્ષ રજુઆત કર્યા છતા પગલા ન ભરાતા રાજ્ય ચૂંટણી પંચને રજુઆત કરશે.

### ઉપલેટા...

મહિલા ઉમેદવાર લાખી નંદાણીયા બીન હરીફ થા હતા. તેવી જ રીતે ભાજપમાંથી બળવો કરીને કોંગ્રેસમાંથી ઉમેદવારી કરનાર બળવાખોર વિનોદ બારાઈએ ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસની બે વિકેટ ખેડવી કોંગ્રેસના ગાલે તમાચો માર્યો હતો. ચુંટણી પહેલા જ ભાજપનું બુલડોઝર કોંગ્રેસના પંજા ઉપર ફરી રહ્યું છે. ત્યારે બપોર બાદ વધુ કડાકા ભડાકા થશે.

### રૂપીયો તળિયે...

એફપીઆઈ દ્વારા ચોખ્ખું વેચાણ રૂ. ૧,૩૨૭ કરોડ રહ્યું. ડોલર ઈન્ડેક્સ ૧.૦૧% વધીને ૧૦૯.૪૬ થયો, જ્યારે બ્રેન્ટ ક્રૂડ ૧.૪૧% વધીને ૭૬.૭૪ ડોલર પ્રતિ બેરલ થયો. ‘‘રોકાણકારો હવે ચિંતિત છે કે યુએસ ટેરિફ વૈશ્વિક વેપારને કેવી અસર કરશે, કારણ કે દેશો વધુ દ્વિપક્ષીય સોદા તરફ આગળ વધી રહ્યા છે.‘‘

એવી પણ શકયતા છે કે વાટાઘાટોથી ટેરિફમાં ઘટાડો થઈ શકે છે. જેમ જેમ નવી માહિતી બહાર આવે છે, તેમ તેમ ડોલરમાં વધઘટ થઈ શકે છે, કદાચ પાછો ખેંચાતા પહેલા ૧૧૪ સુધી પહોંચી શકે છે. જોકે, જો રોકાણકારો માને છે કે આ ટેરિફ અન્ય દેશો અને યુએસ અર્થતંત્ર બંનેને નુકસાન પહોંચાડી શકે છે, તો ડોલર નબળો પડી શકે છે, ડીબીએસ બેંકના ટ્રેઝરી વડા આશિષ વૈદ્યએ જણાવ્યું હતું. ‘‘પ્રશ્ન એ છે કે રૂપિયો કેટલો નીચે જઈ શકે છે. તે મોટાભાગે રિઝર્વ શું કરે છે તેના પર આધાર રાખે છે.‘‘ ડોલર બુક કરે છે, જેનાથી માંગ વધે છે. શું આરબીઆઈ હવે ડોલર વેચશે, કે બજારને નિર્ણય લેવા દેશે?‘‘ બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું.સબનવીસે કહ્યું કે રોકડ સાથે રૂપિયાની હિલચાલને નિયંત્રિત કરવી મુશ્કેલ છે કારણ કે ડોલરના વેચાણથી રોકડ સુકાઈ જશે. તેમણે કહ્યું, ‘‘હવે બધાની નજર નાણાકીય કાર્યવાહી માટે આરબીઆઈ પર છે.‘‘

દરમિયાન, કેનેડિયન ડોલર ૨૦૦૩ પછીના સૌથી નીચા સ્તરે આવી ગયો અને યુરો ડોલર સાથે સમાનતામાં આવી ગયો. ટ્રમ્પે યુરોપિયન માલ પર ટેરિફ લાદવાનો પણ સંકેત આપ્યો હતો, જેના કારણે વૈશ્વિક શેરબજારોમાં ઘટાડો થયો હતો. બિટકોઈનના ભાવ ઘટ્યા, જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા અને ઔદ્યોગિક ધાતુઓને નુકસાન થયુ.

### અમેરિકા - કેનેડા...

કરશે નહીં જે આપણા દેશની અર્થવ્યવસ્થાને નષ્ટ કરવા માટે તૈયાર હોય. અમેરિકન કંપનીઓ હવે દર વર્ષે અબજો ડોલરનું નુકસાન કરશે અને આ માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સંપૂર્ણપણે જવાબદાર છે. તેમણે લખ્યું કે અમે આમાં એક પગલું આગળ વધી રહ્યા છીએ. રાજ્યએ યુએસ માલિકીની ઈન્ટરનેટ પ્રદાતા સ્ટારલિંક સાથેનો તેનો સોદો રદ કર્યો છે. ફોર્ડે લખ્યું કે આ લડાઈ અમેરિકન સરકારે શરૂ કરી હતી. કેનેડા આમાંથી કંઈ ઈચ્છતું ન હતું. પણ ખાતરી રાખો કે કેનેડા આ યુદ્ધ જીતશે. આ પહેલા કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ અમેરિકન ટેરિફના જવાબમાં અમેરિકન માલ પર ૨૫ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. જોકે, સોમવારે ટ્રમ્પ તરફથી એક નિવેદન બહાર આવ્યું કે તેમણે ટ્રુડો સાથે વાત કરી છે. પરંતુ મેક્સિકોથી વિપરીત, કેનેડાને કોઈ રાહતનું કોઈ નિવેદન આવ્યું નથી.

કેનેડાએ ટેરિફની જાહેરાત કરીને બદલો લીધા બાદ વ્હાઈટ હાઉસે આ મામલે એક નિવેદન બહાર પાડ્યું. તેમાં કહેવામાં આવ્યું છે કે યુએસ સરકારનો ટેરિફ લાદવાનો નિર્ણય ડ્રગ્સ સામેનું યુદ્ધ છે. મેક્સિકો આમાં ગંભીર ભૂમિકા ભજવી રહ્યું છે. પરંતુ કેનેડાએ ભૂલ કરી છે. અગાઉ, ટ્રમ્પ સાથેના કોલનો ઉલ્લેખ કરતા, મેક્સીકન રાષ્ટ્રપતિ શેનબૌમે સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું હતું કે તેમણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરી છે. તેમણે ટેરિફ અંગે મેક્સિકોને એક મહિનાનો સમય આપ્યો છે. આ સમય દરમિયાન, અમે અમારી ઉત્તરીય સરહદને મજબૂત બનાવીશું અને કોઈપણ પ્રકારના ગેરકાયદેસર ડ્રગ્સને અમેરિકા પહોંચતા અટકાવીશું. અમેરિકા પણ મોટા શસ્ત્રોને આપણા દેશમાં આવતા અટકાવવા માટે પ્રતિબદ્ધ છે.

### બજેટ ૨૦૨૫...

મેનેજિંગ ડિરેક્ટર અતુલ લાલે જણાવ્યું હતું. ભારતના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના સૌથી મોટા કોન્ટ્રાક્ટ ઉત્પાદકોમાંથી ટેલિવિઝનના વેચાણમાં વધારો થવો જોઈએ.‘‘ ‘‘મોટાભાગની કંપનીઓ હવે હાઈબ્રિડ ઉત્પાદન મોડેલો પર કામ કરી રહી હોવાથી, આનાથી કોન્ટ્રાક્ટ ઈલેક્ટ્રોનિક ઉત્પાદકોની ઓર્ડર બુકમાં વધારો થશે, જેનાથી ક્ષમતા ઉપયોગમાં સુધારો થશે,‘‘ તેમણે કહ્યું. ગોદરેજ એપ્લાયન્સિસના બિઝનેસ હેડ કમલ નંદીએ જણાવ્યું હતું કે, ૧૦-૧૨ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા ગ્રાહકો સામાન્ય રીતે મધ્યમ સેગમેન્ટના ઉત્પાદનોના ખરીદદારો હોય છે. ‘‘કર બચત આ સેગમેન્ટમાં વેચાણને વેગ આપશે અને કંપનીઓ તે મુજબ તેમનું ઉત્પાદન વધારી શકશે,‘‘ તેમણે ઉમેર્યું.

સરકારે બજેટમાં શૂન્ય કર મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૨ લાખ રૂપિયા વાર્ષિક આવક કરી છે. આ પગલાથી ૧ કરોડ કરદાતાઓને ફાયદો થવાની અપેક્ષા છે, જે હવે દર વર્ષે કર પર ૨૦,૦૦૦-૮૦,૦૦૦ રૂપિયા બચાવી શકે છે. આનાથી ઉચ્ચ આવક જૂથના લોકોના આવકવેરા ખર્ચમાં પણ ઘટાડો થશે. સ્થાનિક ટુ-વ્હીલર બજારમાં સુધારો થયો હોવા છતાં, ૭૫ સીસીથી વધુ અને ૧૧૦ સીસીથી ઓછી એન્જિન ક્ષમતા ધરાવતી એન્ટ્રી મોટરસાઈકલના વેચાણમાં વૃદ્ધિ ધીમી રહી છે. એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન, જ્યારે ટુ-વ્હીલરનું કુલ વેચાણ ૧૧.૬% વધ્યું હતું, ત્યારે એન્ટ્રી-લેવલના ગ્રાહકો દ્વારા વિવેકાધીન ખર્ચ પર દબાણ પ્રતિબિંબિત કરતી મોટરસાઈકલનું વેચાણ ૩.૫% વધ્યું હતું. ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સમાં, આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી વોલ્યુમ વેચાણ સ્થિર રહ્યું છે કારણ કે એન્ટ્રી પ્રોડક્ટ્સનું વેચાણ ઓછું છે.

બજેટમાં આવકવેરાને તર્કસંગત બનાવવા અને મધ્યમ વર્ગને રાહત આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે ગ્રાહકોની ભાવનાને વેગ આપશે. હોન્ડા મોટરસાઈકલ અને સ્કૂટર ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગ ડિરેક્ટર યોગેશ માથુરે જણાવ્યું હતું કે, ‘‘વધતી નિકાલજોગ આવક સાથે, અમે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં માંગમાં સકારાત્મક પરિવર્તનની અપેક્ષા રાખીએ છીએ.‘‘ ‘‘વધુમાં, સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવાના પગલાં ઉદ્યોગના વિકાસને વધુ વેગ આપશે.‘‘

### ભારતીયોની ઘરવાપસી...

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાથી લગભગ ૧૧ મિલિયન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાની વાત કરી હતી. ગયા અઠવાડિયે જ, અમેરિકન સૈન્યએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પકડવા માટે લેટિન અમેરિકન દેશોમાં છ ફ્લાઈટ્સ ઉડાવી હતી. જોકે કોલંબિયાએ અમેરિકન વિમાનોને પોતાના દેશમાં ઉતરવાની મંજૂરી આપી ન હતી, પરંતુ ટ્રમ્પના કડક વલણ બાદ, કોલંબિયાએ પોતાના નાગરિકોને પરત લાવવા માટે પોતાના વિમાનો મોકલ્યા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકાએ લગભગ ૧૮,૦૦૦ ભારતીય ઈમિગ્રન્ટ્સની ઓળખ કરી છે જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં રહે છે.

ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરવા માટે લશ્કરનો વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે. તેમણે મેક્સિકન સરહદ પર સૈન્ય ટુકડીઓ તૈનાત કરી છે. તે જ સમયે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રાખવા માટે લશ્કરી થાણાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને લશ્કરી વિમાનનો ઉપયોગ કરીને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. જોકે, એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે લશ્કરી વિમાનો દ્વારા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને મોકલવાનો ખર્ચ નાગરિક વિમાનો કરતા ઘણો વધારે છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા ઉપરાંત, ટ્રમ્પે કેનેડા, મેક્સિકો અને ચીન પર પણ ટેરિફ લાધ્યા છે, અને યુરોપ પર ટેરિફ લાદવાની ધમકી આપી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વિશ્વ કેન્સર દિન...

તમાકુનો ઉપયોગ વધુ જોવા મળે છે, પરંતુ હાલ ખાસ કરીને શહેરી વિસ્તારોની મહિલાઓમાં ધૂમ્રપાનની આદતમાં વધારો થતો હોવાથી કેન્સરના દેશોમાં વધારો જોવા મળી રહ્યો છે,‘‘

ત્યારે GCRI રિપોઝીટરી અનુસાર, ૨૦૨૩ ની સરખામણીમાં ૨૦૨૪ માં એકંદર કેન્સરના દર્દીઓમાં ૬% નો નજીવો વધારો થયો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા દાયકામાં વસ્તી આધારિત પ્રમાણમાં બહુ ફેરફાર થયો નથી કારણ કે પુરુષોમાં મોં, જીભ અને ફેફસાં અને સ્ત્રીઓમાં સ્તન, સર્વિક્સ અને મોં ટોચના ત્રણ કેન્સર સ્થળો રહ્યા છે. પુરુષોમાં કેન્સરના ૧૦,૨૩૯ કેસોની સરખામણીમાં, સ્ત્રીઓમાં આ સંખ્યા ૬,૯૩૫ હતી.

### કેન્સરને લગતી માન્યતાઓ...

સારવારના નિર્ણયો માટે મહત્વપૂર્ણ છે. જેથી આ અંગેની માન્યતાઓ થી દુર રહી સમયસર આવશ્યક સારવાર મળી રહે છે.

### ‘ડ્રોન દીદી’...

સમયગાળામાં જ રાજ્યના ૩,૦૦૦થી વધુ ખેડૂતોની ૮,૦૦૦ એકર જેટલી જમીનમાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરીને રૂ. ૨૪.૬૬ લાખથી વધુની આવક મેળવી છે.

ગુજરાતમાં નમો ડ્રોન દીદી યોજનાના પ્રારંભિક તબક્કે વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલીક ફર્ટીલાઈઝર કંપનીઓ દ્વારા પોતના CSR ફંડમાંથી સખી મંડળની આ મહિલાઓને ડ્રોન પૂરા પાડવામાં આવ્યા હતા. જેમાં IFFCO દ્વારા ૧૮, GNFC દ્વારા ૨૦ અને GSFC દ્વારા ૨૦ એમ કુલ મળી ૫૮ ડ્રોન તથા ૫૮ મહિલાઓને ડ્રોન તાલીમ પૂરી પાડવામાં આવી હતી.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગુજરાતના સખી મંડળની વધુ ૨૦૬ બહેનોને ડ્રોન પાયલટની તાલીમ અને ડ્રોન ખરીદીમાં સહાય આપીને રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં ઓછામાં ઓછી બે ડ્રોન દીદી કાર્યરત કરવામાં આવશે. રાજ્યમાં નવી ૨૦૬ ડ્રોન દીદી કાર્યરત થતા ખેડૂતોનો ખેતી ખર્ચ, સમય અને રસાયણિક દવાઓનો અંધાધૂંધ ઉપયોગ ઘટશે તેમજ સખી મંડળની બહેનો માટે રોજગારીની તકોમાં પણ વધારો થશે.

નમો ડ્રોન દીદી યોજના અંતર્ગત સ્વ-સહાય જૂથ સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની બહેનોને DGCAની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ૧૫ દિવસની ડ્રોન પાઈલટની ઘનિષ્ટ તાલીમ, ડ્રોનની ખરીદીમાં ૮૦ ટકા સબસીડી સહાય તેમજ લોનની રકમ ઉપર ૩ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે. એડવાન્સ ટેક્નોલોજીના સુયોગ્ય ઉપયોગથી આજે ડ્રોન દીદી કરીને કૃષિ ક્ષેત્રને નવી દિશાઓ આપી રહી છે. સ્વ-સહાય જૂથ અથવા ક્લસ્ટર લેવલ ફેડરેશન સાથે જોડાયેલી કોઈપણ ગ્રામ્ય વિસ્તારની મહિલા ડ્રોન દીદી બની શકે છે. મહિલાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. મહિલાએ ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ. લાયકાત ધરાવતી મહિલાઓની રાજ્ય સરકાર દ્વારા પસંદગી કરવામાં આવશે

મહિલાઓને આવકના નવા સ્ત્રોત ઉપલબ્ધ કરાવીને તેમણે આત્મનિર્ભર બનાવવા, ખેતીને વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનાવવા તથા પાકની ગુણવત્તા વધારીને ખેડૂતોની આવક વધારવા માટે વડાપ્રધાનએ મહત્વકાંક્ષી નમો ડ્રોન દીદી યોજના અમલમાં મૂકી છે. આ યોજના દ્વારા મહિલાઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવી શકશે અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવી શકશે.

### દિલીપ સંઘાણી...

કરવામાં આવે તેવી મારી માંગણી છે. અમરેલી લેટર કાંડ મુદ્દે પૂર્વ યુવા પ્રમુખ મનીષ વઘાસીયા,અશોક માંગરોળીયા, જીતુ ખાત્રા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં મનીષ વઘાસીયાએ કહ્યું હતું કે, પોલીસે તેઓને માર માર્યો અને દિલીપભાઈ સંઘાણી, મુકેશભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા આ બધા પાછળ છે કે કેમ ? તે અંગે પુછપરછ કરી હતી. જેને લઈ આજે ઈફકના ચેરમેન અને ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ પત્ર લખી લેટર કાંડ સાથે સંકળાયેલા લોકોની નાર્કોટેસ્ટ કરાવવા તેમજ સમગ્ર તપાસ નિવૃત્ત જજની અધ્યક્ષતામાં થાય તેવી માંગ કરી છે.

### પાલીતાણા...

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી પાલિતાણા જૈન તીર્થમાં આવતા પદયાત્રીઓ તથા વાહનથી જતા દર્શનાર્થીઓને ઘણી સલામતી તથા સુલભતા પ્રાપ્ત થશે.

એટલું જ નહિ, આ રસ્તાઓના નિર્માણ તેમજ વિકાસથી યાત્રાધામનું અંતર ઘટશે અને પાલીતાણા શહેરમાં જવાના રસ્તા માં આવેલા પાલીતાણા-તળાજા રસ્તાના જંક્શન પોઈન્ટ પર વારંવાર થતી ટ્રાફીક જામની સમસ્યાનું નિવારણ થશે.

આ રસ્તાઓના નિર્માણ તેમજ વિકાસથી સ્થાનિક રહેવાસીઓ અને વ્યાપારીઓને પણ લાભ થશે તથા પાલીતાણા તીર્થ ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસને વધુ વેગ મળશે.

### રેલવે...

માળખાકીય માળખું પૂર્ણ થયું, કાર્યને અવરોધિત કરવું અને પ્રક્રિયા ચાલુ છે. મેઈન સ્ટેશન બિલ્ડિંગ પર કામ ચાલી રહ્યું છે. સબસ્ટેશન બિલ્ડિંગ સ્ટ્રક્ચરલ વર્ક પૂર્ણ થયું છે, જે પ્રગતિમાં છે. બીજી પ્રવેશ બાજુ બાહ્ય વિકાસનું કામ ચાલુ છે. એર કોન્કોર્સ અને રૂફ ફાઉન્ડેશન દ્વારા પ્રગતિમાં છે.

સુરતમાં તબક્કો ૧માં ૯૮૦ કરોડ અને તબક્કો ૨માં ૪૯૭ કરોડ (એલિવેટેડ રોડ) અંતગત સેકન્ડ એન્ટ્રી સ્ટેશન બિલ્ડિંગ પર કામ ચાલી રહ્યું છે. બેઝમેન્ટ તરાફ્ટ ફાઉન્ડેશન પૂર્ણ, સ્ટીલના સ્તંભનું નિર્માણ ચાલુ છે. આરસીસી બોક્સ ડ્રેઈનનું બાંધકામ પૂર્ણ થયું છે. મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ સાઈડ યુટિલિટી સર્વે ચાલુ છે. પી.એફ. પર કોન્કોર્સ ફાઉન્ડેશન અને કોલમ ઈરેકશન પ્રગતિમાં છે. જીએસઆરટીસી બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ કાર્ય પૂર્ણ થયું છે, અંતિમ કાર્ય પ્રગતિમાં છે. એલિવેટેડ રોડ પર પાઈલ ફાઉન્ડેશનનું કામ પ્રગતિમાં છે.

ન્યુ ભુજ રેલવે સ્ટેશનમાં મેઈન એન્ટ્રી અને સેકન્ડ એન્ટ્રી સ્ટેશન બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક પૂર્ણ, ચણતર અને એમઈપીનું કામ પ્રગતિમાં છે. કોન્કોર્સ ફાઉન્ડેશન, કોલમ ઈરેક્શન અને ગર્ડર લોન્ચિંગ પૂર્ણ થયું છે, ડેક સ્લેબ શીટનું કામ ચાલુ છે.

હાલના મુખ્ય દક્ષિણ સ્ટેશનની ઈમારતને તોડી પાડવામાં આવી છે અને નવી એમએમટીએચ બિલ્ડિંગના પાયા પર કામ ચાલી રહ્યું છે. નવા પાર્સલ બિલ્ડિંગમાં કામ પ્રગતિમાં છે. એલિવેટેડ રોડ માટે પાઈલ અને પાઈલ કેપ પ્રગતિમાં છે. કોનકોર્સ માટે પાઈલનું કામ શરૂ થયું.

રેલવેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે ૧૦ હજાર લોકોમોટિવ પર કવચ લગાવવાનું શરુ કર્યુ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત ગુજરાતમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૧,૦૪૯ રેલ ફ્લાયઓવર અને અંડર-બ્રિજનું નિર્માણ થયું છે. મુસાફરોની સુવિધાઓ વર્ષ ૨૦૧૪થી પૂરી પાડવામાં આવે છે. એસ્કેલેટરઃ ૫૦ વાઈફાઈ (સ્ટેશનોની સંખ્યા) : ૩૩૫ અને ગુજરાતમાં ૧૫ અનોખા સ્ટોપેજ ધરાવતા ૧૨ જિલ્લાઓને આવરી લેતા ૪ વંદે ભારતનું સંચાલન થાય છે.

## ફ્લેશ ન્યુઝ

# આઈપીએસ અભય ચુડાસમાનું રાજીનામુંઃ ૧૯૯૯ બેચના આઈપીએસ ઓકટોબર માસમાં નિવૃત્ત થાય એ પહેલા જ રાજીનામુ આપી દેતા અનેક તર્કવિતર્ક, પોલીસ એકેડમીના વડા અભય ચુડાસમા ટૂંક સમયમાં સમાજ સેવામાં જોડાઈ તેવી પ્રબળ શકયતા

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** બીપીનભાઈ હિંમતલાલ સિધ્ધપુરા (ઉ.વ.૫૨) તે કીરીટભાઈના ભત્રીજા, હાર્દિકભાઈના મોટાભાઈ, શિવ બીપીનભાઈ સિધ્ધપુરાના પિતાનું તા. ૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી, કસ્તુરબા સ્કુલ પાસે, ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુંદાવાડી રામજી મંદિર મહંત રસિકભાઈ રાધેશ્યામભાઈ નિમાવતના પુત્ર, વિશાલભાઈ (કાનો)નું તા. ૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ દરમિયાન શ્રી રામજી મંદિર, ગુંદાવાડી રાજકોટ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**મોરબીઃ** ઔ.ગુ. સા.ચા. બ્રાહ્મણ મુળ નવલખી હાલ મોરબી નિવાસી સ્વ. જયંતિલાલ ભગવાનજીભાઈ ભટ્ટના પત્ની ગં.સ્વ. રમાબેન (ઉ.વ.૮૭) તે હર્ષદભાઈ, ઈલાબેન જશવંતરાય યાજ્ઞીક (રાજકોટ), પ્રવિણાબેન જીતેન્દ્રકુમાર ત્રિવેદી (વાંકડા,મોરબી), ના માતા, અંકિત, દિવ્યાબેન, આકાશકુમાર રાવલ (રાજકોટ)ના દાદીમાનું તા. ૨ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૬ ને ગુરુવારે સાંજે ૩ થી ૫ કલાકે સિધ્ધિ વિનાયક વાડી, સત્યમ પાન વાળી શેરી, સરદાર બાગ સામે શનાળા રોડ, મોરબી ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ચા.મ. મોઢ બ્રાહ્મણ મુળ ગામ (ધુનડા) (ખાનપર) હાલ રાજકોટ સ્વ. બાબુલાલ રામેશ્વરભાઈ જોષીના પુત્ર, સ્વ. નીતીનભાઈ બાબલાલ જોષી (ઉ.વ.૫૮) નું તા. ૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તે વિવેક, જયોતિબેનના પિતા, જીતેન્દ્રભાઈ શાંતિલાલ જાનીના સસરા, નલીનીબેન (બેનાબેન) બળવંતભાઈ પંડયા, મધુબેન જયેશકુમાર જાનીના ભાઈ, સ્વ. હરકાંતભાઈ સુખદેવભાઈ જાનીના જમાઈ, અશ્વિનભાઈ, દેવેન્દ્રભાઈ, નયનાબેનના બનેવીનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા. ૬ ને ગુરુવાર સાંજે ૩.૩૦ થી ૪.૩૦ દરમિયાન ગૌરેશ્વર મહાદેવ મંદિર, હંસરાજ નગર, જંકશન કો.ઓ. સોસાયટી શેરી નં.૭, રાજકોટ ખાતે રાખેલ છે.

**જેતપુરઃ** સ્વ.ઉકાભાઈ મોહનભાઈ ચુડાસમા (દુસરા) (ઉ.વ.૭૬) તે જયેશભાઈ ચુડાસમાના ભાઈ તથા જીગ્નેશભાઈ ચુડાસમા તથા ભાવેશભાઈ ચુડાસમાના પિતા તા.૪ને મંગળવારના રોજ અવસાન થયું છે . સદગતનું બેસણું તા.૬ ને ગુરુવારના રોજ દેસાઈ વાડી, સામનાથ મહાદેવ મંદિર જેતપુર ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખેલ છે.

જીગ્નેશભાઈ ચુડાસમાના મો.નં.૯૯૭૯૬૨૫૮૬૪ અને ભાવેશભાઈના મો.નં. ૯૯૭૮૨૨૮૦૮૩ છે.

**જેતપુરઃ** જેતપુર નિવાસી શ્રીમાળી બ્રાહ્મણ જયેશભાઈ નવતમલાલ ત્રિવેદીના પત્ની સ્વ. નીમીષાબેન (ઉ.વ.૫૪) તે ભરભાઈના નાનાભાઈના પત્ની, રેખાબેન હિતેશભાઈ ત્રિવેદીના ભાભીનું તા. ૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરુવારના રોજ મહાદેવ, ગણેશ પાર્ક-૧ જીનેશિસ હોસ્પિટલ પાછળ, રૈયા રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**રાજકોટઃ** દશા સોરઠીયા વણીક લુંધિયા નિવાસી (હાલ રાજકોટ) સ્વ. રિધ્ધિબેન રાજેશભાઈ ગગલાણી (ઉ.વ.૫૧) રાજકોટ મુકામે તા. ૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. ફુલચંદભાઈ જેઠાલાલ ગગલાણીના પુત્રવધુ, જયંતભાઈ, નરેન્દ્રભાઈ નીતીનભાઈના ભાઈના પત્ની, ભાવનાબેન આણંદપરા, રીનાબેન બાબરીયા, પન્નાબેન ભુપતાણી, પ્રિયંકાબેન સાંગાણીના ભાભી, મુસ્કાનબેન મલયકુમાર મહેતા, વંશિકાના માતા, જન્તિલાલ પ્રાણલાલ માવાણી (ઉપલેટા) ના પુત્રી, જીજ્ઞેશભાઈ, નિશાબેન ગાદોયા, રુપલબેન કુરાણીના બેનની પ્રાર્થના સભા તા. ૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાકે ધારેશ્વર મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સોમનાથના કાષ્ટ શિલ્પના પ્રાચીન ઝરૂખાઓ કલાકારીગરીનો ઉત્કૃષ્ટ નમૂનો

## સાગ-સીસમના ટકાઉ બાંધકામ તેમજ સ્થાપત્યની આગવી કલાકારીગરી થકી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ પ્રભાસ પાટણમાં રામરાખ ચોક તરફથી પાવનકારી જૈન દેરાસરે જતા રસ્તા ઉપર કલાત્મક સાગ સીસમના લાકડા ઉપર કરાયેલ કાષ્ટ શિલ્પ કારીગીરીના ઝરૂખાઓ પ્રભાસ આવનારા તીર્થ યાત્રિકોને આકર્ષે છે.


આ ઝરૂખામાં શિલ્પ સ્થાપત્યની જેમ કાષ્ટ લાકડા ઉપર પરંપરાગત પ્રાચીન કારીગરો દ્વારા નકશીકામ કરાયેલ છે. જે એટલું બારીક કોતરકામ તે જમાનામાં કરાયેલું છે જે કોતરકામ આજે ય પણ એવું ને એવું છે. અને લાકડુ હોવા છતાં સડયું નથી કે કોઈ જીવાત પડી કે ઉધઈ લાગી નથી. આ મકાનો ૧૦૦ વર્ષ ઉપરના છે તો કેટલાંક દોઢસો વર્ષ ઉપરના છે.

આજે આવા કોતરકામ માટે મશીનો વપરાય છે. ત્યારે તે જમાનાના કારીગરોએ ખૂબજ ઝીણું, ઉંડુ-સ્વચ્છ અને રેખાની અવર્ણનીય સુંદરતા સાથે હાથે કંડારાયેલું છે.

આજે જયારે પથ્થરના ટેકાવાળા રવેશો તૂટી પડવાના અનેકો બનાવો બનેલા છે. જયારે સાગના લાકડાથી બનેલા ઝરૂખાના ટેકાઓની મજબૂતી એવીને એવી જ છે.

જેમાં કારીગરોએ મકાનના દર્શનથી તે છેક અંદરના ભાગ સુધી અને ભોય તળીયાંથી તે ઉપરના માળ સુધીના વિવિધ ભાગોને સપ્રમાણ, સુરેખ અને સંયોજીત રચના કરી પ્રત્યેક ભાગનો ઉપયોગીતા સાથેનો કળાનો સુંદર સમન્વય સાધ્યો છે.

પ્રભાસના જલારામ મંદિર સામે ૧૫૦ વર્ષ જુનુ પ્રાચીન શિલ્પ કાષ્ટની સાક્ષી પુરતું એક મકાન આવેલું છે. જે ૧૫૦ વર્ષ આસપાસનું છે તેને હમણા જોકે રંગરોગાન કરાવાયું છે. પરંતુ તેનું લાકડુ હજુય એને એજ અને સલામત છે. તેના પગથીયાં પણ લાકડાના



જે પણ હજુય મજબૂત છે. કોઠાશેરીમાં, પ્રભાસ-પાટણમાં મહેષભૂવન પાટચકલા પાસે આવું જ એક મકાન આવેલું છે. જેમાં ૧૦૦૦ લીટર પાણીના વરસાદી ટાંકો છે. આવા કેટલાય મકાનોમાં તે જમાનામાં બન્યા હતા.

મકાનના દરવાજાને ભીડવા એટલે કે બંધ કરવા લાકડાના બે ખાંચા રાખી તેમાં ધોકા જેવો લાકડાનો આગળીયો પણ જોવા મળે છે. જે દરવાજા સાથે એટલો મજબૂત રીતે બંધાઈ જાય કે દરવાજો હલે નહીં.

વરસમાં બે ત્રણ વાર અમદાવાદ-વડોદરા ફાઈન આર્ટસ વિદ્યાર્થી ભાઈ બહેનો સોમનાથ ખાતે ખાસ કેમ્પ કરી પ્રભાસના ઝરૂખાઓને તે સ્થળે ચારથી પાંચ કલાક બેસી સ્કેચ ચિત્ર કેનવાસ ઉપર કંડારે છે. પ્રભાસસપા સુથારીકામ કરતા ધીરૂભાઈ જીવણભાઈ નાંદોડીયા કહે છે તે સમયના કારીગરોમાં એવી સુઝ હતી કે ઝરૂખો એટલે હાલ આપણે રવેશ કહીએ છીએ તે ઝંપીગ ન થાય તે માટે લાકડાના ઘોડા ખીલી બિલ્ડીંગના પથ્થરમાં જડી ખાંચમાં જડાયેલ હોય છે જે રવેશને ઝૂકવા નથી દેતો જૂના સાગ સીસમ વપરાયા હોવાને કારણે લાંબો સમય ટકે અને સડે પણ નહીં.

અગાશી -પાયામાં કઠણીયો કાળીપાટ જેવો પાણો રહેતો જેમાં ભેજ ન રહે તેમકાન સુરક્ષીત રહેતા.

લોકોમાં તે યુગમાં આવા આવાસોમાં વસતા માનવીઓપણ પવિત્ર-ઉદાર - અને ધર્મપ્રેમી વિભૂતીઓ જેવા આદરપાત્ર હતા. કેટલીક ડેલીઓમાં વધારાની જાળી રહેતી જેથી પ્રવેશનાર કોણ છે તે જોઈ શકાતું તો કેટલાક મકાનોમાં તે સમયમાં બેંક ન હોવાથી રોકડ કે દાગીના સાચવવા બાંધકામમાં ખાસ ગુપ્ત જોગવાઈ હતી તો કેટલાક મકાનોમાં વરસાદી પાણી જળસંચય કરી જળનું આગોતરૂ આયોજન હતુ.

# બગસરામાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા લોક માંગ

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે થોડા સમય પહેલા બગસરા મામલતદારની મોટરસાયકલ ધોળા દિવસે મામલતદાર ઓફિસની પાસેથી ચોરી થઈ જતા ચોરો પોલીસે ને પડકાર ફેકતા હોય તેમ લાગી રહ્યું છે કારણ કે હાલમાં જ મામલતદાર બગસરા હોય ત્યારે ત્રણ માસ પહેલા ધોળા દિવસે તેમની ગાડી મોટરસાયકલ ચોરી થઈ તો હવે આમ પબ્લિક ની ગાડી ની તો શું વાત કરવી આવી બગસરામાં અનેક બાઈકો ચોરી થયેલ છે બગસરામાં ચોરી અસામાજિક તત્વો



ની દહેસત આડેધડ પાર્કિંગ ટ્રાફિકની સમસ્યા બગસરા ના રસ્તા પરથી ૧૦૮ કે અન્ય એમ્બ્યુલન્સને પસાર થવું હોય ઈમર્જન્સીમાં દર્દીને લઈને કે ડીલેવરી કેસ હોય કે અકસ્માત નો તો પાંચ મિનિટ ઉભું રહી જવું પડે છે કારણ કે રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો છે


બગસરા પોલીસ સ્ટેશન પીઆઈ અને પીએસઆઈ નું હોવાથી મોટું પોલીસ સ્ટેશન છે કાયદો ને વ્યવસ્થા ક્યારે સુધરશે તે જોવાનું રહ્યું.

# સુરેન્દ્રનગર: જોરાવરનગર ફાટક નજીક વાસફોડા પરિવારોના કાચા મકાનોનું દબાણ હટાવતા લોકોમાં રોષ

## ૨૦થી વધુ શ્રમજીવી પરિવારોના આશરા છીનવાતા હાલાકી, વૈકલ્પિક જમીનની માંગ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના જોરાવરનગર ફાટક પાસે દબાણ હટાવ કામગીરી દરમ્યાન વાસફોડા સમાજના ૨૦ પરિવારોના કાચામકાનો હટાવી દેવાતા લોકોમાં કચવાટ સાથે ગરીબ પરિવારોને વૈકલ્પીક જગ્યા ફાળવવા માંગ ઉઠી છે.



તાજેતરમાં સુરેન્દ્રનગર મનપાની ટીમ દ્વારા જોરાવરનગર ફાટક પાસે વાસફોડા વસાહતમાં રહેતા વિચરતી અને વિમુક્ત જાતિના અંદાજે ૨૦થી વધુ વાસફોડા પરિવારોના કાચા મકાનોતેમજ છાપરા સહિતના દબાણો દુર કરવામાં આવતાં તંત્ર સામે નારાજગી જોવા મળી હતી. આ તમામ પરિવારો છુટક મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને વર્ષોથી જોરાવરનગર ફાટક પાસે રહેતા હતા પરંતુ મનપા દ્વારા તેમના કાચા મકાનો સહિતના દબાણો દુર કરવામાં આવતાં હાલત કફોડી બની છે.

જ્યારે આ તકે ભોગ બનનાર પરિવારોના જણાવ્યા મુજબ તેઓને વઢવાણના મુળચંદ ગામે પ્લોટો ફાળવવામાં આવ્યા છે પરંતુ ત્યાં પણ ગેરકાયદેસર દબાણ અને માટીનું ખનન કરવામાં આવેલું છે આથી માળોદ રોડ પર ટાઢી વડલી પાસે જગ્યા ફાળવવામાં આવે તેવી પણ માંગ સાથે વિચરતા સમુદાય સમર્થન મંચના હર્ષદ વ્યાસની આગેવાનીમાં વાસફોડા પરિવારની મહિલાઓ સહિત લોકોએ જીલ્લા કલેકટર કચેરી ખાતે રજુઆત કરી હતી.

### ૨૦૨૪નાં વર્ષ દરમિયાન

# સોમનાથ જિલ્લામાં ૧૦૮ની ટીમ ૧૯ હજાર દર્દીઓ માટે આપત્તિના સમયે બની 'આશીર્વાદ રૂપ'

## સૌથી વધુ ગર્ભવતી મહિલાઓનાં ૭,૪૩૭ કેસ અને અકસ્માતના ૨,૧૨૩ કેસ કર્યા અટેન્ડ



રિએક્સનના ૩૬, શ્વાસ લેવામાં તકલીફ હોય તેવા ૧,૦૬૪, હૃદય સંબધિત ૧,૨૬૪, ઉચ્ચ તાવના ૫૭૪, પ્રસુતિને લગતા ૭,૪૩૭ તેમજ અન્ય બીમારી અને અકસ્માતના મળી વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સે કુલ ૧૯,૦૭૮ કેસ એટેન્ડ કર્યા છે.

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ લોકો માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ છે. જેના દ્વારા અનેક લોકોના અમૂલ્ય જીવ બચે છે. અનેક અકસ્માતો, હાર્ટ એટેક, મહિલાઓની પ્રસૂતિ સમયે તથા કોરોના મહામારી સહિત કોઈપણ અન્ય આરોગ્ય ઈમરજન્સીમાં મ ૧૦૮ વાન આશીર્વાદ સમાન સાબિત થઈ છે.

ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૧૫ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે. જેના માધ્યમથી વર્ષ ૨૦૨૪માં કુલ ૧૯,૦૭૮ કેસ એટેન્ડ કરી અને માનવજીવન બચાવ્યાં છે.

જિલ્લા ૧૦૮ ઈમર્જન્સીના અધિકારી વિશ્રુત જોશીએ જણાવ્યું કે, ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમ ૨૪૪૭ ઈમરજન્સી સેવા પુરી પાડવા કટીબધ્ધ છે. ૧૦૮ સેવા દ્વારા અનેક લોકોને કટોકટીની પળોમાં મહામૂલી માનવ જિંદગીને બચાવવાની ઉમદા કામગીરી કરી છે અને છેલ્લા ૧ વર્ષમાં ૧૯,૦૭૮ જેટલા લોકોએ આ સેવાનો લાભ લીધો છે.

સૌથી વધુ ગર્ભવતી મહિલાઓના ૭,૪૩૭ કેસ અને અકસ્માતના ૨,૧૨૩ કેસ એટેન્ડ કરાયાં છે. જિલ્લાની ૧૦૮ સેવા કોઈપણ ઈમરજન્સી કે જે સ્વાસ્થ્ય સંબંધિત, ગુના સંબંધીત કે આગ સંબંધીત હોય તો મદદ મેળવવા ૧૦૮ને ચોક્કસપણે ફોન કરવા એમણે અનુરોધ કર્યો હતો.

૧૦૮ સેવા ગુજરાતમાં શરૂ કરવા અને સતત સહયોગ બદલ ગુજરાત રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરી અને રાજ્યના લોકોએ સભાનતા અને જવાબદારી પૂર્વક આ સેવાનો જરૂરિયાતના સમયે બહોળો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

જિલ્લામાં ૧ આઈસીયુ વાન સહિત કુલ ૧૫ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે. અલગ અલગ પ્રકારના ૧૯,૦૭૮ કેસ એટેન્ડ કર્યા છે. જેમાં પેટ દર્દના ૧૫૦૧, એલર્જી

# વિસાવદર: સાંદિપની વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થી મનોજ રવૈયા પીએચડી થયા

**અબતક, ગીજુ વિકમા, વિસાવદર**

પૂજ્યભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા ચાલતી સંસ્કૃત પાઠ શાળા સાંદિપની પોરબંદરના પૂર્વ વિદ્યાર્થી મનોજ ધીરુભાઈ રવૈયા (વિરપુર ગીર) ના વતની તથા સંસ્કૃતને અભ્યાસની શિક્ષકની નોકરી પ્રાપ્ત કરીને સાથે સાથે સંસ્કૃત વિષયના વ્યાકરણમાં ગુજરાત યુનિવર્સિટીમાં વ્યાકરણ વિષયમાં શોધ કાર્ય પૂર્ણ કરી ને પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. મનોજભાઈ વિસાવદર 'અબતક' ના પ્રતિનિધિ



ગીજુ ભાઈના મોટાભાઈ મુળશંકરભાઈના માઈ થાય છે. જ્ઞાતિ તેમજ સાંદિપનીથી મનોજભાઈને શુભેચ્છાઓ ખુબ જ મળી રહેલ છે.

# ધોરાજી: મગફળીની ટેકાના ભાવે ખરીદીથી ખેડૂતો ખુશખુશાલ

## માંડવીના સારા ભાવો મળ્યા ખેડૂતોની વેચાણ માટે લાગી લાંબી કતારો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

જગતનો તાત ખુશખુશાલ....ધોરાજીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ખેડૂતોને સારા ભાવો મળતા ખેડૂતો ખુશ ખુશાલ જોવા મળી રહ્યા છે. ખરીદી કેન્દ્રો પર મગફળી વેંચાણ માટે ખેડૂતોના વાહનોની લાંબી કતારો લાગી છે.



રાજ્ય સરકાર અને નાફેડ દ્વારા સમગ્ર ગુજરાતમાં ટેકાના ભાવે મગફળી ની ખરીદી કરવામાં આવી રહી હોય તેનો સમય પણ વધુ થઈ ગયો હોય ત્યારે ધોરાજી ના જેતપુર રોડ ઉપર આવેલ અતુલ મીલ કમ્પાઉન્ડમાં અંદાજે બે માસ જેવો સમય થયો હોય અને તોય મગફળી ની ટેકાના ભાવની ખરીદી શરૂ હોય ત્યારે ધોરાજી પંથકના ખેડૂતોએ સારો લાભ લીધો છે અને હાલ ખુલ્લી બજાર કરતા પણ સારાં ભાવ ખેડૂતોને ટેકાના ભાવ માં મળી રહયા છે ટેકાના ભાવ મણ ના ૧૩૦૦ થી પણ વધારે મળી રહ્યા છે અને ખેડૂતો એ આપેલ મગફળી વહેંચી હોય તેના નાણા પણ સમયસર ખાતાં માં જેમાં થઈ જાય છે ધોરાજી તાલુકાના ખેડૂતો એ ખુલ્લી બજાર કરતા ટેકાના ભાવે મગફળી વહેંચી છે અને હાલ ૮૦% થી પણ વધારે ખેડૂતો ની મગફળી લઈ લેવામાં આવી છે તેને લઈને ખેડૂતો ખુશ ખુશાલ જોવા મળ્યા છે અને ખેડૂતો પોતાની મગફળીની જણસી સાથે વાહનો લઈને લાંબી કતારોમાં જોવા મળે છે.

# ધોરાજીની ઔદ્યોગિક જીવાદોરી જેવા ૩૫૦ પ્લાસ્ટીક કારખાનાઓને પ્રાથમિક સુવિધાઓ આપવા માંગ

## નગર પાલીકાના નવા શાસકો પ્લાસ્ટીક ઉદ્યોગકારોની સમસ્યાનું નિવારણ લાવે તેવી ઉદ્યોગપતિઓને અપેક્ષા



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીની જીવાદોરી જેવા ૩૫૦થી વધુ પ્લાસ્ટીકના કારખાના ધમધમી રહ્યા છે. પરંતુ ઉદ્યોગકારો પાલીકાના કરવેરા ભરતા હોવા છતાં પ્રાથમિક સુવિધાઓ સંતોષજનક રીતે અપાતી નથી ત્યારે પાલીકાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો છે. ત્યારે પ્લાસ્ટીક ઉદ્યોગકારો દ્વારા નવાશાસકો પાસે પ્લાસ્ટીક ઉદ્યોગને સુવિધા આપવા માંગ ઉઠી છે.

ધોરાજી નગરપાલિકા માં વહીવટ દારનું શાસન બાદ હવે ચૂંટણી ની જાહેરાત થઈ ગઈ છે અને દરેક પક્ષ નાં ઉમેદવારો પોતાનું ફોર્મ રજૂ કરી પણ ચુક્યા છે અને ચુંટણી ની પ્રક્રિયા બાદ કોઈ પણ પક્ષની બોડી ની રચના થાશે ત્યારે વાત કરીએ ધોરાજી માં અંદાજે ૩૫૦ જેટલા અલગ પ્રકારના પ્લાસ્ટિક કારખાના ઓ ધમધમી રહ્યા છે અને આ પ્લાસ્ટિક ઉદ્યોગ નગરપાલિકા ની હદમાં આવતાં હોય અને પ્રાથમિક સુવિધાઓ માટે ના તમામ પ્રકાર ના કરવેરા ભરી રહયા છે પણ પ્લાસ્ટિક ઉદ્યોગકારો ના કમ નશીબ એટલાં છે કે જ્યારે થી પ્લાસ્ટિક કારખાના ઓ અસ્તિત્વ મા આવ્યા ત્યાર થી નગરપાલિકા તંત્ર દ્વારા તમામ પ્રકારનાં કરવેરા ભરવાં છતાં પ્રાથમિક સુવિધાઓ સ્ટ્રીટ લાઈટ ભૂગર્ભ ગટર યોજના શુદ્ધ પાણી સાફ સફાઈ કે પછી સારાં રસ્તાઓ અત્યાર સુધી માં પ્લાસ્ટિક ઉદ્યોગકારો મળ્યા જ નથી ધોરાજી માં સૌથી વધારે તમામ નગરપાલિકા તંત્ર કરવેરા પ્લાસ્ટિક ઉદ્યોગકારો ભરવાં છતાં પ્રાથમિક સુવિધાઓ થી વંચિત રહયા છે ત્યારે આગામી સમયમાં નગરપાલિકા માં કોઈ પણ પક્ષના નું શાસન આવે તેની પાસે પ્લાસ્ટિક ઉદ્યોગકારો પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# થાન નગર પાલિકાની ચૂંટણી ફોર્મ ચકાસણી દરમિયાન ૩ ફોર્મ રદ

## ૧૧૧ ઉમેદવારો પૈકી હવે ૧૦૮ ઉમેદવારો મેદાને

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાની થાન નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકો માટે ચુંટણી પંચ દ્વારા ચુંટણી જાહેર કરવામાં આવી છે જેમાં ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધીમાં કુલ ૧૧૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા ત્યારે ફોર્મ ચકાસણી બાદ ૦૩-ફોર્મ રદ થતાં થાન નગરપાલિકાની ચુંટણીમાં હવે કુલ ૧૦૮ ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહ્યા છે.



થાન નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધીમાં ભાજપના ૨૯, કોંગ્રેસના ૨૭, આમ આદમી પાર્ટીના ૨૮, બસપાના-૯, અપક્ષ ૧૮ મળી કુલ ૧૧૧ ઉમેદવારોએ થાન મામલતદાર કચેરી ખાતે ચોટીલા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી હતી ત્યારે ફોર્મ ચકાસણીને દિવસે થાન મામલતદાર કચેરી ખાતે ચુંટણી અધિકારી એચ.ટી. મકવાણાની અધ્યક્ષતામાં ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી જેમાં કુલ ૧૧૧ ઉમેદવારો પૈકી ૧૦૮ ઉમેદવારોના ફોર્મ માન્ય (મંજુર) રાખવામાં આવ્યા હતા જ્યારે ૦૩-ઉમેદવારોના ફોર્મ અમાન્ય એટલે કે રદ્દ કરવામાં આવ્યા હતા. જેમાં વોર્ડનં.૫ માં એક ઉમેદવાર પાસે ભાજપનું મેન્ડેડ નહિં હોવાથી ફોર્મ રદ થયું હતું. જ્યારે વોર્ડનં.૬ માં ૦૨-ઉમેદવારો પાસે કોંગ્રેસનું મેન્ડેડ નહિં હોવાથી ફોર્મ રદ્દ થયા હતા. આમ હવે થાન નગરપાલિકાની ચુંટણી માટે ભાજપ અને કોંગ્રેસ સહિત આમ આદમી પાર્ટી અને અન્ય પક્ષો મળી કુલ ૧૦૮ ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહેશે.

# સોમવારથી ફ્રાન્સ અને અમેરિકાના પ્રવાસે મોદી : ટ્રમ્પ સાથેની મુલાકાતમાં વેપાર, સંરક્ષણ સહિતના મુદ્દાઓ પર કરશે ચર્ચા

## ટ્રમ્પે બીજો કાર્યકાળ સાંભળ્યા પછી મોદીની વોશિંગ્ટનની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હશે

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦-૧૧ ફેબ્રુઆરીએ ફ્રાન્સની મુલાકાત લીધા બાદ ૧૨ ફેબ્રુઆરીથી બે દિવસ અમેરિકાના પ્રવાસે જશે, જ્યાં તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વ્યાપક ચર્ચા કરશે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં બીજો કાર્યકાળ મેળવ્યા પછી મોદીની વોશિંગ્ટનની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હશે. તેમની શરૂઆતની મુલાકાત ભારત-અમેરિકા સંબંધોના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકે છે, કારણ કે નવા વહીવટના ઉદઘાટન પછી તેઓ ટ્રમ્પને રૂબરૂ મળનારા પ્રથમ વિદેશી નેતાઓમાંના એક હશે.



પીએમ મોદી ફ્રાન્સની તેમની બે દિવસીય મુલાકાત પછી તરત જ યુએસ પહોંચશે, ફ્રાન્સમાં તેઓ ૧૦-૧૧ ફેબ્રુઆરીએ ગ્રાન્ડ પેલેસ ખાતે એઆઈ એક્શન સમિટમાં હાજરી આપશે. એલિસી પેલેસના એક નિવેદન અનુસાર, ફ્રેન્ચ સરકાર દ્વારા આયોજિત આ સમિટમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈમાં પ્રગતિ અને નિયમોની ચર્ચા કરવા માટે વૈશ્વિક નેતાઓ, વ્યવસાયિક અધિકારીઓ, શિક્ષણવિદો અને સમાજના સભ્યોને એકઠા કરવામાં આવશે.

પીએમ મોદીની યુએસ મુલાકાતની સત્તાવાર વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ વેપાર, સંરક્ષણ સહયોગ અને પ્રાદેશિક સુરક્ષા, ખાસ કરીને ઈન્ડો-પેસિફિકમાં કેન્દ્રિત થવા અંગેની ચર્ચાઓ કરે તેવી અપેક્ષા છે. ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે સત્તાવાર રીતે શપથ લીધા હતા. તેમના શપથ ગ્રહણ પછી, પીએમ મોદીએ ૨૭ જાન્યુઆરીએ તેમની સાથે ફોન પર વાત કરી હતી, વેપાર, ઊર્જા અને સંરક્ષણ સહયોગ પર ભાર મૂકતા ''વિશ્વસનીય'' ભાગીદારી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અંગે વાતચીત કરી હતી. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી એસ જયશંકરે કર્યું હતું, જેમણે નવા ચૂંટાયેલા યુએસ રાષ્ટ્રપતિને પીએમ મોદીનો પત્ર પણ પહોંચાડ્યો હતો.

# શેરબજારમાંતેજી: સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો ઉછાળો

## સેન્સેક્સે ૭૭૯૫૧ અને નિફ્ટીએ ૨૩૫૮૨ની સપાટી સ્પર્શી

**અબતક, નવી દિલ્હી**

શેરબજારમાં આજે તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ ૭૦૦ થી વધુ પોઈન્ટના વધારા સાથે ૭૭,૯૦૦ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ ૨૦૦ પોઈન્ટ ઉપર છે, તે ૨૩,૫૬૦ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. સેન્સેકસના ૩૦ શેરોમાંથી ૨૯ શેરો ઉપર છે અને ૧ શેરો નીચે છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૭ ઉપર અને ૩ નીચે છે. એનએસઈ સેકટરલ ઈન્ડેકસમાં બધા સેક્ટર વધારા સાથે કારોબાર કરી રહ્યા છે. ઓટો સેક્ટરમાં મહત્તમ ૧.૨૦% વૃદ્ધિ જોવા મળી છે.



એશિયન બજારમાં, જાપાનનો નિક્કી ૧.૨૪% અને કોરિયાનો કોસ્પી ૧.૬૩% વધ્યો છે. તે જ સમયે, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૦.૦૬૨% ના ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યો છે. એનએસઈના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો એ ૩ ફેબ્રુઆરીના રોજ ૩,૯૫૮.૩૭ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારોએ ૨,૭૦૮.૨૩ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. ૩ ફેબ્રુઆરીના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૨૮% ના વધારા સાથે ૪૪,૪૨૧ પર બંધ થયો. એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૦.૭૬% વધીને ૫,૯૯૪ પર બંધ થયો. નાસ્ડેક ઈન્ડેક્સ ૧.૨૦% ઘટ્યો.


ગઈકાલે એટલે કે ૪ ફેબ્રુઆરીએ, સેન્સેક્સ ૩૧૯ પોઈન્ટના ઘટાડા સાથે ૭૭,૧૮૬ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૧૨૧ પોઈન્ટ ઘટીને ૨૩,૩૬૧ પર બંધ થયો. તે જ સમયે, બીએસઈ સ્મોલ કેપ ૮૮૭ પોઈન્ટ ઘટીને ૪૯,૨૧૨ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૯ શેરો નીચે અને ૧૧ શેરો ઉપર હતા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૫ શેરોમાં ઘટાડો અને ૧૫ શેરોમાં વધારો જોવા મળ્યો. એનએસઈ ક્ષેત્રીય સૂચકાંકોમાં, તેલ અને ગેસ ક્ષેત્રમાં સૌથી વધુ ૨.૨૨%નો ઘટાડો થયો.

# સોનાના ચળકાટ વચાળે લોન લેવાવાળાઓનો પણ રાફડો ફાટ્યો: છેલ્લા છ વર્ષમાં ૭૧%નો વધારો

## ICICI બેંક માટે ગોલ્ડ અસ્કયામતો વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધી

**અબતક, રાજકોટ**

સોનાના ભાવમાં વધારો થવાની સાથે સોનાં પર લોન લેવાવાળાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. સોનાના ભાવમાં વધારો થવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫ ના પ્રથમ નવ મહિનામાં વાણિજ્યિક બેંકો દ્વારા સોનાની લોનમાં ૭૧ ટકાનો વધારો થયો છે. બેંક સિવાયના ધિરાણકર્તાઓ પર પણ સોનાની લોનમાં વધારો જોવા મળ્યો છે. સોનાના ભાવમાં વધારાને કારણે ધિરાણકર્તાઓને ઉચ્ચ કોલેટરલ મૂલ્યને કારણે વધુ લોન રકમ મેળવાની મંજૂરી મળી છે. જેનાથી સોનાની લોન પોર્ટફોલિયો પર નિયમનકારી ચકાસણી છતાં ધિરાણકર્તાઓની સગવડતામાં વધારો થયો છે.



ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા પ્રકાશિત તાજેતરના ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ ના પ્રથમ નવ મહિનામાં વાણિજ્યિક બેંકો દ્વારા આપવામાં આવેલી સોનાની લોન ૭૧ ટકા વધીને રૂ. ૧.૭૨ લાખ કરોડ થઈ છે. જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં ૧૨.૭ ટકા હતી.

ETIG ડેટાબેઝ દર્શાવે છે કે મુખ્ય ધિરાણકર્તાઓમાંની એક, ICICI બેંક માટે ગોલ્ડ અસ્કયામતો, વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધી છે. આ વ્યવસાયમાં અગાઉ પ્રવેશ કરનારા બેંક સિવાયના ધિરાણકર્તાઓ પર એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ગોલ્ડ લોનની લિમિટ વધીને - ૧.૫૫ કરોડ થયા. જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૧.૩૨ લાખ કરોડ હતા. મુથુટ ફાઈનાન્સ અને મણપ્પુરમ ફાઈનાન્સ સક્રિય સોના પર કેન્દ્રિત એનબીએફસીમાં શામેલ છે.

સોના સામે લોન વધતા ભાવો વચ્ચે બેંકોને વ્યસ્ત રાખે છે. મુથુટ માટે, સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ગોલ્ડ અસ્કયામતો અંડર મેનેજમેન્ટમાં વાર્ષિક ધોરણે ૨૮ ટકાનો વધારો થયો હતો. અને મણપ્પુરમ માટે તે જ સમયગાળામાં ૧૭ ટકાનો વધારો થયો હતો. ધિરાણકર્તાઓને આરામ આપવા માટે એક મહત્વપૂર્ણ પરિબળ સોનાનો વધતો ભાવ છે. ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગોલ્ડ લોન માટે એલટીવી રેશિયો ૭૫ ટકા સુધી મર્યાદિત છે. સરળ શબ્દોમાં કહીએ તો લોન લેનારાઓ તેમના સોનાના બજાર મૂલ્યના ૭૫ ટકા સુધી લોન મેળવી શકે છે.

# મહારાષ્ટ્રમાં સરકારી ખાતામાં મરાઠી ભાષામાં લખાણ તો ઠીક વાતચીત પણ મરાઠીમાં ફરજિયાત !!

## સરકારી કચેરીઓના દસ્તાવેજો તેમજ કચેરી બહાર લગાવેલા બોર્ડ પણ મરાઠી ભાષામાં લગાવવા આવશ્યક

**અબતક, રાજકોટ**

સ્થાનિક ભાષાને મહત્ત્વ આપતો નિણર્ય મહારાષ્ટ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર સરકારે ગઈ કાલે એક સરકારી ઠરાવ બહાર પાડ્યો છે જેમાં તમામ સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓમાં મરાઠી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. જીઆર મુજબ, ''તમામ સરકારી, અર્ધ-સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, રાજ્ય સંચાલિત નિગમો અને સહાયિત કચેરીઓમાં'' કર્મચારીઓએ મુલાકાતીઓ સાથે વાત કરતી વખતે મરાઠી ભાષાનો ઉપયોગ કરવો આવશ્યક છે, સિવાય કે ભારત બહારથી અને અન્ય રાજયોમાંથી આવતા મુલાકાતીઓ.

રાજ્ય આયોજન વિભાગ દ્વારા જારી કરાયેલ જીઆર, રાજ્યની મરાઠી ભાષા માટેની નીતિ અંગેના અમલીકરણનો એક ભાગ છે. '' કચેરીઓમાં મરાઠી ભાષાના ઉપયોગ અને મરાઠીમાં વાતચીત અંગે બોર્ડ લગાવવાનું ફરજિયાત કરાયું છે.'' જીઆર જણાવે છે કે, ''આનો કડક અમલ કરવામાં આવશે.

મરાઠીમાં વાતચીત ન કરતા સરકારી અધિકારીઓ/કર્મચારીઓ અંગે સંબંધિત કચેરીના વડા અથવા વિભાગના વડાને ફરિયાદ કરી શકાય છે. ચકાસણી પછી જો કોઈ ખામી જણાશે તો વિભાગના વડા સામે શિસ્તભંગના પગલાં લેવાશે.''

જીઆરમાં વધુમાં જણાવાયું છે કે, ''બધી સરકારી કચેરીઓમાં મૂળ દરખાસ્તો, તમામ પત્રવ્યવહાર, ટિપ્પણીઓ, આદેશો, સંદેશાઓ મરાઠીમાં હશે અને ઓફિસ સ્તરે બધી રજૂઆતો અને વેબસાઈટ્સ પણ મરાઠીમાં હશે. કેન્દ્રના ત્રિભાષી સૂત્ર મુજબ, રાજ્યમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ તેમજ તમામ બેંકોમાં નોટિસ બોર્ડ, અધિકારીઓના નામ બોર્ડ, અરજી ફોર્મ મરાઠીમાં હોવા ફરજિયાત રહેશે. સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓ તેમજ કોર્પોરેશનો, બોર્ડ, સરકાર દ્વારા માન્ય સાહસો, કંપનીઓમાં મરાઠી નામોનો ઉપયોગ સંસ્થાઓના કાર્યમાં કરવામાં આવશે.''

આ ઉપરાંત સરકાર દ્વારા મંજૂર કરાયેલી પ્રવૃત્તિઓ હેઠળના સાહસો દ્વારા મીડિયાને આપવામાં આવતી જાહેરાતોમાં પણ મરાઠી ભાષાનો ઉપયોગ ફરજિયાત રહેશે. ગયા વર્ષે ઓક્ટોબરમાં કેન્દ્ર દ્વારા પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળી સાથે મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

# પ્રજાસત્તાક પર્વની પરેડમાં વિજેતા બનેલા ગુજરાતના ''ટેબ્લો''ના કલાકારોને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી



**અબતક, રાજકોટ**

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં વિજેતા થયેલ ગુજરાત ટેબ્લોના કલાકારોની ટીમે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની સ્પર્ધામાં ગુજરાતના ટેબ્લોને ત્રીજું સ્થાન મેળવવા બદલ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક કે.એલ.બચાણી, અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ, નાયબ માહિતી નિયામક જિગર ખુંટ સહિત માહિતી ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ''આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ'' ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી: ભારત-પાક મેચની ટિકિટો માત્ર એક કલાકમાં ચપોચપ વેચાઈ ગઈ

## આઠ ટીમોની આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન યોજાશે

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને લઈને હંમેશા ચાહકોમાં અનેરો ઉત્સાહ હોય છે. ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકિટો માત્ર એક જ કલાકમાં વેચાઈ ગઈ. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચની ટિકિટો ગઈ કાલે એક જ કલાકમાં વેચાઈ ગઈ જેને કારણે ઘણા લોકો પોતાના વારાની ઓનલાઈન રાહ જોઈ રહ્યા હતા. ભારત ૨૩ ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન સામે ટકરાશે , જ્યાં ભારત પોતાની બધી મેચ રમશે - જેમાં ક્વોલિફાય થાય તો સેમિફાઈનલ અને ફાઈનલ મેચનો પણ સમાવેશ થાય છે.

ભારતીય ટીમે ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યા બાદ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વચ્ચેના કરાર પછી પાકિસ્તાન દ્વારા આયોજિત ટુર્નામેન્ટ હાઈબ્રિડ બની ગઈ. ટિકિટોની આ ઉગ્ર માંગથી સ્થાનિક રહેવાસીઓ અને વિશ્વભરના ચાહકો બંને આશ્ચર્યચકિત થઈ ગયા. દુબઈના એક સ્થાનિકે જણાવ્યું હતું કે''મને લાંબી કતાર લાગવાની અપેક્ષા હતી, પરંતુ જે ઝડપે ટિકિટ ગાયબ થઈ ગઈ તે આઘાતજનક હતું. ક્રિકેટ પ્રેમીઓ લગભગ એક કલાક સુધી ઓનલાઈન કતારમાં ઉભા રહ્યા, પરંતુ તેમને ખબર પડી કે ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ માટે મોટાભાગની શ્રેણીઓમાં ટિકિટો ઉપલબ્ધ નથી.




આઠ ટીમોની આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન રમાશે અને તેમાં પાકિસ્તાન અને દુબઈના સ્થળોએ ૧૫ મેચનો સમાવેશ થશે.

લાહોર, કરાચી અને રાવલપિંડીના સ્ટેડિયમો પાકિસ્તાનમાં મેચોનું આયોજન કરશે. ભારત અને પાકિસ્તાન ઉપરાંત ગ્રુપ એ માં બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડનો સમાવેશ થાય છે. ગ્રુપ બી માં અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં કરાચીમાં યજમાન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનનો મુકાબલો ન્યુઝીલેન્ડ સામે થશે.

# ગુજરાતનાં પશુપાલકો દેશી ગાયની નસલને પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ રહે: રાજ્યપાલ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સેક્સ સોર્ટેડ ટેકનીક અને લેબોરેટરીનું અવલોકન કર્યું

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં ઉત્તમ નસલની-વધુ દૂધ આપતી દેશી ગાયની સંખ્યા વધે એ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-એન.ડી.ડી.બી. દ્વારા સંચાલિત સાબરમતી આશ્રમ ગૌશાળામાં સુપિરિયર એનિમલ જિનેટિક્સ લેબોરેટરીની મુલાકાત લઈને સ્વદેશી સેક્સ સોર્ટેડ સિમેન ટેકનોલોજીનો અભ્યાસ કર્યો હતો.



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સ્વયં પશુપાલક છે. હરિયાણાના કુરુક્ષેત્રમાં તેમના ગુરુકુળની ગૌશાળામાં તેઓ ઘણા વર્ષોથી પોતાની દેશી ગાયની બ્રિડને વધુને વધુ ઉન્નત કરવા માટે તેઓ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાતમાં વધુને વધુ પશુપાલકો દેશી ગાયની નસલને વધુ ઉન્નત કરવા પ્રયત્નશીલ રહે એવી તેમણે અપીલ કરી છે.

એન.ડી.ડી.બી.એ ગોસોર્ટ નામથી પ્રભાવક અને ઓછી ખર્ચાળ સેક્સ સોર્ટેડ ટેકનીક વિકસાવી છે. ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગે રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત આ ટેકનિકને વ્યવસાયિક રૂપે લાગુ કરવાની મંજૂરી આપતા એન.ડી.ડી.બી.એ સ્વદેશી સેક્સ સોર્ટેડ ટેકનીક-ગૌસોર્ટ રાષ્ટ્રને સમર્પિત કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ઓક્ટોબર ૨૦૨૪ માં તેનો શુભારંભ કરાવ્યો હતો. અહીં એ ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે ખેડૂતો અને પશુપાલકોને મોટી સબસીડી આપીને માત્ર ૫૦ રૂપિયાની કિંમતે સેક્સ સોર્ટેડ સિમેન ઉપલબ્ધ કરાવીને ક્રાંતિ સર્જી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે ખેડા જિલ્લાના બિડજમાં આવેલી સાબરમતી આશ્રમ ગૌશાળાની મુલાકાત લઈને સેક્સ સોર્ટેડ ટેકનીક અને લેબોરેટરીનું અવલોકન કર્યું હતું. તેમણે અદ્યતન લેબોરેટરની સુવિધાઓ, સંશોધન કાર્યો અને પ્રયોગો વિશે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના ચેરમેન મીનેશ શાહ, એન.ડી.એસ.ના મેનેજિંગ ડિરેક્ટર ડો.સી.પી.દેવાનંદ તથા સુપિરિયર એનિમલ જીનેટિક્સના જનરલ મેનેજર ડો. અમરીશ પટેલ પાસેથી જાણકારી મેળવી હતી.

# પાકિસ્તાનમાં વસતા હિન્દુઓએ હરિદ્વારમાં ૪૦૦ કળશ અસ્થિ વિસર્જન કરી: મહાકુંભમાં જવાની પરવાનગી માંગી

## ૪ થી ૨૧મી ફેબ્રુઆરી સુધી આ કળશ દિલ્હીના નિગમ બોધ ઘાટ પર રાખવામાં આવશે: દૂધના વિધિવત અર્પણ સાથે વિસર્જન કરાશે

**અબતક, રાજકોટ**

ગંગા નદીમાં અસ્થિ વિસર્જનનું હિન્દુઓમાં ખાસ મહત્વ છે. ત્યારે માત્ર ભારતમાં વસતા જ હિન્દુઓ નહીં પાકિસ્તાનના હિન્દુઓ પણ અસ્થિ વિસર્જન માટે માં ગંગાના ચરણોમાં આવવાને પ્રાધાન્ય આપે છે. ભાગલા પછી ત્રીજી વખત, પડોશી દેશ પાકિસ્તાનથી હિન્દુઓનું એક જૂથ મૃત હિન્દુઓની અસ્થિ ધરાવતા લગભગ ૪૦૦ કળશ લઈને ભારત પહોંચ્યું હતું.



આ જૂથ હરિદ્વારમાં ગંગા નદીમાં આ અસ્થિઓનું વિસર્જન કરવા માંગે છે. તેઓ મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે પ્રયાગરાજની મુલાકાત લેવાની પરવાનગી મેળવવાની પણ આશા સેવી રહ્યા છે. કરાચીના શ્રી પંચમુખી હનુમાન મંદિરના મહંત રામ નાથ મિશ્રા મહારાજ જણાવે છે કે પાકિસ્તાનમાં ઘણા હિન્દુઓની ઈચ્છા છે કે, તેમના મૃત્યુ પછી, તેમની અસ્થિઓનું ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવે.

વૈકલ્પિક રીતે, તેમના સંબંધીઓ ઘણીવાર તેમના વતી આ પવિત્ર ફરજ પૂર્ણ કરવા માંગે છે. પરિણામે, અસ્થિને મંદિરોમાં 'કલશ'માં સંગ્રહિત કરવામાં આવે છે, અને એકવાર નોંધપાત્ર સંખ્યા પહોંચી જાય, પછી ભારતીય વિઝા મેળવવાના પ્રયાસો કરે છે જેથી મૃતકો અથવા તેમના પરિવારોની અંતિમ ઈચ્છાઓ પૂર્ણ થઈ શકે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ પાકિસ્તાનથી આવેલા મૃત હિન્દુઓના અંતિમ સંસ્કાર માટે આશરે ૪૦૦ કળશ લઈને જઈ રહ્યા હતા. શ્રી દેવોત્થાન સેવા સમિતિ, દિલ્હીના મહામંત્રી વિજય શર્મા, જેઓ પાકિસ્તાનથી લાવવામાં આવેલા કળશ લેવા માટે એક ડઝન અન્ય લોકો સાથે અટારી પહોંચ્યા હતા, તેમણે માહિતી આપી હતી કે ૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી, આ કળશ દિલ્હીના સૌથી જૂના અને સૌથી મોટા સ્મશાન ઘાટ, નિગમ બોધ ઘાટ પર રાખવામાં આવશે, જ્યાં લોકો શ્રદ્ધાંજલિ આપી શકે.

૨૧ ફેબ્રુઆરીએ, વૈદિક પરંપરાઓનું પાલન કરીને, કળશને હરિદ્વાર લઈ જવામાં આવશે અને ૨૨ ફેબ્રુઆરીએ કંખાલના સીતાઘાટ ખાતે દૂધનો વિધિવત અર્પણ સાથે વિસર્જન કરવામાં આવશે.

પાકિસ્તાની હિન્દુ જૂથને લખનૌ અને હરિદ્વારની મુલાકાત માટે વિઝા મળી ગયો છે. રામ નાથ મિશ્રાએ જણાવ્યું હતું કે તેઓ પ્રયાગરાજની મુલાકાત લેવા માટે વિઝા લંબાવવાની આશા રાખે છે જેથી તેઓ તેમની જીવનભરની ઈચ્છા મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવી શકે. ભૂતકાળમાં, ૨૦૧૧ અને ૨૦૧૬ માં પાકિસ્તાનથી હિન્દુઓનું એક જૂથ અનુક્રમે ૧૩૫ અને ૧૬૦ મૃત હિન્દુઓની અસ્થિઓ લઈને ભારત આવ્યું હતું.

વિજય શર્માએ ભારત સરકારને વિનંતી કરી કે તેઓ હરિદ્વારમાં તેમના મૃતકોના અંતિમ સંસ્કાર કરવા માંગતા હિન્દુઓને વિઝા આપે, અને ઉમેર્યું કે તેઓ તમામ પ્લેટફોર્મ દ્વારા તેમની માંગણી પણ ઉઠાવશે.

# ધુંવાવ નજીક ગૌ-શાળામાં અકસ્માતે આગથી ભારે દોડધામ:સદનસીબે કોઇ જાનહાનિ નહી

## ગાયનો ઘાસચારો બળીને ખાખ: ગૌશાળા ના સંચાલકો દ્વારા અજ્ઞાત શખ્સોએ આગ લગાડ્યા નો કર્યો આક્ષેપ: પોલીસ તંત્ર દોડતું થયું

જામનગર નજીક ધુવાવ પાસે આવેલી ક્રિષ્ના ગૌશાળામાં રાખવામાં આવેલા ૩૫૦ મણ કડબના જથ્થામાં પરમદીને રાત્રિના સમયે અકસ્માતે આગ લાગી હતી, અને ફાયર તંત્ર દોડતું થયું હતું.

ગૌશાળા ના ટ્રસ્ટી મિલનભાઈ ભોગાયતા એ ફાયર શાખાને જાણ કરતાં ફાયર શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આ બનાવ અંગે પોલીસ તંત્રને પણ જાણ કરવામાં આવી હતી, જેથી પંચકોષી એ. ડિવિઝનના પી.એસ.આઈ એમ. એન. શેખ બનાવના સ્થળે દોડી ગયા હતા, અને તપાસ શરૂ કરી હતી.

ગૌશાળા ના સંચાલકો દ્વારા જણા વાયા અનુસાર રાત્રિના ૧૨.૦૦ વાગ્યે ગૌશાળાનો





દરવાજો બંધ કરાયો હતો, પરંતુ રાત્રિના સમયે કોઈપણ રીતે દરવાજા ખુલ્લા પડેલા હતા, અને ઘાસનો જથ્થો સળગી ઊઠ્યો હતો. જેથી કોઈ આજ્ઞાત શખ્સોએ આગ ચાંપી દીધી હોય તેવો આક્ષેપ કરાયો હતો. જે દિશામાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

ગૌશાળામાં અગાઉ સીસીટીવી કેમેરા વગેરે હતા, પરંતુ થોડા સમય પહેલા ગૌશાળામાં પાણી ભરાવાના સમય ગાળા દરમિયાન તેના કેમેરાઓ બંધ થયા હતા. જેથી આજે ફરીથી નવા સીસીટીવી કેમેરા લગાવીને ચાલુ કરી દેવાયા છે.

માત્ર બે દિવસ પહેલા જ ૩૫૦ મણ ઘાસનો જથ્થો મંગાવાયો હતો, અને રખાયો હતો. જે સળગી ઉઠ્યો છે. જો કે થોડે દૂર રખાયેલો બીજો કડબનો ભૂકકો કે જે બચી ગયો હોવાથી તેને કોઈ નુકસાની થઈ નથી, અને તેના આધારે ગૌશાળામાં રહેલી ૯૦ જેટલી ગાયોનો નિભાવ થઈ રહ્યો છે.

# તહેવારો-ચૂંટણીને અનુલક્ષીને અનિચ્છનિય બનાવ ન બને તે માટે હથિયારબંધી

ફેબ્રુઆરી, આગામી દિવસોમાં મહાશિવરાત્રી, વેલેન્ટાઇન ડે તથા સ્થાનિક સ્વરાજયની ચૂંટણી આવનાર હોય, જેને ધ્યાનમાં લેતા જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર જિલ્લામાં આગામી તારીખ ૦૬-૦૩-૨૦૨૫ સુધી હથિયારબંધી જાહેર કરવામાં આવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી. એન. ખેર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામામાં દર્શાવ્યા મુજબના સમયગાળા દરમિયાન કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ધકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળાં દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ.ટાઉનહોલમાં પ્રવેશ કરવો આવી તમામ પ્રવૃતિઓ કરવા પર જાહેરનામામાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ જાહેરનામાંનો ભંગ કરનારી વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા, ઓછામાં ઓછા ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે.

આ જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીશ્રીઓ, હોમ ગાર્ડઝ, ગ્રામરક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજા, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલા હોય, પોલીસ અધિક્ષક અથવા તેમણે નિયુકત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલી હોય અને કિરપાણ રાખેલા શીખને લાગુ પડશે નહીં.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચાર માટે વાહનોના ઉપયોગ માટે પરવાનગી મેળવવી ફરજીયાત

## મેજિસ્ટ્રેટ ભાવેશ એન. ખેર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ

જામનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભાવેશ એન. ખેર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે કે, જામજોધપુર, ધ્રોલ, કાલાવડ નગરપાલિકાની સમાન્ય ચૂંટણી તથા જોડિયા તાલુકા પંચાયતના મતદાર મંડળ ૮- જોડિયા-૩ તથા જામનગર તાલુકા પંચાયત મંડળના ૧૪- જામવંથલીની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી ૨૦૨૫ અન્વયે ઉમેદવારોએ ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાના વાહનો માટે સક્ષમ સત્તાધિકારી પાસેથી પરવાનગી મેળવી લેવાની રહેશે, તથા તેને સંબંધિત વાહનોના વિન્ડ સ્ક્રીન પર બહારથી જોઈ શકાય તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવેલ વાહનોનું કોનવોયમાં ઉપયોગ કરવાના કિસ્સામાં ભારતના ચૂંટણીપંચની છેવટની સૂચના મુજબ ઉપયોગ કરવાનો રહેશે. આ હુકમ તમામ પ્રકારના સરકારી, અર્ધ સરકારી વાહનો કે રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ કે જેમને ઝેડ પ્લસ સુરક્ષા પૂરી પાડવામાં આવતી હોય અથવા જેમની જીંદગીને ત્રાસવાદીઓની ધમકીના કારણે જોખમ હોય-તેમને પૂરી પાડવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થા માટેના વાહનો કોનવોયના વાહનોની ગણતરીમાંથી બાકાત રહેશે. આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભાવેશ એન. ખેર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# નવતનપુરી ધામમાં ઐતિહાસિક ક્ષણ: ૪૦૦ વર્ષ જૂના મંદિરના નવનિર્માણ માટે શિલા મહાપૂજા કરાય

## નિજાનંદ સંપ્રદાયના જગદ્દગુરુ આચાર્ય અનંત વિભૂષિત કૃષ્ણમણીજી મહારાજ, મહામંગલ પૂરી ધામ- સુરતના સૂર્યનારાયણજી મહારાજ સહિતના અનેક સંતો મહંતો અને ભાવિકો રહ્યા ઉપસ્થિત

છોટી કાશીમાં આવેલ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયની આચાર્યપીઠ નવતનપુરી ધામ ખીજડા મંદિરનું ૪૦૦ વર્ષ બાદ ૨૦૨૪માં અક્ષય તૃતીયા-અખાત્રીજના શુભ દિવસે શિલાન્યાસ સંપન્ન થયા બાદ વસંતપંચમીના પાવન અવસરે કૃષ્ણ પ્રણામી માં શિલા મહાપૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રણામી ધર્મના અનુયાયીઓએ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા





હતા. આ પ્રસંગે દાતા પરિવાર અને ઉપસ્થિત રહેલા સુંદરસાથ ભાવિકોએ શિલા સ્થાપન વેળાના સાક્ષી પણ બન્યા હતા.

# નવાગામ ઘેડમા સહોદરના મૃત્યુના આઘાતમાં મોટાભાઈનો આપઘાત

જામનગરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા એક આધેડે પોતાના ભાઈના મૃત્યુ બાદ પોતે પણ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી છે.

આ બનાવ ની વિગત એવી છે કે જામનગરમાં નવાગામ ઘેડમાં રહેતા રમેશભાઈ પરસોત્તમભાઈ મકવાણા નામના ૬૨ વર્ષના બુઝુર્ગ કે જેઓએ આજે સવારે પોતાના ઘેર પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. ૧૦૮ ની ટુકડીએ આવીને તેઓને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકની પુત્રી કિંજલબેન રમેશભાઈ મકવાણા એ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન પોલીસે બનાવના સ્થળે પહોંચી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો, અને વધુ તપાસ હાથ ધરી હતી. મૃતકના નાનાભાઈ શશીકાંતભાઈ મકવાણા નું આજથી છ મહિના પહેલાં ડાયાબિટીસની બીમારીના કારણે અવસાન થયું હતું, જેનું મનમાં લાગી આવતાં પોતે પણ આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# જામજોધપુર: સડોદર ભારદ્વાજ વિદ્યાલય ખાતે ઉજવાયો વાર્ષિકોત્સવ



**અબતક, ભરત ગોહીલ, જામજોધપુર**

જામ જોધપુર તાલુકાના સડોદર મુકામે ભારદ્વાજ વિદ્યાલય ખાતે વાર્ષિક ઉત્સવ કલરવ ઉજવવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ કરવાનું ભવ્ય આયોજન કરાયેલ. જેમાં વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં મેનેજીંગ ટ્રસ્ટી નયનભાઈ અકબરી સિધ્ધરાજ સર સહિત વિદ્યાર્થીગણ વાલી ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હિન્દુ સેના ગુજરાત પ્રદેશ સ્તરની યોજાઈ અગત્યની બેઠક

હિન્દુ સેના ગુજરાત પ્રદેશ સમિતિની એક અગત્યની બેઠક સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજીના મંદિર ખાતે વસંત પંચમીના દિવસે યોજાઈ હતી, જેમાં ગુજરાત હિન્દુ સેનાના મુખ્ય પ્રદેશ કક્ષાના જવાબદારો મળ્યા હતા.

ત્યારે હિન્દુ સેના ગુજરાત અધ્યક્ષ પ્રતિક ભટ્ટે પ્રદેશ કક્ષાએ ગૌચરની જમીન છોડાવવા, ગેરકાયદેસર અવેધ ધાર્મિક સ્થાનોને દૂર કરાવવા, જિલ્લાઓના ગામડાઓ સુધી અજાનના નામે મસ્જિદો ઉપરના વધુ પડતા ઘોંઘાટવાળા



માઈકો અને અવાજો દૂર કરાવવા તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાને મળતી ધમકીઓ અને તેમના પર થયેલ જાન લેવા ફાયરિંગને લઈ ચિંતા વ્યક્ત કરી હતી.

ગુજરાત પ્રદેશની આ અગત્યની હોદ્દેદારોની બેઠકમાં કર્ણાવતી થી આવેલ હિન્દુ સેના ગુજરાત ઉપાધ્યક્ષ વિનય શર્મા દ્વારા સૈનિકોના સંપર્ક વધારી કાર્યને ગતિ અપાવવા સૂચના તેમજ ઉચ્ચ અધિકારીઓ ના સંપર્કમાં રહી કાર્યને વેગવતું કરવા પ્રદેશના જવાબદાર હોદેદારોની સમિતિએ કટિબધ્ધ રહી હિન્દુત્વના કાર્યનો અમલ કરાવવા એવું પણ બેઠકના અંતમાં ચર્ચા કરી હતી.

જેમાં સુરત, બરોડા સહિતના પ્રદેશ સ્તરના હોદેદારો ઉપસ્થિત રહી અગત્યના નિર્ણયો તરફ આગળ વધારવામાં સહમતી દર્શાવી હતી.

# ધ્રોલ નગરપાલિકાના ૭ વોર્ડમાં ભાજપના ૨૮ ફોર્મ ભરાયા

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



ધ્રોલ નગર પાલિકાની ચૂંટણીને લઈ શહેરમાં ભારે રાજકીય ગરમાવો પ્રવર્તી રહ્યો છે. ભાજપે ૧ થી ૭ વોર્ડમાં ૨૮ ફોર્મ ભરાવ્યા છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા ધ્રોલ નગરપાલિકા ચુંટણીમાં નિર્વિવાદ પણે નગરપાલિકાના વોર્ડ ૧ થી નં. ૭ની કુલ ૨૮ ફોર્મ ભર્યા

ધ્રોલ શહેર ખાતે ધ્રોલ નગરપાલિકાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી તરફથી વોર્ડ નંબર એક થી સાત સુધીના ઉમેદવારોએ ફોર્મ ભર્યા ગત ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન હતું વોર્ડ નં. ૪ સુરેશભાઈ ગોસાઈ એ નામાંકન ભર્યું હતુ.

# દ્વારકા જિલ્લાના બે યાત્રાધામોના વિકાસ અર્થે રૂ.૧૮૭ કરોડની ફાળવણી

## યાત્રાળુની સુવિધામા થશે વધારો: પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા તેમજ સાંસદ પુનમબેન માડમના પ્રયાસો રંગ લાવ્યા

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે યાત્રાધામોના વિકાસાર્થે રાજ્ય સરકાર દ્વારા ૧૮૭ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. જેમાંથી યાત્રાધામ દ્વારકા તથા નાગેશ્વર જ્યોતિર્લિંગ વચ્ચે ૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે સીકસલેન હાઈવેનું નિર્માણ કરાશે તેમજ હર્ષદ યાત્રાધામમાં ફોરલેન માર્ગનું નિર્માણ હાથ ધરવામાં આવનાર છે.

દ્વારકા તાલુકામાં દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર જ્યોતિર્લિંગ સહિતના તીર્થધામો, ખંભાળીયામાં પૌરાણિક મહાદેવના મંદિરો, કલ્યાણપુરમાં હરસિદ્ધિ માતાજી તથા ભાણવડમાં શનિદેવ જન્મસ્થાન હાથલા સહિતના



તીર્થધામો હોય દેવોની ભૂમિ ગણાતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચારેય તાલુકાઓમાં મહત્ત્વના ધાર્મિક સ્થળો આવેલાં હોય સરકાર દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિકાસાર્થે સમયાંતરે વિશેષ રકમની ફાળવણી છેલ્લા વર્ષોમાં કરવામાં આવી છે. જે પૈકી હરસિદ્ધિ માતાજી મંદિર તથા નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરના વિકાસના ભાગરૂપે સરકારે ૧૮૭ કરોડ રૂપિયા ફાળવાતાં આ યાત્રાધામોની મુલાકાત લેતાં દરરોજના હજારો યાત્રાળુઓની સુખસુવિધામાં વધારો થશે. રાજ્યના પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ તથા દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક દ્વારા સમયાંતરે કરાયેલા પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા જંગી રકમની ફાળવણી કરી છે.



### દ્વારકા નાગેશ્વર વચ્ચે ૧૨૦ કરોડનો સીકસલેન હાઈવે બનશે

દ્વારકા યાત્રાધામથી માત્ર ૧૬ કિમીના અંતરે દેશાભરમાં આવેલા બાર જ્યોતિર્લિંગ પૈકીનું બારમું નાગેશ્વર જ્યોતિર્લિંગ આવેલ હોય દરરોજ અહી હજારો શિવભકતો નાગેશ દાદાના દર્શનાથે પધારતા હોય નાગેશ્વર જતાં રસ્તાને ૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સીકસલેન ટેકનોલોજી ધરાવતો હાઈવ બનાવવામાં આવનાર છે. ગુજરાતના આ અનોખા હાઈવેના નિર્માણ બાદ યાત્રીકોને ઘણા કિલોમીટર દૂરથી જ નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિર પાસે આવેલી વિશાળ શિવ પ્રતિમાના દર્શન થશે.

### હર્ષદ મંદિરથી હરસિદ્ધિ વન સુધી ફોરલેન રોડ સાથે બ્યુટીફીકેશન

કલ્યાણપુર તાલુકામાં આવેલ પ્રસિદ્ધ શકિતધામ હરસિદ્ધિ માતાજી મંદિરે પણ દરરોજ હજારો માઈભકતો આસ્થા સાથે પધારતા હોય અહી થોડા સમય પહેલા જ બનાવાયેલ હરસિદ્ધિ વનથી હર્ષદ મંદિર વચ્ચેના રોડને ફોરલેન બનાવવામાં આવનાર છે. આ સાથે આ રસ્તા પર બ્યુટીફીકેશન માટે વૃક્ષો, બગીચા, પાર્ક જેવી સુવિધા સાથે સમુદ્ર કિનારે યાત્રીકો પ્રકૃતિનો વિશેષ આનંદ માણી શકે તેવી વ્યવસ્થા પણ બ્યુટીફીકેશન માં ઊભી કરવામાં આવનાર છે.



દેવભૂમિ દ્વારકા જિલ્લાના પી.ડબલ્યુ.ડી. સ્ટેટ કાર્યપાલક ઈજનેર યુ.બી.ચૌધરીએ જણાવેલ કે -નાગેશ્વર રોડ માટે સરકારે ૧૨૦ કરોડ રૂપિયા તથા હરસિદ્ધિ માતાજી મંદિર પાસે ફોરલેન તથા બ્યુટીફીકેશન માટે ૬૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા હોય બન્ને સ્થળોએ સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને ટુંક સમયમાં સરકાર દ્વારા ગ્રાન્ટની ફાળવણી થયે વિકાસકાર્યોને તબકકાવાર આગળ વધારાશે.

### આજે વિશ્વ કેન્સર દિનઃ જાણતા જાણતા આપણે જીવનને જોખમમાં મૂકીએ છીએ?

# ન હોય...! ભાઈઓ તો ઠીક ૨૦ વર્ષમાં મહિલાઓમાં ‘મુખ- કેન્સર’નું પ્રમાણ ૧૪૮% વધ્યું

## ૨૦૦૫માં મહિલાઓના મુખ- કેન્સરના ૩૭૯ કેસો હતા જે ૨૦૨૪ સુધીમાં વધીને ૧,૦૦૦ સુધી પહોંચ્યા

**અબતક, રાજકોટ**

આજે વિશ્વભરમાં કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેનું મુખ્ય હેતુ વૈશ્વિક સ્તરે જાગૃતિ લાવવા, તેના નિવારણ શોધ અને સારવારને પ્રોત્સાહન આપવા સહિત કેન્સર સામે લડવાનો છે. વર્ષ ૨૦૦૦માં યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ દ્વારા શરૂ કરાયેલ આ પહેલ કેન્સર દ્વારા ઉભા થયેલ પડકારોનો સામનો કરવા માટે વિશ્વભરમાં વ્યક્તિઓ, સમુદાયો અને સંગઠનને એકત્રિત કરી કાર્ય કરી રહ્યું છે.

ત્યારે ગુજરાતમાં મહિલાઓના મુખ કેન્સર ને લઈ ચિંતાજનક આંકડો સામે આવ્યો છે. જેમાં ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) ના ડેટા અનુસાર, એક સમયે મહિલાઓ માટે અતિ દુર્લભ ગણાતા સ્ત્રીઓમાં મોઢાના કેન્સરના કેસમાં ચિંતાજનક વધારો સામે આવ્યો છે. જેમાં છેલ્લા બે દાયકામાં ધરખમ વધારો નોંધાયો છે. ૨૦૦૫ માં મોં, જીભ, પેઢા અને ગળા જેવા સ્થળોને લગતા ૩૭૯ કેસ હતા, જે ૨૦૧૯ સુધીમાં વધીને ૯૪૧ થઈ ગયા - જે ૧૪૮% નો વધારો દર્શાવે છે. આ સાથે ૨૦૨૪ સુધીમાં આ કેસ વાર્ષિક ૧,૦૦૦ સુધી પહોંચી ગયા હતા.

ત્યારે આ અંગે GCRIના ડિરેક્ટર દ્વારા જણાવ્યા અનુસાર, ગુજરાતમાં મહિલાઓમાં ધૂમ્રપાનના કેસોમાં વધારો થવા પાછળનું મુખ્ય કારણ ધૂમ્રપાન અને મસાલા બંને સ્વરૂપોમાં તમાકુનું સેવન છે. પુરુષોમાં

(અનુ. આઠમા પાને)

### કેન્સરને લગતી માન્યતાઓ

કેન્સર ઘણીવાર એવી માન્યતાઓ અને નિષેધથી ઘેરાયેલું હોય છે જે ભય અને ખોટી માહિતી પેદા કરે છે. કેટલાક માને છે કે કેન્સર હંમેશા જીવલેણ હોય છે, પરંતુ વહેલા નિદાનથી ઘણા પ્રકારોનો ઈલાજ શક્ય છે. ત્યારે તે વિષે જાગૃતિ અને વૈજ્ઞાનિક તથ્યો ફેલાવવાથી આ ગેરમાન્યતાઓનો સામનો કરવામાં મદદ મળે છે, વહેલા તપાસ, યોગ્ય સારવાર અને દર્દીઓ અને બચી ગયેલા લોકો માટે વધુ સારો ટેકો મળે છે. જ્ઞાન સશક્ત બનાવે છે, ખોટી માન્યતાઓ નુકસાન પહોંચાડે છે! ત્યારે વહેલાસર તપાસ અને યોગ્ય સારવાર જરૂરી છે. કૌટુંબિક ઈતિહાસ, સકારાત્મક વિચારસરણી અને ઉંમર ફક્ત કેન્સરના પરિણામો નક્કી કરતી નથી. તેમજ કેન્સર ચેપી નથી. આ સાથે આવી દંતકથાઓ અને માન્યતાઓ બિનજરૂરી ચિંતા પેદા કરી શકે છે. ત્યારે આ અંગે જાગૃતિ ફેલાવવી અને નિષ્ણાંતોની સલાહ લેવી એ નિવારણ અને વધુ સારા (અનુ. આઠમા પાને)


### ‘યુનાઈટેડ બાય યુનિક’ની થીમ સાથે વિશ્વ કેન્સર દિવસની ઉજવણી

દર વર્ષે આજના દિવસે વિશ્વ કેન્સર દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે, તેની થીમ ‘યુનાઈટેડ બાય યુનિક’ રાખવામાં આવી છે, જે વ્યક્તિગત સારવારના મહત્વ અને ચોક્કસ જૂથોની ચોક્કસ જરૂરિયાતો પર ભાર મૂકે છે. આ થીમ કેન્સરની સંભાળ માટે લોકો-કેન્દ્રિત અભિગમ પર ભાર મૂકે છે, વ્યક્તિઓ અને તેમની વાતચીતને કેન્દ્રમાં રાખે છે. તે સ્વીકારે છે કે જ્યારે કેન્સર વિશ્વભરમાં લાખો લોકોને અસર કરે છે, ત્યારે દરેક વ્યક્તિનો અનુભવ અનન્ય છે, અને વ્યક્તિગત સંભાળ આવશ્યક છે. આ ઝુંબેશનો હેતુ દરેક વ્યક્તિની ચોક્કસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કેન્સરની સારવારને અનુરૂપ બનાવવાના મહત્વને પ્રકાશિત કરવાનો છે. આ ઝુંબેશ વિશ્વભરમાં કેન્સર સંભાળ અને આરોગ્ય પ્રણાલીઓમાં લોકો-કેન્દ્રિત અભિગમ તરફ મૂળભૂત પરિવર્તન લાવવાનું આહ્વાન કરે છે.

### ‘ડ્રોન દીદી’ની કમાલ !!!

# ૨૦૬થી વધુ મહિલાઓએ કરી ડ્રોન દ્વારા ખેતરોમાં દવા છંટકાવ થકી લાખોની કમાણી !!!

## ગુજરાતની ૫૮ ડ્રોન દીદીએ માત્ર ૯ માસમાં જ ૮,૦૦૦ એકરથી વધુ જમીનમાં ડ્રોનથી દવાનો છંટકાવ કર્યો: રૂ. ૨૪.૬૬ લાખથી વધુની આવક મેળવી: રાઘવજીભાઈ પટેલ



**અબતક, રાજકોટ**

ભારતમાં ખેત પદ્ધતિઓને ટેક્નોલોજીના સહારે સમૃદ્ધ બનાવીને દેશનો ખેડૂતો વધુ આવક મેળવતો થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અનેકવિધ નવતર પહેલ કરી છે. ખેડૂતોની સાથે-સાથે જ ગ્રામ્ય વિસ્તારની બહેનો પણ પગભર થઈને સ્વનિર્ભર બની શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાનએ નમો ડ્રોન દીદી



યોજનાની પ્રેરણા આપી હતી. નમો ડ્રોન દીદી યોજના એ મહિલા સશક્તિકરણ અને કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવવાની એક મહત્વકાંક્ષી પહેલ છે. જેનો લાભ મેળવીને આજે ગ્રામ્ય વિસ્તારની અનેક મહિલાઓ ડ્રોન દીદી બની છે.

ગુજરાત નમો ડ્રોન દીદી યોજનાની અમલીકરણમાં પણ અગ્રીમ હરોળના રાજ્ય પૈકીનું એક છે. ગુજરાતમાં અત્યારે સખી મંડળો સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની ૫૮ મહિલાઓએ ડ્રોન દીદી બનીને પોતાની આવકનો નવો સ્ત્રોત ઉભો કર્યો છે. ગુજરાતની આ ૫૮ ડ્રોન દીદીઓએ માત્ર ૯ માસના

(અનુ. આઠમા પાને)

# અમરેલી લેટર કાંડની તપાસ હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં કરાવો દિલીપ સંઘાણી

## પોતાના સહિત બે ચાર લોકોના નાર્કોટેસ્ટ કરાવવા પણ ઈફકોના ચેરમેનની માંગણી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી લેટરકાંડની તપાસ ગુજરાત હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં કરાવવા અને પોતાની સહિત બેથી ચાર લોકોના નાર્કોટેસ્ટ કરાવવાની માંગણી ભાજપના દિગ્ગજ નેતા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કરી છે. અમરેલી લેટર કાંડમાં પોતાનું નામ ઉછળતા ભાજપના દિગ્ગજ નેતા દિલીપભાઈ સંઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. જેમાં અમરેલી લેટર કાંડની હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં તપાસ કરવા માંગ કરી છે. તેમણે કહ્યું કે, આ બાબત અત્યંત ગંભીર કહી શકાય.

અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ દાખલ કરી હતી. તેમાં અમરેલી પોલીસ દ્વારા અમરેલી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મનિષભાઈ વઘાસીયા, એક મહિલા સહિત કુલ ૪ વ્યક્તિની ધરપકડ કરાઈ હતી. અને જયારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેઓને માર મારી કિશોરભાઈ કાનપરીયાના કહેવાતા આ પત્ર લખાવવા માટે મારું તથા અન્ય ભાજપા આગેવાનના નામ આપવા દબાણ કરાયું હતું



તેવી હકીકત મનિષભાઈ વઘાસીયાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. જે મેં મીડિયાના માધ્યમથી જોયું હતું. જે અત્યંત ગંભીર બાબત કહી શકાય. અમરેલી પોલીસે પોતાની જાતે, પોલીસના કોઈ ઉચ્ચ અધિકારી અથવા તો કોઈ રાજકીય પદાધિકારીના કહેવાથી આ કાર્યવાહી કરી હોઈ શકે તેમ મારુ માનવું છે. વધુમાં જણાવતાં કહ્યું હતું કે કોઈ સામાન્ય વ્યકિતના ઈશારે પોલીસ આ પ્રકારનું કૃત્ય ન જ કરે. આ કેસમાં કહેવાતા સાચા કે ખોટા પત્ર સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ બાબતે સત્ય બહાર લાવવા માટે હું પોતે નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર છું, તેમજ ફરિયાદી અને આ કેસ સાથે જોડાયેલા અન્ય ૨-૪ વ્યક્તિના પણ નાર્કો ટેસ્ટ થવા જોઈએ જેથી વાસ્તવિક હકીકત સુધી પહોંચવામાં સરળતા રહે. સરકાર પોલીસની ગેરકાયદેસર રાત્રે મહિલાની ધરપકડ છાવરે છ તે હકીકત ખોટી છે. સરકાર સત્ય બહાર લાવવા તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી કરાવી રહી છે તે હકીકતની લોકોને પ્રતીતિ કરાવવી પણ જરૂરી છે. જે ગંભીરતાને જોતાં આ કેસની તપાસ હાઈકોર્ટના સીટિંગ અથવા નિવૃત્ત જજ દ્વારા

(અનુ. આઠમા પાને)

# રાજકોટ તરફ આવતો દારૂનો ટ્રક ભીલાડ નજીકથી ઝડપી લેતી એસએમસી

## રૂ. ૭૧.૧૦ લાખની શરાબની ૧૦,૪૮૭ બોટલ સાથે રાજસ્થાની ચાલકની ધરપકડ

## ગોઆથી રાજસ્થાની શખ્સે મોકલેલો દારૂ સહિત રૂ. ૯૧.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વધુ એકવાર મોટો શરાબનો જથ્થો ઝડપી પાડ્યો છે. રાજકોટના બુટલેગરે મંગાવેલો દારૂ ભરેલો ટ્રક એસએમસીએ મુંબઈ-વાપી હાઈવે પર ભીલાડ નજીકથી રૂ. ૭૧.૧૦ લાખની કિંમતની શરાબ લણી ૧૦,૪૮૭ બોટલ સાથે રાજસ્થાની ટ્રક ડ્રાયવરની ધરપકડ કરી લીધી છે. જયારે રાજકોટના બુટલેગર સહીત ત્રણ શખ્સોંની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પાડેલા દરોડા અંગેની મળતી વિગત મુજબ દારૂ-જુગારની બદી ડામવા એસએમસીની ટીમ સતત પ્રયત્નશીલ હોય દરમિયાન એસએમસી પીએસઆઈ એસ વી ગળચર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગોઆ ખાતેથી દારૂનો જથ્થો ભરી એક ટ્રક રાજકોટ તરફ જઈ રહ્યો છે. જે બાતમી મળતાની સાથે જ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી પીએસઆઈ એસ વી ગળચરની ટીમે મુંબઈ-વાપી હાઈવે પર ભીલાડ નજીક વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમીવાળો શંકાસ્પદ ટ્રક પસાર થતાં તેને અટકાવી ડ્રાયવરની પૂછપરછ કરતા તેણે પોતાની ઓળખ સુરેશ ડેરમાંરામ પાનવાર(બિશ્નોઈ) રહે. સંગરવા ગામ, જાલોર, રાજસ્થાનવાળા તરીકે આપી હતી.

જે બાદ ટ્રકની જડતી કરવામાં આવતા મેગીના કવરિંગ બોકસની આડમાં છુપાવેલો



શરાબનો જંગી જથ્થો મળી આવ્યો હતો.

બાદમાં એસએમસીને ટીમે ચાલકની અટકાયત કરી ટ્રક કબ્જે કરી શરાબની બોટલની ગણતરી કરાવતા ટ્રકમાંથી કુલ ૧૦,૪૮૭ બોટલ જેની કિંમત રૂ. ૭૧,૧૦,૧૮૬નો શરાબ મળી આવ્યો હતો. એસએમસીએ દારૂ, બે મોબાઈલ, મેગીના ૨૫૦ કવરિંગ બોક્સ અને ટ્રક મળી કુલ રૂ. ૯૧,૪૨,૭૭૬નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ડ્રાયવરની પ્રાથમિક પૂછપરછ કરવામાં આવતા આ શરાબનો જથ્થો રાજકોટ ખાતે લઈ જવાનો હતો અને રાજકોટના કોઈ બુટલેગરે જથ્થો મંગાવ્યો હતો

જયારે રાજસ્થાનના જાલોર જિલ્લાના વતની શ્રવણ જંગુ બિશ્નોઈએ જથ્થો ગોઆ ખાતેથી મોકલ્યો હતો. ત્યારે એસએમસીએ રાજકોટના બુટલેગર, રાજસ્થાની સપ્લાયર અને તેના નોકર એમ કુલ ત્રણ શખ્સોંની શોધખોળ શરૂ કરી છે.

# જૈન તીર્થ પાલીતાણાને જોડતા રસ્તાઓનાં નિર્માણ માટે રૂ.૫૨ કરોડ ફાળવાયા

## પદયાત્રીકો અને દર્શનાર્થીઓની સુવિધામાં થશે વધારો

**અબતક, રાજકોટ**

જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને જોડતા રસ્તાઓના નિર્માણ અને વિકાસ માટે રૂ. ૫૨ કરોડ મંજૂર કરવામા આવ્યા છે. રાજ્યના પ્રવાસન-યાત્રાધામોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના હેતુસર પાલીતાણા માટે કુલ રૂ. ૯૨.૦૭ કરોડ મંજૂર કરાયા છે. પાલીતાણા તીર્થમાં આવતા પદયાત્રીઓ અને દર્શનાર્થીઓને વધુ સુલભ અને સલામત રોડ નેટવર્ક મળશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ જૈન તીર્થ પાલીતાણા ને જોડતા ૮૦૦ મીટર લંબાઈના માર્ગોના નવીનીકરણ તથા પૂલોના નવા કામો માટે રૂ. ૫૧.૫૭ કરોડ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીએ તાજેતરમાં રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના વિવિધ કામો માટે કુલ રૂ. ૨૨૬૯ કરોડ ફાળવ્યા છે.

આ હેતુસર જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને તે રકમમાંથી ૪૦.૫૦ કરોડ રૂપિયા ૨૪.૯૦ કિ.મી લંબાઈના ૬ રસ્તા અને પૂલોના કામો માટે મંજૂર કરવામાં આવેલા છે.

હવે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૫૧.૫૭ કરોડ રૂપિયા પાલીતાણાને જોડતા ૮૦૦ મીટરના માર્ગો પર નવા રસ્તા, પુલો માટે મંજૂર કર્યા છે.

જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને સુદ્રઢ અને સુવિધાયુક્ત રોડ કનેક્ટિવિટી પૂરી પાડવા મુખ્યમંત્રીશ્રીએ સમગ્રતયા ૨૫.૭૦ કિ.મી. માર્ગો માટે કુલ રૂ. ૯૨.૦૭ કરોડ અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે.

(અનુ. આઠમા પાને)


# કડીના ભાજપના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું નિધન

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે શ્રદ્ધાંજલી અર્પણ કરી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ફરી એકવાર ખંડિત થઈ છે. મહેસાણા જિલ્લાની કડી વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું આજે સવારે નિધન થતાં ભાજપમાં શોકનો માહોલ છવાય ગયો છે. મુખ્યમંત્રછ ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળ શકિત મંત્રી ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલે ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ માં યોજાયેલી વિધાનસભાની સામાન્ય ચુંટણીમાં કરશનભાઈ પુંજાભાઈ સોલંકી કડી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી ધારાસભ્ય તરીકે ચૂંટાય આવ્યા હતા. તેઓ સમગ્ર વિસ્તારમાં ‘કાકા’ ના હુલામણા નામથી ખુબ જ જાણીતા હતા. તેઓ પોતાની પાછળ પુત્ર પિયુષ સોલંકીને વિલાય કરતા છોડી ગયા છે. આજે સવારે ૧૦.૩૦ કલાકે



તેઓના કડી સ્થિત નિવાસ સ્થાને તેમનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો તથા સમર્થકો ઉમટી પડયા હતા. તેઓની અંતિમ વિધી વતન નગરાસણ ખાતે કરવામાં આવી હતી. જેમાં વિવિધ પક્ષના મહાનુંભાવો જોડાયા હતા.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શકિત મંત્રી સી.આર. પાટીલે ધારાસભ્ય કરશનભાઈ સોલંકીના અવસાનથી ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી હતી. તેઓએ શ્રદ્ધાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું કે, કરશનભાઈના અકાળે અવસાનથી હું ખુબ જ વ્યથિત છું.

ઈશ્વર એમના દિવંગત આત્માને શાંતિ પ્રદાન કરે અને પરિવારજનોને આ આધાત સહન કરવાની શકિત આપે વી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના તેઓના સેવા કાર્યોની સુગંધ સદાય ચોમેર પ્રસરતી રહેશે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ કરશનભાઈને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. વિધાનસભા ફરી એક વાર ખંડિત થઈ છે. મંત્રી મંડળના તમામ સભ્યોએ પણ પુષ્પાંજલી અર્પી હતી.

# ગુજરાતને કેન્દ્રીય બજેટમાં રેલવે માટે રેકોર્ડ બ્રેક રૂ. ૧૭૧૫૫ કરોડની ફાળવણી

## ૨૦૧૪ પહેલા ગુજરાતને રેલવે બજેટમાં કરતી ફાળવણીથી ૨૯ ગણી વધુ ફાળવણી કરાઈ: ૮૭ નવા સ્ટેશનો બનાવી મુસાફરોની સુવિધા વધારાશે: રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ


**અબતક, રાજકોટ**

કેન્દ્રીય બજેટમાં દેશના વિવિધ રાજ્યોને વિવિધ ક્ષેત્રોમાં ફાળવણી કરવામાં આવી છે. જેમાં રેલવે પણ સામેલ છે. આ અંગે વર્ચ્યુઅલ પત્રકાર પરિષદને સંબોધતા રેલ મંત્રી અશ્વિની વૈષણવે વિવિધ ઝોનને ફાળવવામાં આવેલા બજેટ અંગે જાણકારી આપી હતી.

રેલવે બજેટ અંતર્ગત ગુજરાતને વિક્રમી રૂ.૧૭૧૫૫ કરોડ આપવામાં આવ્યા છે. આ ફાળવણી માથી નવા સ્ટેશન, નવા ટ્રેક અને માળખાકીય સુવિધામાં વધારો કરી મુસાફરીને સુલભ બનાવાશે, એમ તેમણે ઉમેર્યું હતું

વધુ માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨,૭૩૯ કિમીના નવા ટ્રેકનું નિર્માણ થયું છે, જે ડેન્માર્કના સમગ્ર રેલવે નેટવર્ક કરતા પણ વધારે છે. તેમજ ગુજરાતમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૩,૧૪૪ કિ.મી. ૯૭ ટકા વિદ્યુતીકરણ થયું છે. હાલમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સમાં ૪૨ પ્રોજેકટસ છે. જેની લંબાઈ ૨,૯૪૮ કિમી અને અંદાજિત ખર્ચ ૩૦,૮૨૬ કરોડ થશે.

રૂ. ૬,૩૦૩ કરોડના ૮૭ અમૃત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, અસારવા, બારડોલી, ભચાઉ, ભક્તિનગર, ભાણવડ, ભરૂચ, ભાટિયા, ભાવનગર, ભેસ્તાન, ભીલડી, બીલીમોરા જે.એન., બોટાદ જે.એન., ચાંદલોડિયા, ચોરવાડ રોડ, ડભોઈ જં., દાહોદ, ડાકોર, દેરોલ, ધ્રાગધ્રા, દ્વારકા, ગાંધીધામ, ગોધરા જે.એન., ગોંડલ, હાપા, હિંમતનગર, જામ જોધપુર, જામ વંથલી, જામનગર, જૂનાગઢ જે.એન., કલોલ જે.એન., કાનાલુસ જે.એન., કરમસદ,



કેશોદ, ખંભાળીયા, કીમ, કીમ, કોસંબા જે.એન., લખતર, લીંબડી, લીમખેડા, મહેમદાવાદ ખેરા રોડ, માહેસ્ના જે.એન., મહુવા, મણિનગર, મીઠાપુર, મીયાગામ કરજણ જે.એન., મોરબી, નડિયાદ જે.એન., નવસારી, ન્યુ ભુજ, ઓખા, પડધરી, પાલનપુર જે.એન., પાલીતાણા, પાટણ, પોરબંદર, પ્રતાપનગર, રાજકોટ જંકશન, રાજુલા જે.એન., સાબરમતી બી.જી., સાબરમતી એમ.જી., સચીન, સામખિયાળી, સંજાણ, સાવરકુંડલા, સાયન, સિધ્ધપુર, સિહોર જં, સોમનાથ, સોનગઢ, સુરત, સુરેન્દ્રનગર, થાન, ઉધના, ઉદવાડા, ઉમરગામ રોડ, ઊંઝા, ઉધના, ઉત્તરાણ, વડોદરા, વાપી, વટવા, વેરાવળ, વિરમગામ, વિશ્વામિત્રી જે.એન., વાંકાનેરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ સ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક પૂર્ણ, ફિનિશિંગનું કામ પ્રગતિમાં છે, ટેરેસ લેવલ પાણીની ટાંકીનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સેકન્ડ એન્ટ્રી સ્ટેશન બિલ્ડિંગ પર કામ ચાલી રહ્યું છે. ઉચ્ચ છત સ્તંભ ઉત્થાન અને ગર્ડર લોંચિંગ પ્રગતિમાં છે. કોનકોર્સ અને એફઓબીનું ફાઉન્ડેશન અને કોલમ કાસ્ટિંગ પ્રગતિમાં છે .. સ્કાયવોક કોલમ ઈરેક્શન, ગર્ડર લોંચિંગ, નવા સીઓપી ફાઉન્ડેશન અને પીએફ ફલોરિંગને જોડતી એનએચએસઆરસીએલ પર કામ ચાલી રહ્યું છે.

પૂર્વ અને પશ્ચિમ તરફના મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ પર કામ પ્રગતિમાં છે. કોન્કોર્સ ફાઉન્ડેશન પૂર્ણ થયું અને કોલમ કાસ્ટિંગ ચાલુ છે. લોઅર લેવલ બેઝમેન્ટ પાર્કિંગ, નવા સીઓપી અને પ્લેટફોર્મ સરફેસિંગ પર કામ ચાલી રહ્યું છે.

સેકન્ડ પ્રવેશ સ્ટેશન મકાન

(અનુ. આઠમા પાને)